સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

એપ્રિલ, ૨૦૨૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

## ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રાગટ્યોત્સવે વિનમ્ર વંદના



ઓસ્ટ્રેલિયાની ધરતી પર શોભતા

## તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી





ઑસ્ટ્રેલિયાના સિડની મહાનગર ખાતે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વિશાળ ભૂમિ પર આકાર લઈ રહેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પરિસરમાં તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની ૪૯ ફૂટ ઊંચી ધાતુમૂર્તિની પ્રતિષ્ઠા કરી રહેલા સ્વામીશ્રી. (નીચેઃ) મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સિડનીમાં બી.એ.પી.એસ. મંદિરના નવનિર્મિત પરિસરના પ્રાંગણમાં હજારો હરિભક્તોની મેદની વચ્ચે ઊજવાયો રંગોત્સવ.



# પ્રેમે પ્રગટ્યા રે, સૂરજ સહજાનંદ અધર્મ અંધારું ટાળિયું...


૩. સંપાદકીય

૪. વ્હાલી લાગે જેને લીંબડાની છાયા... લિંબતરુ તળે બિરાજતા ભગવાન શ્રી સ્વામિનારાયણ
- ડૉ. વી. પી. રાવલ (અમરેલી)

૧૦. આધ્યાત્મિક ક્રાંતિના આદિત્ય શ્રી સહજાનંદ સ્વામી
-સાધુ યોગેન્દ્રદાસ

૧૫. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા
મેલબર્નમાં સ્વામીશ્રી... (૧૬)
સિડનીમાં સ્વામીશ્રી... (૨૪)

૩૩. ઓસ્ટ્રેલિયાના સનશાઈન કોસ્ટ શહેરમાં યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

૩૪. નૂતન ૧૪ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા

૪૧. બ્રિટનની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં યોજાયો સત્સંગદીક્ષા અંગે પરિસંવાદ

૪૨. અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરે પધાર્યા મહાનુભાવો

૪૩. મુંબઈના રાજભવનમાં પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીનું બહુમાન

૪૪. સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ બુકનું અનાવરણ

૪૯. દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામમાં દર્શને ન્યૂઝીલેન્ડના વડાપ્રધાનશ્રી

૫૦. અક્ષરવાસ


ચૈત્રી નવરાત્રીના પવિત્ર દિવસોમાં ભારતના ખૂણે ખૂણે શ્રીરામચરિતમાનસની પંક્તિઓ ગુંજે છે. ઠેર ઠેર ઉત્તર ભારતીય પરંપરા મુજબ ભારતીય નવ વર્ષની વધાઈઓ અપાઈ રહી છે. એવા સમયે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણનું પણ મંગલ સ્મરણ કરીને કરોડો લોકો તેમનાં ચરણે જન્મ જયંતી પર્વે તેમની વંદના કરી રહ્યા છે. કારણ કે તેઓ પણ પવિત્ર ચૈત્રી નવમીએ આ વસુંધરા પર અવતર્યા છે.

પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ એટલે કરુણાની એક અવિરત વહેતી ગંગાધારા. જેમનો જન્મ માનવ માત્રના ઉત્કર્ષ માટે થયો છે, જેમણે અનંત જીવોના કલ્યાણની એક મહાન પરંપરાની જ્યોત પ્રગટાવી છે, જેમણે સનાતન વૈદિક ધર્મના ઉત્કર્ષ માટે એક દિવ્ય ચેતના જગાવી છે, એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે મહાત્મા ગાંધીજીએ એકવાર કહેલું: 'જે કાર્ય રાજદંડ નથી કરી શક્યો અને ક્યારેય નહીં કરી શકે તેવું કાર્ય સહજાનંદ સ્વામીએ કર્યું છે.' ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા સદાચારના શાશ્વત બોધ અંગે શ્રી સરદાર પટેલે કહેલું: 'જો ભારતના બધા જ નાગરિકો શિક્ષાપત્રીનું પાલન કરે તો કોર્ટ-કચેરીની આવશ્યકતા જ ન રહે.' જન જનના ઉદ્ધારક અને ભારતની સનાતન આધ્યાત્મિક પરંપરાના તેજસ્વી સૂર્ય સમાન ભગવાન શ્રી સ્વામિનારાયણને અંજલિ અર્પતાં મુક્તાનંદ સ્વામીએ ગાયું છે: 'પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું...' ભગવાન શ્રી સ્વામિનારાયણનાં એ અનંત તેજરશ્મિઓનું આજેય વહન થઈ રહ્યું છે - તેમના ગુણાતીત અનુગામી મહંત સ્વામી મહારાજ દ્વારા. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્ય જીવન, કાર્ય અને સંદેશનું તેઓ મૂર્તિમંત સ્વરૂપ છે. એવા સદા પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૪૫મા પ્રાગટ્ય દિને, ચૈત્ર સુદ નવમીએ, કોટિ કોટિ વંદન...


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૭, અંક : ૪,**

**એપ્રિલ, ૨૦૨૫**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ


સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક :** સાધુ કેશવજીવનદાસ સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી :** સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો :** સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો :** સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ :** રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ :** રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ :** £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



# વ્હાલી લાગે જેને લીંબડાની છાયા...

## લિંબતરુ તળે બિરાજતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

■ ડૉ. વી. પી. રાવલ (અમરેલી)

હિન્દુ ધર્મમાં ચૈત્ર માસનું અનેરું ધાર્મિક મહત્ત્વ છે, જેમાં ચૈત્રી-નવરાત્રી, શ્રી રામનવમી, શ્રી સ્વામિનારાયણ જયંતી ગૂડી પડવો જેવા ધાર્મિક ઉત્સવોની ઉજવણી થાય છે. આ મહિનામાં ચૈત્રી નવમીએ પ્રગટેલા પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની પવિત્ર સ્મૃતિ સાથે એમના સહજ પ્રિય લીંબડાના વૃક્ષની પણ ચૈત્ર માસે અહીં સ્મૃતિ કરવી છે.

ચૈત્ર માસમાં લીંબડાનાં વૃક્ષો પૂર-બહારમાં ખીલ્યાં હોય છે. લીંબડો એની કડવાશ માટે જેટલો પ્રખ્યાત છે, એટલો જ એના ગુણો માટે પણ મશહૂર છે. એના આરોગ્યલક્ષી ગુણો અને એની ઉપયોગિતા જોઈ જનસમુદાય એની કડવાશ ભૂલી જાય છે.

આખા દેશમાં લગભગ બધી જ જગ્યાએ આ વૃક્ષ જોવા મળે છે. લીંબડો ઘરની, ફળિયાની, શેરીઓની, પાદરની, ખેતર-વાડીઓની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

રસ્તાની બંને બાજુ લહેરાતા લીંબડાઓ જોઈ કોઈ કવિએ ગાયું છે :

*‘ત્યાં ખીલે છે ખુમારી, પથ-પથ લહેરે લીંબડા શાંતિ દેતા.’*

લીંબડાને જનસમાજ નિરુપદ્રવી વૃક્ષ તરીકે જુએ છે. આ વૃક્ષ ગમે તેવી જમીનમાં, ઓછા પાણીએ, દેખભાળ વિના ઊગી જતું વૃક્ષ છે. લીંબડાને આયુર્વેદાચાર્યો કલ્પવૃક્ષ પણ કહે છે. એનું વૈજ્ઞાનિક નામ આઝાડીટીકટા ઇન્ડિકા છે. જુદી-જુદી ભાષામાં એનાં થોડાં નામો જોઈએ.

સંસ્કૃતમાં : નિમ્બતરુઃ

મરાઠીમાં : નીમ્બા

મલયાલમમાં : આર્યવેપ્પુ

હિન્દી, ઉર્દૂ, બંગાળીમાં : નીમ

અંગ્રેજીમાં : નીમ ટ્રી

પૂર્વ આફ્રિકાની સ્વાહિલી ભાષામાંઃ મૌરબેની. જેનો અર્થ થાય છેઃ ૪૦ રોગોનો અક્સીર ઇલાજ કરતું વૃક્ષ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં લીંબડો લિંબતરુ તરીકે વિખ્યાત છે. વડ, લીંબડો, પીપળો, ખાખરો, ઉંબર, નાદરૂખ, બીલી, તુલસી – આ બધાં અંદરોઅંદર મિત્રો ગણાય છે, જે વાતાવરણમાં વધારેમાં વધારે ઑક્સિજન આપતાં વૃક્ષો-છોડ ગણાય છે. વૈજ્ઞાનિક રીતે પુરવાર થયું છે કે એક લીંબડાનું ઝાડ એ.સી.ની ગરજ સારે છે. જીવતા જાગતા આ એ.સી. નીચે ઉનાળામાં આજુબાજુના વાતાવરણ કરતાં ઉષ્ણતામાન નીચું હોય છે. ગામને ગોંદરે ચૈત્ર-વૈશાખના તપેલા દનૈયાઓમાં લીંબડા નીચે ઢોલિયો નાંખીને સૂતેલી કોઈ વ્યક્તિનું સુખ ઈર્ષા પ્રેરે એવું હોય છે. લીંબડાનું આયુષ્ય આશરે ૨૫૦-૩૦૦ વર્ષોનું હોય છે. લીંબડાનું નિયમિત સેવન કરવાવાળાનું આયુષ્ય પણ લાંબું થાય છે.

ડૉ. યાનપીગ(ચીનના વન સંરક્ષણ અકાદમીના વૈજ્ઞાનિક)એ જણાવ્યું છેઃ તેમના દેશે છેલ્લાં પાંચ વર્ષમાં ૨૨૦ લાખ લીંબડાનાં વૃક્ષો વાવ્યાં છે. તેની સામે ભારતમાં ૨૦૦ લાખ લીંબડાનાં વૃક્ષો છે.

મક્કા-મદીના જતાં અરાફતના મેદાનમાં ભારતના કુળના હજારો લીંબડાઓ વાવવામાં આવ્યા છે, જેથી હજયાત્રીઓને રણપ્રદેશમાં પણ ઠંડક મળતી રહે.

ભૂતકાળમાં વિશ્વ-વનદિન ઊજવવામાં આવ્યો હતો ત્યારે નિમ્બવૃક્ષને અગ્રિમ સ્થાન આપવામાં આવ્યું હતું. વૈજ્ઞાનિકોએ લીંબડાને ‘મૅડિસિન ટ્રી ઓફ ઇન્ડિયા’ કહી બિરદાવ્યું છે. તો કોઈએ Air Purifire - હવા શુદ્ધ કરનાર વૃક્ષ કહ્યું છે.

લીંબડાનું ફળ લીંબોળી કહેવાય છે, લીંબોળી કાગડાઓને ખૂબ પ્રિય હોવાથી તેને ‘કાકપ્રિય’ અથવા ‘કાકફળ’નું રૂપાળું નામ પણ આપવામાં આવ્યું છે.

લીંબોળી ગ્રામીણ બાળકોમાં પણ લોકપ્રિય છે. લીંબોળીનો ઠળિયો (બીજ) પક્ષીઓની હગારમાં આખેઆખો નીકળે છે, એટલે લીંબડાના વૃક્ષનો ફેલાવો સહજ રીતે થઈ ગયો છે. જાણે *વસુધૈવ કુટુમ્બકમ્* - વિશ્વ આખું મારું કુટુંબ છે એવી જીવન ભાવના લિંબવૃક્ષ દૃઢાવી રહ્યું છે.

લીંબડાની કડવાશ જેવી હોય છે, એવી જ એની લીંબોળી મીઠી હોય છે, આ એક વિચિત્રતા છે. એ જોઈ કોઈ કવિએ ગાયું છે.

*ચિત્રં ચિત્રં બત મહદહો, ચિત્રમેતદ્ધિ ચિત્રં*
*યત્સંજાતો હ્યુચિતઘટના, સંવિધાતા વિધાતા।*
*યન્નિમ્બાનાં પરિણતફલ-સ્ફીતિરાસ્વાદનીયા*
*યચ્ચૈતસ્યાઃ કવલનકલાકોવિદઃ કાકલોકઃ॥*

**અનુવાદ :** આ તે કેવું અચરજ, વિચિત્રમાં વિચિત્ર, કેવી કીધી અજબ રચના, વિશ્વના ઓ વિધાતા! લીંબોળીનાં ફૂલ અતિ કડવાં હોય પણ તેમાંથી ફળ પાકતાં, તે થાય મીઠાં, ને આ ભેદી રસસભર કલા કાગડા માત્ર જાણે!

લીંબડાના ત્રણ પ્રકાર છેઃ (૧) કડવો લીંબડો, (૨) બકમ લીંબડો, (૩) મીઠો લીંબડો.

## (૧) લીંબડો અને રસોઈઘર

કડવો અને મીઠો લીંબડો સુવિખ્યાત છે. મીઠા લીંબડાને રસોઈઘરનો લીંબડો અથવા કઢીપત્તાં પણ કહેવામાં આવે છે. રસોઈનાં વ્યંજનોમાં સુગંધ આપવા અને ઔષધીય માત્રા આપવા માટે એનો ઉપયોગ થાય છે.

લીંબડા વગરની કઢી એ કઢી ગણાતી નથી. રસોઈના

ખરે ટાંકણે મીઠો લીંબડો ન હોય, તો બાજુના ફળિયેથી મીઠો લીંબડો પૂછ્યા વગર તોડી આવવાનો રિવાજ હમણાં સુધી ચાલુ હતો.

સ્વામિનારાયણ ભગવાને લોયામાં શાકોત્સવ કર્યો. પોતે શાક બનાવતા હતા. રસોઈની ચૂલો ઘટાદાર લીંબડા નીચે હતી. મહારાજને ટાંકણે શાકમાં લીંબડો નાંખવાનું યાદ આવ્યું. મહારાજે લિંબવૃક્ષ ઉપર નજર કરી અને એની એક ડાળમાંથી થોડાં પાંદડાં તોડી શાકમાં નાંખ્યાં. કડવા લીંબડાનાં પાન મીઠાં થઈ ગયાં! સ્વામિનારાયણ ભગવાને લીંબડાની જે ડાળ ઉપરથી લીંબડાનાં પાન તોડ્યાં હતાં તે ડાળ 'મીઠી ડાળ' તરીકે પ્રખ્યાતિ પામી હતી.

મીઠા લીંબડાને દક્ષિણ ભારતની સુગંધ કહેવાય છે. મસાલા ઢોંસા, સંભાર, રસમ, ટોપરાંની ચટણી, મેંદુવડાં, પૌંઆ તથા કઢીની કલ્પના લીંબડાનાં પાન વગર થઈ શકતી નથી. ભલે આપણે એ જ લીંબડાનાં પાન વ્યંજનોમાંથી કાઢી જમવાની થાળીમાં બાજુ પર મૂકી દઈએ!

## (૨) લીંબડો અને આરોગ્ય

લીંબડાના ઔષધીય ગુણો વિષે લખીએ તો એક અલગ ગ્રંથ લખવો પડે. માત્ર લીંબડા નીચે બેસવાથી અનેક રોગો નાશ પામે છે. લીંબડાના વૃક્ષને 'કલ્પવૃક્ષ', 'રામબાણ', 'પ્રકૃતિની દવાની દુકાન', 'ગ્રામ્યદવા', 'તમામ રોગોનો અક્સીર ઇલાજ' વગેરે વિવિધ નામો અને ઉપનામોથી શણગારવામાં આવ્યો છે.

લીંબડાનું દાતણ પણ શ્રેષ્ઠ ગણાય છે. ચૈત્ર માસનો સુદ પડવાનો દિવસ 'ગૂડી પાડવા' તરીકે મહારાષ્ટ્રનો પવિત્ર દિવસ ગણાય છે. એક પરંપરા મુજબ હિન્દુ નવું વર્ષ ત્યારથી શરૂ થાય છે. મહારાષ્ટ્રમાં તે રીતે જ નવું વર્ષ શરૂ થાય છે. આ દિવસોમાં પડવાથી માંડી નોમ સુધી લીંબડાનાં કૂણાં પાન અને એનાં ફૂલો(માંજર, મોર)નો રસ પીવાનો રિવાજ છે, તેની પાછળ પણ સ્વાસ્થ્ય વિજ્ઞાન છે. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ ચૈત્ર સુદ પડવાને દિવસે ઘણાં મંદિરોમાં મસાલા ઉમેરીને લીંબડાનો રસ ધરાવવામાં આવે છે અને પછી એની પ્રસાદી આપવામાં આવે છે.

## (૩) લીંબડો અને વ્યવહાર

લીંબડામાંથી અનેકવિધ દવાઓ બને છે. એનાં પાન અને લીંબોળીમાંથી ખાતર બને છે. વળી, લીંબડાનું લાકડું સસ્તું, સુલભ, સારું અને જંતુમુક્ત ગણાય છે. લીંબડો વિદેશી હૂંડિયામણ કમાવી આપવાની વિપુલ તકો ધરાવે છે. આ જોઈ અમેરિકાએ ભૂતકાળમાં લીંબડા માટે પોતાની વિવાદાસ્પદ પેટન્ટ નોંધાવી હતી. પરંતુ યુરોપિયન પેટન્ટ ઑફિસે (EPO) ભારતના પ્રતિદાવાને માન્ય કરી એ પેટન્ટ સન ૨૦૦૦માં રદબાતલ કરી હતી.

ભગવાન સ્વામિનારાયણે ગઢડા અંત્ય પ્રકરણના ૧૪મા વચનામૃતમાં દૈવી અને આસુરી જીવની મીમાંસા કરતાં લીંબડાની વાત ઉચ્ચારી છે:

''જેમ મરચાંનું બીજ હોય ને લીંબડાનું બીજ હોય ને શિંગડિયા વછનાગનું બીજ હોય, તેને વાવીને નિત્ય સાકરનું પાણી સિંચ્યા કરીએ તો પણ મરચાં તે તીખાં જ થાય ને લીંબડો તે કડવો જ થાય ને શિંગડિયો વછનાગ તે ઝેર જ થાય. શા માટે જે, એનું બીજ ભૂંડું છે. અને શેરડીને વાવીને લીંબડાનાં પાનનું ખાતર નાંખીને કડવું પાણી સિંચ્યા કરીએ તો પણ શેરડીનો રસ તે મીઠો જ થાય. તેમ દૈવી જીવ છે તે ભગવાનને સન્મુખ જ રહે છે ને આસુરી જીવ હોય તે વિમુખ જ થાય છે.''

સ્વામિનારાયણ ભગવાન અહીં સહજ રીતે એક કૃષિ વૈજ્ઞાનિક તરીકે લીંબડાનાં પાનનાં ખાતરની વાત કરી છે, જે દેશી ખેતી - ઓર્ગેનિક ખેતી માટે સાંપ્રત સમયમાં ખૂબ ઉપયોગી છે.

## (૪) લીંબડો અને અધ્યાત્મ

પ્રસિદ્ધ ચિંતક શ્રી અરવિંદના અનુગામી શ્રી માતાજીએ લીંબડાના વૃક્ષને Spiritual Atmosphere (આધ્યાત્મિક વાતાવરણ) કહીને વિભૂષિત કર્યું છે. ભગવાન સ્વામિનારાયણે એ પહેલાં લિંબતરુને પોતાની આધ્યાત્મિક વાતોનું કેન્દ્ર બનાવી દીધેલું છે. આથી સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં દાદાખાચરના દરબારનું લિંબવૃક્ષ ખૂબ આદરનું સ્થાન ધરાવે છે. શ્રીજીમહારાજે એને સ્વમુખે 'મહાન મુક્તરાજ', 'કલ્પવૃક્ષ', 'સાધુ' કહીને પણ નવાજ્યું છે. વચનામૃત ગ્રંથમાં થયેલા વિવિધ વૃક્ષોના ઉલ્લેખ નીચે પ્રમાણે વિભાગ વાર દર્શાવવામાં આવ્યા છે:

| | |
|---|---|
| લીંબડો (લીમડો) | ૩૧ વખત |
| આંબો | ૬ વખત |
| પીપળ (પીંપર) | ૪ વખત |
| બોરસલ્લી | ૧ વખત |
| **કુલ** | **૪૨ વખત** |

આ સિવાય અન્ય વૃક્ષોના પણ ઉલ્લેખો છે. વચનામૃતમાં થયેલા ઉલ્લેખ ઊંડાણમાં જોઈએ તો નીચેનાં વચનામૃતોમાં ભગવાન સ્વામિનારાયણના ઉપદેશની સાથે લીંબડાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ: ૧૩, ૧૪, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૭, ૪૮, ૪૯, ૬૧,

૬૮, ૭૪ અને ૭૫.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ: ૧૧, ૧૪ અને ૩૨.

વચનામૃત વરતાલ પ્રકરણ: ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬ અને ૨૦.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ: ૧૪ અને ૨૪.

અમદાવાદ પ્રકરણનું વધારાનું વચનામૃત: ૭.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણના ઉપદેશોની સાથે લીંબડા સિવાય અન્ય વૃક્ષોના ઉલ્લેખો આ મુજબ છેઃ

- આંબાના વૃક્ષનો ઉલ્લેખ:
  વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦, ૨૧ અને ૩૨ વરતાલ પ્રકરણનાં ૧, ૨ અને ૫.
- બોરસલ્લીના વૃક્ષનો ઉલ્લેખ:
  વચનામૃત જેતલપુર પ્રકરણ ૩.
- પીપળ(પીંપર)ના વૃક્ષનો ઉલ્લેખ:
  વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૩, સારંગપુર પ્રકરણ ૧૦, પંચાળા પ્રકરણ ૧ તથા ગઢડા મધ્ય પ્રકરણ ૩૨.

## (૫) લીંબડો અને ભગવાન શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાંનિધ્યથી અનેકવાર તીર્થરૂપ થયેલા દાદાખાચરના દરબારના લિંબતરુ એટલે કે લીંબડાના વૃક્ષ વિશે સંપ્રદાયમાં અનેક મહિમાવચનો પ્રસિદ્ધ છે. જેમ કે, ઈશ્વરાનંદ સ્વામી નામના જૂના બ્રહ્મચારી કહેતા: 'આ લીંબડો નથી, કલ્પવૃક્ષ છે, એની નીચે જઈ શુભ સંકલ્પ કરો અને પૂરો ન થાય તો મને પૂછજો.'

વચનામૃતોનાં પાનાં ઉપર શીળી છાંયાની જેમ છવાયેલા લિંબવૃક્ષની કથા પણ રોચક છે.

ગઢડાના ગામધણી શ્રી એભલબાપુ એકવાર કામપ્રસંગે બાબરિયાવાડ જવા નીકળ્યા હતા. માર્ગમાં ઉદેજ ગામે એમના એક મિત્ર આહીર પોતાના ઘરે ખૂબ આગ્રહ કરીને 'છાશું પીવા' લઈ ગયા. જોગાનુજોગ એ જ વખતે ફળિયામાં આત્માનંદ સ્વામીના બે શિષ્યો એક બાજુ બેઠા હતા. એમાં વિઠ્ઠલાનંદે એક કાંકરી લઈ ફળિયામાં રહેલા એક વેંતના છોડ ઉપર ફેંકીને કહ્યું: 'દેખ બાલાનંદ! ઇસ લિંબવૃક્ષ કે નીચે ભગવાન બેઠેંગે.'

આવી આગમવાણી મુક્તરાજ એભલબાપુએ સાંભળીને તર્ક લગાડ્યો: 'મારે ક્યાં ભગવાન શોધવા જવું? ભલે ને ભગવાન જ આ લીંબડો ખોળતાં-ખોળતાં આવે!' એટલે તેઓએ લીંબડાનો એ નાનો છોડ માંગી લીધો અને ગઢડા લઈ આવ્યા. ગઢડામાં પોતાના દરબારગઢના ફળિયામાં રોપી દીધો. અને આખરે એવું જ બન્યું. જાણે એ લીંબડાને શોધતાં શોધતાં ભગવાન સ્વામિનારાયણ ત્યાં આવી ચઢ્યા હોય તેમ, એભલબાપુના દરબારગઢમાં આવીને વસ્યા. પછી તો શ્રીહરિ હજારો વાર એ લિંબતરુ નીચે બેઠા છે, ડાળીઓ પકડી ઊભા રહ્યા છે, અનેક દિવ્ય ચરિત્રો કર્યાં છે.

આ લીંબડાને જોઈ આ પંક્તિ સાંભરી આવે:

*'ધન્ય ધન્ય વૃંદાવનવાસી વટની છાયા રે, જ્યાં હરિ બેસતા...'*

દાદાખાચરનો આ લીંબડો અનેક કીર્તનોમાં પણ ગૂંથાઈ ગયો છે. જેમ કે,

*દાદાને દરબાર જાશું, સવારમાં નિત્ય ઊઠીને,*
*લીંબતરુની લીલા સંભારીએ,*
*શ્રીજીનું ધ્યાન નિત્ય ધરીએ, સવારમાં નિત્ય ઊઠીને.*

•

*વ્હાલું લાગે ગઢડું ને વ્હાલા હરિજન,*
*લીંબડાની છાયા વ્હાલી લાગે જેને મન,*
*વ્હાલી વ્હાલી લીલા ને વ્હાલો મારો શ્યામ,*
*'શુકસ્વરૂપ' કહે આવો ઘનશ્યામ...*

દાદાખાચરના દરબારના આ લિંબવૃક્ષ નીચે શ્રીહરિએ સરધારના નાથા નામના મૂંગાને બોલતો કર્યો છે, હસન નામના પાંગળાને ચાલતો કર્યો છે, અલીમહમ્મદ નામના એક મુમુક્ષુને પયગમ્બરોનાં દર્શન કરાવ્યાં છે, જૈન શેઠશ્રી કેસરસિંહને ૨૪ તીર્થંકરોનાં દર્શન કરાવ્યાં છે.

શ્રીહરિએ શણગારેલી માણકીનું લિંબતરુ નીચે નાની એવી જગ્યામાં કુશળ રીતે અશ્વારોહણ કર્યું છે. આ વૃક્ષ નીચે તેમણે મલ્લકુસ્તી કરાવી છે, બ્રાહ્મણોને જમાડ્યા છે, દાન દીધાં છે. તો ક્યારેક રંગોત્સવમાં રંગભીનાં વસ્ત્રો સાથે લિંબતરુ ઉપર ચઢી ગયા છે!

દાદાખાચરના લિંબતરુને કોઈએ અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયનો 'લોગો' પણ કહ્યો છે!

લિંબતરુની સેવા કરનાર પર શ્રીહરિની કૃપાદૃષ્ટિ વરસી જતી. જેમ કે, ઉકાખાચર અને એમનાં ધર્મપત્ની રોજ વહેલી સવારે ૩.૩૦ વાગ્યે ઊઠી અને લીંબડાના વૃક્ષમાંથી ખરતાં પર્ણોને વાળી-ઝૂડી દાદાનો દરબાર ચોખ્ખો કરતાં. શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૫માં ઉકાખાચર અને તેમની સેવાને અદકું સ્થાન આપી દીધું છે: 'જેવું ઉકાખાચરને સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન અને ભગવાનના સંતની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણ પણ રહેવાય નહીં, તો અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.'

લિંબતરુએ ઉકાખાચર ઉપર જેટલાં પર્ણો વરસાવ્યાં હશે, એની કરતાં શ્રીહરિની અનેક ગણી પ્રસન્નતા એમની ઉપર

વરસી છે.

ગઢડા મધ્ય પ્રકરણના ૧૪મા વચનામૃતમાં શ્રીહરિએ લીંબડાને મન ભરીને વહાલ કર્યું છે. આ વચનામૃતમાં દાદાખાચરના દરબારગઢના લિંબતરુનું ઉદાહરણ આપી, સરળ રીતે નિરુત્થાન નિશ્ચયની અને તદાત્મકપણાની વાત સમજાવી છે. માત્ર દાદાખાચરના દરબારગઢના લીંબડાની જ વાત નથી, પરંતુ સંપ્રદાયના ઈતિહાસનાં પૃષ્ઠોમાં અનેક સ્થળોના લીંબડાનો ભગવાન સ્વામિનારાયણ સાથે અનોખો નાતો જોવા મળે છે. થોડાં ઉદાહરણોઃ

● ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારમાં મુનિ લીંબડો પ્રસિદ્ધ છે. તેની નીચે બેસીને શ્રીહરિએ અનેકવાર કથાલાભ આપ્યો છે. શ્રીહરિ તેને 'મુનિ' એટલે કે મહાન ઋષિ તરીકે સંબોધતા.

● શ્રીહરિ કચ્છ પધારતા ત્યારે ભુજ પાસે લિંબતરુઓનું ઘટાદાર વન હતું, ત્યાં પધારતા. આ વનમાં તેમાં 'નિમ્બજા દેવી'(લીંબડાની દેવી)નું મંદિર હતું, જે જ્યેષ્ઠ મલ્લોનાં કુળદેવી હતાં. તે પૈકી ગંગારામ મલ્લને આ દેવીએ પ્રેરણા કરી શ્રીહરિના ભક્ત કર્યા હતા.

● તેરા ગામમાં (કચ્છ) સ્વામિનારાયણ ભગવાનનો એક પ્રસાદીનો લીંબડો છે, જેનું થડિયું પાંચ-છ જણા બાથ ભીડીને ઊભા રહે તેવું મોટું છે.

● માનકુવામાં સ્વામિનારાયણ ભગવાનના સમયના હરિભક્ત બાપુ આદાભાઈના દરબારમાં પણ એક વિશાળ લીંબડો છે, જેની નીચે સ્વામિનારાયણ ભગવાન બિરાજમાન થયા છે.

● સંતો-હરિભક્તોએ શ્રીહરિને જુદાં જુદાં વૃક્ષો ઉપર ઝૂલા બાંધી, હિંડોળા રચી ખૂબ ભક્તિ કરી છે, એમાં આંબા-આંબલી, રાયણોનાં વૃક્ષો મુખ્ય હતાં. છતાં પણ લક્ષ્મીવાડીએ એક વાર લીંબડાના વૃક્ષ ઉપર હિંડોળાની સંરચના કરી શ્રીહરિને ઝુલાવવામાં આવ્યા હતા.

● જિંડવાપર ગામમાં ભક્તોએ એક ભાગ્યશાળી લીંબડા ઉપર ભગવાન સ્વામિનારાયણ માટે આખેઆખો ઢોલિયો બાંધી સુંદર હિંડોળો તૈયાર કર્યો હતો.

● બામરોલી અને સંજાયા ગામે પણ મહારાજ લિંબતરુઓના ઝૂલે ઝૂલ્યા છે.

*વાલો ગયા સંજાયે ગામ, વજેરામ ગરીબદાસને ધામ;*
*લીંબતરુ બે હિંડોળો સારો, ત્યાં જઈ બેઠા આ ધર્મદુલારો.*

● આમ તો હિંડોળાની સંરચના કરવામાં નિષ્કુળાનંદ સ્વામી ખૂબ માહેર હતા, પણ એક વાર એક લીંબડાનું સુંદર સ્વરૂપ જોઈ પ્રેમાનંદ સ્વામીએ ઝૂલો બનાવી નાંખ્યો અને હિંડોળાનું પદ બનાવી શ્રીહરિને ઝુલાવ્યા હતા.

● એક વાર અમદાવાદમાં કાળુપુરમાં નવાવાસમાં શ્રીજીમહારાજ લીંબડા નીચે સભા ભરીને બેઠા હતા. એ વખતે વીરમગામના નાગર બ્રાહ્મણ ભવાનીશંકર મહારાજનું પારખું લેવા ત્યાં આવ્યા. એમણે બે સંકલ્પો કર્યા હતા. એક તો શ્રીહરિ મને નામ દઈને બોલાવે અને પોતાનાં ચરણારવિંદમાં સોળે સોળ ચિહ્નો બતાવે. શ્રીહરિએ એ વિપ્રના બંને સંકલ્પો પૂરા કર્યા. ભવાનીશંકર અને એમનાં ધર્મપત્ની યમુનાબાઈને પુત્રરત્ન પ્રાપ્ત થયું, જે આગળ જતાં અવિનાશાનંદ બ્રહ્મચારી તરીકે વિખ્યાત થયા, જે સંસ્કૃત અને ગદ્ય-પદ્યના નિષ્ણાત હતા.

● જેતલપુરની ગણિકા નાથીબાઈ આખી રાત દળણું દળી સવારે જેતલપુરના માહોલમાં આવ્યાં. ભગવાન સ્વામિનારાયણ ત્યાં એક લિંબતરુ નીચે બેઠા હતા. નાથીબાઈએ ત્યાં પોતાના ફરફોલ્લાવાળા હાથ બતાવ્યા. શ્રીહરિ દ્રવી ગયા અને બોલી ઊઠ્યાઃ 'જાવ, તમારું મુક્તાનંદ જેવું કલ્યાણ.'

આ ઘટનાનો સાક્ષી એવો લીંબડો હજુ ત્યાં ઊભો છે.

● જેતલપુરમાં ગંગાબાના ઓરડા પાસે શ્રીહરિ જેની નીચે બેસતા એ લીંબડાનું પ્રસિદ્ધ વૃક્ષ આજે પણ ઊભું છે.

● કારિયાણી ગામથી દક્ષિણ દિશામાં કરાળના ખેતરમાં લીંબડાના વૃક્ષ ઉપર શ્રીહરિ રહ્યા હતા અને ત્યાં જ થાળ મંગાવીને જમતા.

● અમદાવાદના મંદિરના દ્વાર આગળના લિંબતરુ વૃક્ષ નીચે બેસી શ્રીહરિએ વચનામૃત(અમદાવાદ)નું ઉદ્‌બોધન કરેલું. એ લિંબતરુના સુકાઈ ગયેલા થડિયાને આજે પણ પ્રસાદીરૂપે કાળુપુર મંદિરમાં રાખવામાં આવેલું છે. હરિભક્તો અને સંતો મહિમાથી તેનાં દર્શન-સ્પર્શ કરે છે.

● એક વખત શ્રીહરિ ગઢડામાં વાસુદેવ નારાયણના મંદિરમાં એક તાંસળીમાં સાકરના પાણીમાં આંગળી ફેરવતા હતા અને થોડી વાર પછી બીજી એક તાંસળીના કડવા લીંબડાના પાણીમાં આંગળી વારાફરતી ફેરવતા હતા. મુક્તાનંદ સ્વામી શ્રીહરિનું આ ચરિત્ર જોતા હતા. શ્રીહરિએ પૂછ્યું: 'સ્વામી ! સાકરનું પાણી કોના માટે સારું અને લીંબડાનું પાણી કોના માટે સારું ?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ વિનમ્રતાથી જવાબ આપ્યો : ''મહારાજ ! સાજા માટે સાકરનું પાણી સારું અને માંદા માટે લીંબડાનું પાણી સારું.'

આ જ મુક્તાનંદ સ્વામીએ એકવાર એવું સાંભળ્યું કે મહારાજ ખાન-પાનના ખૂબ કડક વર્તમાન ફેરવવાનાં છે. એ સાંભળી પોતે કેવળ લીંબડો ખાઈને દેહનું ગુજરાન કરવા

લાગ્યા ! અને કેટલાય સમય સુધી લીંબડાના આહાર પર જ ઉપર રહ્યા. પછી તો શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ઠપકો દેવો પડ્યો અને કહ્યું : 'આજ્ઞાથી વિશેષ કશું કરવું નહીં. અમે આપને ક્યાં આવી આજ્ઞા કરી છે ?' પછી શ્રીહરિએ ધીરે ધીરે છોડાવ્યું અને લીંબડાના મિષે આપણને વચનામૃત વરતાલ પ્રકરણના ૧૭નું એક બોધવચન પ્રાપ્ત થયું : 'એ જે ભગવાનનો ભક્ત ત્યાગી તેને તો પરમેશ્વરના નિયમમાં રહીને પ્રવૃત્તિમાર્ગને વિષે રહેવું પણ પરમેશ્વરના નિયમથી અધિક પણ વર્તવું નહીં ને ન્યૂન પણ રહેવું નહીં.'

● ચૂડા સ્ટેટના ભાયાત – ભેંસજાળના દરબારશ્રીનો પરિવાર ચુસ્ત સ્વામિનારાયણ હતો. એમનાં ધર્મપત્ની ચાંદાબાનો હાથ એક વખત ખભા ઉપરથી ઊતરી ગયેલો. કોઈ પ્રકારનું કામ ન થાય અને અસહ્ય દુખાવો થાય.

એ વખતે રાણપુરમાં કોઈ મોરેસલામ દરબાર હાડવૈદ્યનું કામ કરતા હતા. ચાંદાબાના પતિએ રાણપુર જવા વખતોવખત કહ્યું પણ ચાંદાબા ધર્મ-નિયમમાં દૃઢ, એમને થતું કે હાથ ચડાવવામાં પરપુરુષનો સ્પર્શ ક્યાં થવા દેવો ? ચાંદાબા યુક્તિઓ કરી રાણપુર જવાનું ટાળતાં. પણ એક રાત્રે એમના પતિએ તાકીદ કરી કે 'આવતીકાલે સવારે સિગરામમાં રાણપુર જવાનું છે. હા કે ના નથી કરવાની.'

ચાંદાબા મૂંઝાણા : 'અ...રે...રે... ધર્મભગ્ન થવાશે !?' રાત્રે સૂતી વખતે શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે 'બાનાની પત અને મારું સત રાખજો.'

અર્ધી રાત્રે ચાંદાબાના ઢોલિયા આગળ તેજ-તેજના અંબાર વચ્ચે એમણે શ્રીહરિની દિવ્ય મૂર્તિ જોઈ. શ્રીહરિએ ખૂબ કોમળતાથી પૂછ્યું : 'બા ! જાગો છો કે સૂતા છો ? કયો હાથ ઊતરી ગયો છે ?'

ચાંદાબાએ ડાબો ખભો બતાવ્યો. શ્રીહરિએ ખભાનો દિવ્ય સ્પર્શ કર્યો. ઘડીના છઠ્ઠા ભાગમાં હાથ હતો એવો ને એવો થઈ ગયો ! શ્રીહરિ કહે : 'અમે ચાલીએ.'

ચાંદાબાએ પંચાંગ પ્રણામ કર્યાં અને બોલ્યાં : 'મહારાજ ! અત્યારે અહૂરા હું શું સ્વાગત કરું ?'

શ્રીહરિ કહે : 'મારી મૂર્તિને ધરાવેલું દૂધ લાવો.'

શ્રીહરિ દૂધ ગ્રહણ કરતાં એકદમ ફળિયામાં આવી ગયા. ચાંદાબા પણ પાછળ દોડ્યાં અને બોલ્યાં : 'મહારાજ ! બધા પૂછશે કે કોણે હાથ ચડાવ્યો ? તો મારે શું જવાબ આપવો ?'

શ્રીહરિએ મંદ સ્મિત કરતાં કહ્યું : 'દરબારને કહેજો કે 'અમે ચડાવ્યો છે,' અને સાબિતી માંગે તો કહેજો કે 'મહારાજ ફળિયાના લીંબડાની ઉગમણી ડાળને અડ્યા છે, આખો લીંબડો કડવો રહેશે પણ આ ડાળનાં પાંદડાં મીઠાં રહેશે.' એમ કહી હોઠ ઉપર ચોંટેલા દૂધને હાથથી લૂછી, લીંબડાની એ ડાળને અડી અને શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા.

બીજા દિવસે સવારમાં દરબાર આવ્યા : 'ચાલો, સિગરામ તૈયાર છે, આજે બહાનું નહીં ચાલે.'

ચાંદાબાએ કહ્યું : 'મારો હાથ રાત્રે મહારાજ ચડાવી ગયા છે.' બધાને થયું કે 'બા બહાનું કાઢે છે.' કોઈએ કહ્યું : 'ઘંટી ફેરવી દ્યો.' બાએ ખૂબ સ્ફૂર્તિથી ડાબે હાથે ઘંટી ફેરવી દીધી.

બાપુ કહે : 'ઘણા વખતથી તમારા હાથના રોટલા નથી ખાધા, આજે તમે જ રોટલા બનાવીને જમાડો.'

આડકતરી રીતે આમાં ચાંદાબાનું પારખું હતું.

ચાંદાબાએ ખૂબ હરખથી આખા ઘરના રોટલા ટીપી નાંખ્યા અને આખું કુટુંબ સાનંદાશ્ચર્યમાં હતું. ત્યાં ચાંદાબા બોલ્યાં : 'મહારાજ જતાં-જતાં લીંબડાની ઉગમણી ડાળને મીઠી કરતા ગયા છે.'

સૌએ એ ડાળનાં પાંદડાં ચાખ્યાં તો સાકર જેવાં મીઠાં લાગ્યાં. બાકીની બધી ડાળનાં પાંદડાં કડવાં લાગ્યાં.

દરબાર અને આખું ઘર ચાંદાબાની પતિવ્રતાની ટેક અને શ્રીહરિ માટેની અનન્ય ભક્તિ જોઈ કૃતકૃત્ય થઈ ગયા.

● શ્રીહરિ થોરના વચનામૃત(ગઢડા મધ્ય પ્રકરણ ૩૨)માં નિર્વિઘ્ન ભક્તિનો માર્ગ સૂચવતાં આંબા અને લીંબડાનું ઉદાહરણ આપે છે. જેમ આંબો તથા લીંબડો હોય ને તેને એક વાર કાપ્યો, એટલે ફરીને ચોંટે નહીં. તેમ કુટુંબી વિના બીજાનો જે સંબંધ છે તે તો આંબાના છોડ જેવો છે. એક વાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહીં. અને કુટુંબીનો સંબંધ છે તે થોર ને વડના ઝાડ જેવો છે, તે કાપી નાખ્યો હોય તોપણ ધરતીમાં પડ્યો પડ્યો પણ પાલવ્યા વિના રહે નહીં.

● વરતાલમાં શ્રી હનુમાનજી ને શ્રી ગણપતિજીની દેરીવાળા દરવાજાની ઉત્તર દિશામાં એક લીંબડો હતો, જેની નીચે શ્રીહરિએ અનેક સભાઓ કરેલી છે અને અપાર પરચા પણ આપ્યા છે. અહીં કરેલો સત્સંગ એટલે વરતાલનાં કેટલાંક વચનામૃતો. આ લીંબડાથી ઉત્તર દિશામાંના સ્થાન ઉપર ધર્મકુળના સીતારામને જનોઈ આપવામાં આવી હતી. વરતાલમાં સંતોની ધર્મશાળાના દ્વાર આગળ મોટો ઓરડો હતો, તેમાં પુસ્તકો રહેતાં. ઓરડાની આગળ એક મોટો ઘટાદાર લીંબડો હતો. આ લીંબડાની નીચે લહિયાઓ લખતા અને સંતો વાંચવા બેસતા. આજની પરિભાષામાં કહેવું હોય તો સંતોની એ 'લીંબડા-લાઈબ્રેરી' હતી.

વરતાલમાં જ ધર્મકુળની હવેલી અંદર એક કૂવો છે, ત્યાં પણ એક લીંબડો હતો, જ્યાં શ્રીહરિએ અનેક લીલાઓ કરી

**(અનુસંધાન પૃષ્ઠ ૧૪ ઉપર)**



## આધ્યાત્મિક ક્રાંતિના આદિત્ય

# ભગવાન શ્રી સ્વામિનારાયણ

■ સાધુ યોગેન્દ્રદાસ

ક્રાંતિ....!

ક્રાંતિ શબ્દ કોણ જાણે મોટા ઉત્પાતોને ગર્ભમાં સંઘરીને ચાલતો હોય એમ લાગે છે. કારણ સ્વાભાવિક છે. ક્રાંતિ ત્યારે પ્રગટે છે જ્યારે જનસમુદાયને લાગે છે કે ઘણા વખતથી ચાલી આવતી કોઈ પ્રણાલી કે પદ્ધતિ કે રીતભાત કે એના પરિણામ સ્વરૂપે નીપજતી ચીજવસ્તુ સમાજજીવનને ઉપયોગી થવાને બદલે નુકસાનકારક નીવડી રહી છે. એમાં વળી પ્રતિકૂળ સંજોગો જરૂર ફેરફારો કરવા દેતા નથી, ત્યારે એક ભારે અંસતોષનો અગ્નિ સમાજને અંદરથી બાળતો રહે છે. આ દબાયેલી જ્વાળા જ્યારે જ્વાળામુખી બનીને ફાટી નીકળે છે ત્યારે લોકો એને કહે છે - ક્રાંતિ!

આ દુનિયાએ ઘણી લોહિયાળ ક્રાંતિઓ જોઈ છે, પરંતુ દરેક વખતે આવું બનતું નથી, કારણ કે ક્રાંતિ એક જરૂરિયાત છે. આવી જરૂરિયાત દરેક ક્ષેત્રમાં ઊભી થતી રહી છે. મધ્યયુગમાં વિજ્ઞાનક્ષેત્રે સમજણની ક્રાંતિ ઉદ્‌ભવી, કારણ કે ચાલી આવતી માન્યતાઓ, વિજ્ઞાનની તુલામાં ખરી ઊતરતી નહોતી. આ જ રીતે જરૂરિયાતની વસ્તુઓના ઉત્પાદનની માંગે ઔદ્યોગિક ક્રાંતિને જન્મ આપ્યો.

કૃષિ ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે - એમ દરેક ક્ષેત્રે ઉદ્‌ભવતી રહેતી ક્રાંતિએ સમાજને કાંઈકે સારું આપ્યું છે - છેવટે કાંઈક બદલાવ તો આપ્યો જ છે.

અઢારમી સદીમાં ભારત દેશ રાજકીય, સામાજિક, ધાર્મિક - દરેક ક્ષેત્રે અંધાધૂંધીમાં અથડાઈ રહ્યો હતો ત્યારે સમાજને ઉગારવા માટેનો એકમાત્ર ઉપાય ક્રાંતિ જ છે - એમ સમજી શકનાર મહાપુરુષ હતા - પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ. લૌકિક રીતે પણ અલૌકિક પ્રતિભાસંપન્ન અને વળી પોતે અવતારી પુરુષ હોવાને લીધે તેઓ ક્રાંતિને કોઈપણ સ્વરૂપ આપી શકે એમ હતા, પરંતુ એમણે માર્ગ લીધો આધ્યાત્મિક ક્રાંતિનો. ત્યારની પરિસ્થિતિ જોતાં રાજકીય ઊથલપાથલો સ્વાભાવિક ઉપાય દેખાતો હતો, પરંતુ સ્વામિનારાયણ ભગવાને જે રસ્તો અપનાવ્યો તેનાં અદ્‌ભુત પરિણામો સમાજ જોવા માંડ્યો. ત્યારે સહુને અનુભવાયું કે એ જે રીતે વિચારી શકતા હતા એ રીતે વિચારવું બીજા કોઈના માટે પણ ગજા બહારનું હતું.

પ્રથમ દૃષ્ટિએ એ સ્વીકારવું મુશ્કેલ લાગશે કે આધ્યાત્મિક ક્ષેત્રે નવું પ્રદાન આપવાથી સમાજનું જેટલું રૂડું થાય છે એટલું બીજી રીતે થતું નથી. અવતારી પુરુષ સ્વામિનારાયણ ભગવાનને છેક બાળપણથી જ આ સત્ય સહજ સિદ્ધ હતું, કારણ કે એ પારલૌકિક વિભૂતિને આપણી માફક કોઈપણ બાબત ભણીગણીને સમજવાની નહોતી. તેઓ તો સ્વયં સિદ્ધ હતા. લોકો તો એમને એક બાળક તરીકે જોતાં હતાં, તો એમણે લોકોને એ જ સ્વરૂપમાં સમજણ આપવાનું શરૂ કરી દીધું. છપૈયામાં મીન સરોવરમાં એક માછીમાર જીવનનિર્વાહ માટે માછલાં પકડતો હતો. તો એને એમણે સમજાવ્યો અને સમાધિમાં યમપુરીનાં કષ્ટો દેખાડીને એને હિંસાના માર્ગેથી પાછો વાળ્યો. તો વળી પોતાના વર્તન દ્વારા ઉપદેશ આપતા રહ્યા - જેમ કે પોતે અભ્યાસેતર તમામ સમય ભજન-ભક્તિ, દર્શન, કથાશ્રવણ વગેરેમાં વ્યતીત કરીને 'નાની ઉંમરે ભગવાન ભજવાના ન હોય' - એ માન્યતાને પડકારી અને તોડી.

એમણે જોયું કે કેટલાક કુરિવાજો અને પ્રથાઓ માનવધર્મને કલંકિત કરી રહ્યા હતા, પરંતુ એના પ્રવર્તક કુગુરુઓનો સામનો કરવાની કોઈનામાં હિંમત નહોતી. એમણે બીડું ઝડપ્યું. પોતાના હાથમાં તલવાર-બરછી નહીં, પરંતુ માળા અને ગુલાબનું પુષ્પ રાખનાર એમણે સમગ્ર કુગુરુઓની જમાતનાં ફરમાનોને ફગાવી દઈને સતીપ્રથા અને બાળકીઓને દૂધપીતી કરવાના કુરિવાજો બંધ કરાવ્યા. એમણે યજ્ઞોમાં આચરવામાં આવતી પશુહિંસા બંધ કરાવી. એમણે જીવનશૈલી બની ગયેલાં વ્યસનોનો ત્યાગ કરાવ્યો. આવી રહેણીકરણી અપનાવવાથી એમના અકિંચન સંતોને અને અનેક બાઈઓ અને ભાઈઓને અપાર દુઃખો વેઠવાં પડ્યાં, પરંતુ લોકોને કબૂલ કરવું પડ્યું કે ચારિત્ર્યવાન સમાજના ઘડતરનો માર્ગ છે - સ્વામિનારાયણ માર્ગ.

જોવાની ખૂબી એ હતી કે સમાજની અંદર જ એક નવો સમાજ ઉત્પન્ન કરવા માટે એમણે કોઈ દબાણ, લાલચ કે જોરજુલમ નહીં, પણ આધ્યાત્મિક માર્ગ અપનાવ્યો હતો. આ માર્ગ એટલો પૂર્ણસ્વરૂપ (Fullproof) હતો કે એક અન્ય ધર્મપ્રવર્તક ગુજરાતને પોતાના ધર્મના રંગે રંગવા આવ્યા ત્યારે એમણે જોયું કે ભગવાન સ્વામિનારાયણ અને એમના સંતોનાં આચરણ અને વિચરણની છાપ એટલી ઊંડી છે કે આમાં બીજા કોઈનો ગજ વાગે એમ નથી. આથી તેઓ પ્રથમ નડિયાદ આવ્યા હતા, પરંતુ ત્યાંથી જ રવાના થઈ ગયા. આમ ભગવાન સ્વામિનારાયણની શાંત, આધ્યાત્મિક ક્રાંતિએ ગુજરાતને બિનહિન્દુ થતું અટકાવ્યું.

ભગવાન સ્વામિનારાયણની આધ્યાત્મિક ક્રાંતિ એટલી પ્રભાવશાળી હતી કે અતિ પ્રતિભાસંપન્ન, સુખી અને બુદ્ધિશાળી એવા ૩૦૦૦ પ્રતિષ્ઠિતો સંસારનો ત્યાગ કરીને પરમહંસ બન્યા. એમનું સદાચરણ અન્ય લોકોની ઈર્ષ્યાનું શિકાર બન્યું. આથી એમને અપાર કષ્ટો અને અપમાનો

સહન કરવાં પડ્યાં. કેટલાય પરમહંસોના પ્રાણ હરી લેવામાં આવ્યા, પરંતુ તેઓ સહેજેય વિચલિત થયા નહીં. તો શ્રીજીમહારાજના આશ્રિત હરિભક્તો, મહિલાઓ અને બાળકો ઉપર પણ અનહદ ત્રાસ ગુજારવામાં આવ્યો, પરંતુ એમણે આ માર્ગ છોડ્યો નહીં. આવા સંજોગોમાં સત્સંગની દૃઢતા રાખનાર આવાં લાખો બાઈભાઈઓએ અધર્મને પડકારનાર સત્સંગી સમાજ ઊભો કર્યો.

કોઈપણ ધર્મનો પ્રાણ હોય છે - એના પાયાના સિદ્ધાંતો, એટલે કે એના દ્વારા પ્રવર્તિત જ્ઞાન, આ બાબતમાં ભગવાન સ્વામિનારાયણે તો ડંકો મારી દીધો છે. સંપ્રદાયના જ્ઞાનમાર્ગને પ્રગટાવવામાં અને પોષણ કરવામાં અત્યંત પુરુષાર્થ કરવો પડશે - એ વાતની એમને બાળ અવસ્થાથી જ ખબર હતી. એટલે જ એમણે ૧૦ વર્ષની અવસ્થા થતાં સુધીમાં વેદ-પુરાણાદિક તમામ શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો હતો. જો કે પોતે સ્વયં ભગવાન હોવાથી પોતાને તો કોઈ જ્ઞાન પ્રાપ્ત કરવાનું હતું જ નહીં, પરંતુ લૌકિક રીતે પણ કોઈ એમને જ્ઞાનનું પ્રવર્તન કરતાં રોકી ન શકે એટલા માટે એમણે જ્ઞાન સંપાદન કર્યું હતું. ધર્મની બાબતમાં પ્રવર્તતા અનેકાનેક મતમતાંતરમાં સાચું શું છે અને સારું શું છે - એ તો કોઈ પ્રખર જ્ઞાની જ બતાવી શકે. આશ્ચર્યકારક રીતે આ એમણે માત્ર ૧૦ વર્ષની નાની વયમાં જ કરી બતાવ્યું. કાશીમાં પ્રકાંડ વિદ્વાનોની ધર્મચર્ચામાં ૧૦ વર્ષના બાળક એવા ઘનશ્યામે તમામ મતોમાં વિતંડાવાદને છોડીને સારરૂપ, ગ્રહણ કરવા યોગ્ય તત્ત્વજ્ઞાન કયું હોઈ શકે એ એમણે સ્પષ્ટ રીતે સમજાવ્યું. આ એક મહાન ક્રાંતિકારી પગલું હતું. કારણ કે સદીઓથી ચાલી આવતી માન્યતાઓ અને ગ્રંથોનાં અર્થઘટનોની સામા પડીને એમણે સાચી વાત આગળ કરી. એમની વાત એટલી અર્થસભર હતી કે ભલભલા મોટા વિદ્વાનોએ પણ એ સ્વીકારી લીધી.

કિશોરાવસ્થાનાં તમામ વર્ષો એમણે નીલકંઠવર્ણીના સ્વરૂપે વનવિચરણમાં ગાળ્યાં. આ વિચરણ કેવળ યાત્રા નહોતી, પણ યાત્રાની સાથે સાથે ધર્મક્ષેત્રમાં સડાની જેમ પેસી ગયેલાં અઘટિત આચરણો અને ખોટી માન્યતાઓને જડમૂળથી હલાવી નાખતી ક્રાંતિ હતી. વનવિચરણ દરમ્યાન એમણે પ્રચંડ તપ, વૈરાગ્ય અને દર્શનની સાથે સાથે ૩ બાબતોનો અભ્યાસ કર્યો અને રહેલી ભૂલો સુધારવામાં યોગદાન આપ્યું. એ હતીઃ

૧. ઠાકોરજીની સેવાની પદ્ધતિ.

૨. સંતો અને હરિભક્તોની જીવનશૈલી અને નિયમો.

૩. તત્ત્વજ્ઞાન.

## સેવાપદ્ધતિ અને પ્રણાલીઓ :

નીલકંઠવર્ણીએ ખૂબ સૂક્ષ્મતાપૂર્વક તે સમયની ધાર્મિક પરંપરાઓ કે સંસ્થાઓના રીતિ-રિવાજો નિહાળ્યાં અને સુધારણા માટે સૂચનો પણ કર્યાં. જો કે એમની નાની વયના લીધે એમની વાત અમુકને ન ગમી. આથી કોઈક સ્થળે એમને અપમાનિત કરીને કાઢી મૂકવામાં આવ્યા. એમને માર મારવાના અને પ્રાણ જોખમમાં મુકાઈ જાય એવા પ્રયત્નો પણ કરવામાં આવ્યા, પણ એમણે નીડરતાથી દરેક પ્રસંગે પોતાની વાત મૂકી. સંસ્થાની પ્રણાલી-પદ્ધતિઓમાં એમણે શુદ્ધિનું પ્રતિપાદન કર્યું. સ્ત્રી-પુરુષ મર્યાદાનું પાલન, ઠાકોરજીની સેવામાં શુદ્ધિ વગેરે બાબતોમાં એમણે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું. તીર્થસ્થાનોમાં જુગાર, વ્યસનો જેવાં દૂષણો કાઢવા માટે એમણે ઘણા પ્રયત્નો કર્યા.

## સંસ્થાના સંતો-હરિભક્તોનું વર્તન :

કોઈપણ સંસ્થાનો પ્રાણ છે એના આશ્રિતો. આશ્રિતોનું જીવન શુદ્ધ ન હોય તો એ બીજાઓને શી રીતે પ્રેરણા આપી શકે? આ તો પાયાનો સિદ્ધાંત છે, પરંતુ એ જમાનામાં કેટલાક સંપ્રદાયો સામે નીલકંઠવર્ણીએ જ્યારે જીવનશુદ્ધિનું આહ્વાન કર્યું ત્યારે લોકોને એ ક્રાંતિકારી પગલું લાગ્યું.

નીલકંઠ સ્વરૂપે એમણે જેનું પ્રતિપાદન કર્યું હતું, તેનું તેઓએ પોતાની સંસ્થામાં અમલીકરણ કર્યું. એમણે પોતાની સંસ્થામાં એવા નિયમો દાખલ કર્યાં, જે અપૂર્વ હતા. દા.ત., મંદિરોમાં સ્ત્રીઓ અને પુરુષોનાં પ્રવેશદ્વાર તેમજ બેસવાની અને દર્શનની જગ્યાઓ અલગ હોય, સ્ત્રી-પુરુષો મંદિરમાં એકમેકનો સ્પર્શ ન કરે, સંતો સ્ત્રીઓના સીધા સંપર્કમાં ન આવે, મંદિરમાં ધર્મ કે તહેવારના નામે જુગાર જેવી કોઈપણ અજુગતી પ્રવૃત્તિ ન થાય.

એમણે મંદિરોની સેવાપદ્ધતિમાં લોકોની અનુકૂળતા માટે જરૂરી ફેરફારો કર્યાં. દા.ત., એમણે તીર્થયાત્રા દરમ્યાન જોયું કે અમુક સ્થળોએ દર્શનનો સમય દર્શનાર્થીઓને ઘણી અગવડ ઊભી કરે એવો હતો. તો પોતાની સંસ્થામાં એમણે એનું ધ્યાન રાખ્યું. અમુક સ્થળોએ મંદિરોનું બાંધકામ ભલે અમુક શૈલીને અનુસરતું હતું, પરંતુ એ દર્શનાર્થીઓની આવનજાવનમાં બાધા ઉત્પન્ન કરતું હતું. તો એમણે પોતાની સંસ્થામાં જરૂરી ફેરફારો કર્યા. ઠાકોરજીની શણગાર પદ્ધતિ, ઉત્સવ પદ્ધતિ - વગેરે દરેક બાબતમાં ખૂબ વિચાર કરીને એમણે અંતે એક એવી આગવી પદ્ધતિ વિકસાવી કે જે સંપૂર્ણ શાસ્ત્રોક્ત જ હતી, પરંતુ વ્યવહારુ પણ હતી. ‘‘નવીન’’ શબ્દ દ્વારા સંબોધાતા એમના નિર્ણયો લોકોને ક્રાંતિકારી લાગ્યા.

મંદિરો ઉપરાંત એમણે નિયમોનો ગઢ રચીને હરિભક્તોના જીવનને સુરક્ષિત કરી દીધું. એમણે હરિભક્તોને માટે ૧૧ નિયમો અને સંતોને માટે ૩ ગ્રંથો તથા પંચવર્તમાનનું પાલન ફરજિયાત કરી દીધું. તેઓ સૌ પ્રથમ લોજના આશ્રમમાં દાખલ થયા અને એ દ્વારા સંસ્થામાં દાખલ થયા, ત્યારે પ્રથમ પગલું લીધું - અંગારાની આપ-લે માટેનો ગોખલો પુરાવ્યો અને સ્ત્રી-પુરુષની સભા નોખી કરી. ઉત્સવ-સમૈયાની એવી સુંદર બાંધણી કરી કે જેમાં ભક્તિભાવના અને પવિત્રતાની વૃદ્ધિ અને પુષ્ટિ તો થતી જ હતી, પણ સાથે સાથે કલ્પના કરો કે એ જમાનામાં દૂર-સુદૂરના હરિભક્તો સંઘના રૂપમાં ભેગા મળીને એકબીજાને આત્મીયતાપૂર્વક એકબીજાનો પરિચય કેળવતાં કેળવતાં, સહયોગ આપતાં-આપતાં, પોતપોતાનું ભાતું લઈને આવે - આવી રીતનું સંસ્કૃતિ-મિલન કેવું અદ્‌ભુત વાતાવરણ સર્જતું હશે!

**ભગવાન સ્વામિનારાયણની આધ્યાત્મિક ક્રાંતિ એટલી પ્રભાવશાળી હતી કે અતિ પ્રતિભાસંપન્ન, સુખી અને બુદ્ધિશાળી એવા ૩૦૦૦ પ્રતિષ્ઠિતો સંસારનો ત્યાગ કરીને પરમહંસ બન્યા. એમનું સદાચરણ અન્ય લોકોની ઈર્ષ્યાનું શિકાર બન્યું.**

આ રીતે સંપ, સહકાર અને સફળ સમૂહ-સંચાલન (Mass Management)ના સિદ્ધાંતો એ જમાનામાં વણાઈ જતા હતા, તો વળી, એમણે શરૂ કરેલા અહિંસક યજ્ઞો શુદ્ધ શાસ્ત્રોક્ત તો હતા જ, પણ લોકોને માટે એ ક્રાંતિકારી પગલું હતું. આ રીતે તેઓ એક પછી એક એવાં ક્રાંતિકારી પગલાં લેતાં રહ્યાં કે એમના માટે લખાયું:

*"નહોતી દીઠી, નહોતી સાંભળી રે,*
*પ્રગટાવી એવી પુનિત (રીત); પુરુષોત્તમ પ્રગટી રે..."*

## સંસ્થાનું તત્ત્વજ્ઞાન:

નીલકંઠવર્ણીએ તીર્થાટન દરમ્યાન અનેક સંસ્થાઓના તત્ત્વજ્ઞાનનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. કઈ સમજણ વધુ સાચી અને ઉપયોગી હતી એ નક્કી કરી લીધું અને પોતાની સંસ્થાનું તત્ત્વજ્ઞાન સર્વોચ્ચ બને એની કાળજી લીધી. તેઓ દરેક સ્થાનમાં જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ-પરબ્રહ્મ - આ પાંચ તત્ત્વોના ભેદો અંગે જે તે સંપ્રદાય કે સંસ્થાની માન્યતાને ચકાસતા રહ્યા. અનેક આશ્રમોમાં એમણે શુદ્ધ ભક્તિમાર્ગ, પાંચ અનાદિ ભેદોની સ્પષ્ટ સમજણ - એ વિષે દિવસો સુધી સુપેરે ચર્ચા કરી. કોઈ મોટા ગુરુઓને આ કિશોરની વાત ન ગમી, તો એમનો ખોફ પણ વહોરી લીધો અને જ્યારે પોતાની સંસ્થાની વાત આવી ત્યારે તેમણે પોતાના તત્ત્વજ્ઞાનમાં આ અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું. વચનામૃત ગ.પ્ર. ૭, ગ.અં. ૧૦, ગ.મ. ૩ ગ.મ. ૩૧ વગેરેમાં એમણે જણાવ્યું કે આ પાંચ ભેદ અનાદિ છે.

વિદ્વાનોને પણ એમનો અક્ષરબ્રહ્મ અંગેનો વિચાર વિશેષ ક્રાંતિકારી લાગ્યો. જો કે હકીકતમાં એમણે કોઈ વાત ઉપજાવી કાઢી નહોતી, પરંતુ શાસ્ત્રોનું ખરું અર્થઘટન આ જ હતું. એમણે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સ્પષ્ટ રીતે સમજાવ્યું. વચનામૃત ગ.પ્ર. ૨૧, ગ.મ. ૩, ગ.પ્ર. ૭૧ વગેરેમાં અક્ષરબ્રહ્મની અનિવાર્યતા પણ સમજાવી. વળી એમણે ભગવાનને સાકાર, સર્વોપરિ, કર્તા અને પ્રગટ કહીને નિરૂપ્યા. એમણે પરમ એકાંતિક સંતને મોક્ષનું દ્વાર (વચનામૃત ગ.પ્ર. ૫૪, ગ.મ. ૫૪, ગ.મ. ૫૯) બતાવ્યા. એમના દ્વારા જ મોક્ષ થશે. (વચનામૃત વર. ૫, ગ.અં. ૨, ગ.મ. ૨૧) એમના દ્વારા જ સદ્‌ગુણો પમાશે. (વચનામૃત ગ.પ્ર. ૬૭, ગ.મ. ૩૧) અને મોક્ષનું સાધન પ્રગટ સત્પુરુષનો પ્રસંગ - સમાગમ - આત્મબુદ્ધિ જ છે. (ગ.મ. ૩૨, વર. ૧૧, ગ.અં. ૭) - આ રીતે મોક્ષ માર્ગની અતિ સ્પષ્ટ સચોટ છણાવટ કરી. અગાઉ આ અંગેની આટલી સ્પષ્ટ વાતો ટૂંકમાં રજૂ થઈ ન હોવાથી એમનું આ તત્ત્વજ્ઞાન પંડિતોને જ્ઞાનમાર્ગની ક્રાંતિ સમાન લાગ્યું.

## શ્રીજીમહારાજનું જીવન અને કાર્ય:

સમગ્રપણે શ્રીજીમહારાજનાં જીવન અને કાર્યનો અભ્યાસ કરતાં જરૂર પ્રતીતિ થશે કે એક અલૌકિક, અદ્‌ભુત, અદ્વિતીય અવતારી પુરુષની ગાથા છે. તેઓ વ્યક્તિગત રીતે જેમ વર્ત્યા છે - સર્વોપરિ છતાં સર્વના સુહૃદ, અવિરત પરિવ્રાજક, પ્રતાપી સંતોના નેતા, ઓજસ ભર્યા હરિભક્તોના પ્રેરણામૂર્તિ, બિનસત્સંગીઓના આકર્ષણનું કેન્દ્ર, તત્ત્વજ્ઞાનના પરિપૂર્ણ માર્ગદર્શક, આચારશુદ્ધિના પ્રખર પ્રવર્તક, સાહિત્ય-સંગીત-નિર્માણકાર્યોના સફળ સંચાલક અને પોષક, સમાજના શુદ્ધિકર્તા - આ બધું જ એમની અદ્વિતીય પ્રતિભાનું શબ્દાતીત શિલ્પ ખડું કરે છે. આપણા જેવા પૃથ્વીના પાર્થ માનવો જ્યારે આ પ્રતિભાને એક નૂતન સૂર્યોદયરૂપે મુગ્ધ ભાવે નિહાળીએ ત્યારે અન્ય શબ્દો ન જડતાં કહી બેસીએ છીએ કે ભગવાન સ્વામિનારાયણ એટલે કોણ?

- આધ્યાત્મિક ક્રાંતિના આદિત્ય.

(અનુસંધાન પૃષ્ઠ ૯ ઉપરથી)
છે. વરતાલનાં કુલ ૨૦ વચનામૃતો પૈકી ૭ વચનામૃતો મંદિરના પ્રાંગણમાં લીંબડા નીચે ઉદ્‌બોધેલ છે.

● શ્રીહરિ એક વાર વરતાલ પધાર્યા હતા. કાઠિયાવાડનો સંઘ પહેલી વાર તેમની સાથે વરતાલ આવ્યો હતો. એ લોકોએ રાયણ જેવું ફળ ક્યારેય જોયું ન હતું. શ્રીહરિએ બધાને પોશ ભરીને રાયણ આપતાં કહ્યું: 'સૂરા આપા! રાયણ જમો.'

સૂરા આપા કહે: 'મહારાજ! આ તો લીંબોળી! આમાં શું ખાવું?' શ્રીહરિ હસીને કહે: 'ખાવ તો ખરા!'

સૂરા આપા એ રાયણો લઈ એકબાજુ જઈ માતરા ધાધલને કહે: 'માતરા! ભલે મહારાજ આને રાયણું ભણે છે, પણ આ લીંબોળી જ છે, ખાલી ભોં ફેર છે અને જાત ફેર છે, આ ગુજરાતની ને ઓલી આપણા કાઠિયાવાડની.'

પણ શ્રીહરિએ જ્યારે સૂરા આપાને સોગંદ દઈને રાયણો ખવરાવી ત્યારે સૂરા આપાનાં ચશ્માં ઠરી ગયાં! અને રાજી થઈને બોલ્યા: ''મહારાજ! તમે ભણતા'તા ઈ હાવ સાચું!'

ત્યારે શ્રીહરિએ રાયણ અને લીંબોળીનું ઉદાહરણ આપી, અવતારી અને અવતારોના ભેદની વાત સહજ રીતે કરી.

● ભગવાન સ્વામિનારાયણ એકવાર શિયાળાના આરંભે કાર્તિક માસમાં લોયા પધાર્યા હતા. અહીં સંઘા પટેલ તથા સુરાખાચરના દરબારમાં ઘણું રહેતા. લોયામાં બે લીંબડાની વચ્ચે બેસીને શ્રીહરિ વચનામૃતની કથા કરતા. બે માસ રહ્યા તે દરમિયાન શ્રીહરિએ ગામોગામથી સંતોને બોલાવી ઘણી વાર શાકોત્સવ કરાવ્યો હતો. એક બાજુ લીંબડાના ઝાડ નીચે પાંચ ચૂલો ખોદી હતી. ત્યાં સવારે શ્રીહરિ પોતે મોટાં મોટાં પાંચ તપેલાંમાં સાઠ મણ રીંગણાંનું શાક, અઢાર મણ ઘીમાં વઘારીને કરતાં અને જાતે પીરસતા.

● શ્રીહરિ એક વાર નાગડકા પધાર્યા હતા. અહીં તેમણે વસંતનો ઉત્સવ ભાગવતની કથાથી શરૂ કર્યો. લીંબડા નીચે સભાસ્થાન બનાવ્યું. શ્રીહરિને લીંબડો ખૂબ જ ગમતો, તેનો સ્વાદ કડવો પણ તેની છાયા મીઠી. તેથી જ શ્રીહરિ પણ ઘણુંખરું લીંબડાની નીચે જ બિરાજતા. નિત્યાનંદ સ્વામી કથા વાંચતા હતા અને શ્રોતાઓ સાંભળવામાં મુગ્ધ હતા. કથા પૂરી થઈ અને સ્વરૂપાનંદ સ્વામી તેમના મંડળ સાથે ત્યાં આવ્યા. તેમને જોઈ શ્રીહરિ એકદમ ઊભા થઈ ગયા. સ્વામી તથા તેમના મંડળના સાધુઓ શ્રીહરિને દંડવત્ કરવા લાગ્યા. શ્રીહરિ સ્વામી પાસે પહોંચી ગયા અને તેમને દંડવત્ કરતા રખાવીને ખૂબ જ પ્રેમથી ભેટ્યા. સ્વામી નિમાડ દેશમાં સત્સંગ કરાવીને આવ્યા હતા. ત્યાં શું તકલીફો તેમણે વેઠી હતી, કેટલો ત્રાસ તેમણે ભોગવ્યો હતો તે તો શ્રીહરિ જ જાણતા હતા. સ્વામીને તો ફક્ત શ્રીહરિને પ્રસન્ન કરવા કાર્ય કરવાનું હતું. નિમાડ દેશની પ્રજાને તેમણે શ્રીહરિનો મહિમા સમજાવી દીધો. વ્રતો આપી જીવન અને આચરણ શુદ્ધ કરી દીધાં. શ્રીહરિ તેથી તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન હતા.

શ્રીહરિએ તેમને સહજ સ્વભાવે પૂછ્યું: ''સ્વામી! તે દેશમાં મનુષ્ય કેવા છે?'' એટલે સ્વામીએ તેમની ભાષામાં કહ્યું: ''મહારાજ! મનુષ્ય તો ફક્ત લીંબડી કી નીચે દેખ્યા હૈ.'' તે સાંભળી શ્રીહરિ હસ્યા, પરંતુ એક ભક્તે પૂછ્યું: ''મહારાજ! સ્વામીએ મનુષ્ય દીઠા નહીં તો પછી કલ્યાણ કેનાં કર્યાં હશે?''

એટલે શ્રીહરિએ કહ્યું: ''સાંભળો, બીજા સંતો તો મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, કંઠી બંધાવી સત્સંગી કરે ત્યારે તેમનું કલ્યાણ થાય; પરંતુ આ સ્વરૂપાનંદ સ્વામીનાં તો દર્શન કરીને જ મનુષ્યોનું કલ્યાણ થઈ જાય છે. એવા એ મોટા છે.'' શ્રીહરિના આ શબ્દોથી સ્વરૂપાનંદ સ્વામીનો મહિમા સૌને સમજાયો.

એકવાર શ્રીહરિ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા ત્યારે રાત્રે શ્રીહરિએ લિંબતરુ નીચે સભા કરી. તે વખતે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યું: ''મહારાજ! આપને લીંબડો બહુ જ પસંદ જણાય છે. અહીં પણ આ લિંબતરુ નીચે સભા કરો છો અને રાધાવાવ પધાર્યા તો ત્યાં પણ લીંબડાના વૃક્ષ ઉપરથી આપે વાવમાં ધૂબકો માર્યો. આંબલીનું વૃક્ષ પણ પાસે જ હતું.''

શ્રીહરિ આ સાંભળી હસ્યા. શ્રીહરિએ કહ્યું: ''લીંબડો છે કડવો, પણ રોગ કાઢે તેવો છે. તેથી અમને તે બહુ જ પ્રિય છે. અમારાં વચન પણ લીંબડાના રસની પેઠે કડવાં છે, તે પાળવાં કઠણ છે, પણ દેહ મૂક્યા પછી તે અક્ષરધામનું સુખ આપે તેવાં છે; પરંતુ જે અમારાં વચન લોપીને વિષયસુખ ભોગવે છે, તે સુખ હમણાં તો તેમને સાકર જેવાં મીઠાં લાગે છે પણ ભવરોગ કાઢી શકતાં નથી અને દેહ મૂક્યા પછી ઘોરતમ નરકની યાતના ભોગવાવે છે.''

આમ, ભગવાન સ્વામિનારાયણની દિવ્ય લીલાઓના કેન્દ્રમાં અનેક પ્રસંગોએ લીંબડાનો સહજ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આયુર્વેદ અને સ્વાસ્થ્ય વિજ્ઞાનથી લઈ અધ્યાત્મની ઉચ્ચ જીવન-કથાઓ સુધી લીંબડાની આ શીતળ છાયા વિસ્તરેલી છે. ભગવાન સ્વામિનારાયણ પછી તેમના અનુગામી ગુણાતીત ગુરુઓ અને મહાન સંતોના જીવન અને ઉપદેશ સાથે પણ લીંબડાની અવનવી પ્રેરક વાતો સંકળાયેલી છે. તેની વિશેષ વિગતો આવતા અંકે માણીશું. ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા ખંડમાં સ્વામિનારાયણીય પરંપરા અને ભારતીય સંસ્કૃતિનો જયઘોષ

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે આપેલાં સનાતન મૂલ્યો અને ભારતીય સંસ્કૃતિનો દિગંતવ્યાપી ઉદ્‌ઘોષ કરનાર સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શરૂ કરેલી સત્સંગ-યાત્રા ૯ વર્ષ પછી પણ એ જ ગતિથી અવિરત ચાલી રહી છે.

તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આફ્રિકા ખંડ અને ઓસ્ટ્રેલિયા ખંડની ધર્મયાત્રા કરીને ભારતીય સંસ્કૃતિનો જયજયકાર કર્યો હતો. આ ધર્મયાત્રા દરમ્યાન સ્વામીશ્રીએ દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાનાં મહાનગરોમાં બિરાજીને હજારો હરિભક્તો-ભાવિકોને અપૂર્વ સત્સંગલાભ આપ્યો હતો. ૯૨ વર્ષીય સ્વામીશ્રીની સંતપ્રતિભાથી હજારો હરિભક્તો, સ્થાનિક મુમુક્ષુઓ, લોકનેતાઓ, પદાધિકારીઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અવિરત વહેલી અનેકવિધ કાર્યક્રમોની ભરમારે સૌમાં અનેરી આધ્યાત્મિક ઊર્જા ભરી દીધી હતી.

આ ધર્મયાત્રા દરમ્યાન દક્ષિણ આફ્રિકામાં સ્વામીશ્રીએ આપેલા સત્સંગલાભને આપણે ગત અંકમાં માણી ચૂક્યા છીએ, અહીં ઓસ્ટ્રેલિયાના મેલબર્ન અને સિડનીમાં આપેલા આધ્યાત્મિક લાભને માણીએ...



## મેલબર્ન ખાતે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો કીર્તિધ્વજ લહેરાવતા સ્વામીશ્રી...

*પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે પ્રસરાવેલાં આધ્યાત્મિક મૂલ્યોનો ઉજાસ પ્રસરાવવા માટે અને પૂર્વના દેશોમાં વસતા મુમુક્ષુઓને આધ્યાત્મિક લાભ આપવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પૂર્વ અને દક્ષિણ આફ્રિકા ખાતે દિવ્ય સત્સંગ લાભની સરવાણી વહાવીને ઓસ્ટ્રેલિયાના મહાનગર મેલબર્ન ખાતે પદાર્પણ કર્યું હતું.*

*ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની ધર્મધજા લહેરાવવા માટે વિચરણ કરી રહેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ઓસ્ટ્રેલિયાની યાત્રા દરમ્યાન પ્રથમ મેલબર્ન અને ત્યારબાદ સિડની ખાતે બિરાજીને દિવ્ય સત્સંગલાભ આપ્યો હતો. આ બંને સત્સંગ-કેન્દ્રોમાં પધારવાનો સ્વામીશ્રીનો પ્રધાન હેતુ હતો - મેલબર્નમાં રચાનારા ભવ્ય-દિવ્ય સ્વામિનારાયણ અક્ષરધામની ભૂમિનું પૂજન અને સિડની ખાતે નિર્માણ પામી રહેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પરિસરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. હિન્દુ મંદિર એન્ડ કલ્ચરલ સંકુલનું ઉદ્‌ઘાટન અને તેમાં મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા. આવા અનેક ઉત્સવ-પ્રસંગો દ્વારા સ્વામીશ્રીએ અહીં મુમુક્ષુઓ માટે કલ્યાણની ભાગીરથી વહેતી મૂકી હતી.*

*સનાતન હિંદુ સંસ્કૃતિની આધ્યાત્મિકતાને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે સનાતન હિન્દુ સંસ્કારોની સરિતા વહાવતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં બંને મહાનગરોમાં સત્સંગની અનેરી આભા છવાઈ ગઈ હતી. સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન, પૂજામાં બાળકો-યુવકોની વિવિધ પ્રસ્તુતિઓ, સંતોના કંઠેથી ભક્તિ-સંગીતની સરગમ, સત્સંગ સભાઓ, વિદ્વાન સંતોનાં મનનીય અને પ્રેરક વ્યાખ્યાનો અને મહંત સ્વામી મહારાજની હૃદયંગમ અમૃતવાણીનો લાભ લઈને પેસિફિક પ્રદેશના હજારો હરિભક્તો પાવન થયા હતા. સ્વામીશ્રીએ અદ્‌ભુત આધ્યાત્મિક લાભ આપીને સૌમાં સત્સંગ-ભક્તિની સુવાસ ભરી દીધી હતી.*

*સ્વામીશ્રીના આગમનની ખુશીમાં આબાલ-વૃદ્ધ ભક્તોએ વ્રત-તપ-ઉપવાસની અનોખી ભક્તિગંગા વહાવી હતી. વળી, વિવિધ પ્રસંગોએ પધારેલા સ્થાનિક લોકનેતાઓએ સ્વામીશ્રીનું હાર્દિક સ્વાગત કરીને તેમને શબ્દસુમનથી આવકાર્યા હતા. મેલબર્ન ખાતે બિરાજીને સ્વામીશ્રીએ આપેલા દિવ્ય આધ્યાત્મિક લાભનું અહીં આચમન કરીએ...*

## આગમન

પૂર્વ આફ્રિકા અને દક્ષિણ આફ્રિકા ખાતે સત્સંગ લાભ આપીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તા. ૧૧-૨-૨૦૨૫ના રોજ ૧૫ કલાક કરતાં વધુ સમય સુધી હવાઈ મુસાફરી કરીને તા. ૧૨-૨-૨૦૨૫ની રાત્રે મેલબર્નના 'ટુલામરીન ઍરપોર્ટ' પર પધાર્યા.

ઓસ્ટ્રેલિયામાં ધર્મધજા લહેરાવવા માટે મેલબર્ન ખાતે પધારી રહેલા સ્વામીશ્રીને સત્કારતી સ્વાગત-સભા યોજાઈ હતી. સ્વામીશ્રીના આગમનને મોડું થાય એમ હતું તેથી સ્વામીશ્રીએ સ્વાગત-સભામાં ઊમટેલા સેંકડો હરિભક્તો-ભાવિકોને ઝૂમ-કૉલના માધ્યમથી દર્શન-આશિષ આપ્યાં હતાં. ઉપવાસી સંતો-ભક્તોને પારણાં કરવાની આજ્ઞા કરી હતી.

૯૨ વર્ષની ઉંમરે, ભીડાદાયક ૧૨,૦૦૦ કિલોમીટરની મુસાફરી કરીને ઍરપોર્ટ પર પધારેલા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું સંતોએ હાર વડે સ્વાગત કર્યું હતું. ઍરપોર્ટ પર પ્રાથમિકવિધિ પૂર્ણ કરીને સ્વામીશ્રી સંતમંડળ સાથે અહીંની મધ્યરાત્રિના ૧૨:૨૫ વાગ્યે મેલબર્ન ખાતે અક્ષરધામની નૂતન ભૂમિ પર પધાર્યા. પરિસરની બહાર ઊભેલા હરિભક્તોએ સ્વામીશ્રીને આવકાર્યા. ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડમાં સેવા આપતા સંતોએ ઉષ્માભર્યા હૃદયે ગુરુહરિનું સ્વાગત કર્યું. યુવકો અને વડીલોએ ઉમંગભેર હરિ અને ગુરુને વધાવ્યા હતા.

પોણા સાત વર્ષના અંતરાલ બાદ ઓસ્ટ્રેલિયાની ધરા પર પધારેલા સ્વામીશ્રીના સ્વાગતમાં સંતો અને આબાલ-વૃદ્ધ ભક્તોએ વ્રત-તપ-ઉપવાસની ભક્તિગંગા વહાવી હતી. સ્વામીશ્રીએ સૌ ઉપવાસીઓને રાજીપાભર્યા આશિષ પાઠવ્યા હતા.

## સ્વાગત દિન

તા. ૧૬-૨-૨૦૨૫ના રોજ ઓસ્ટ્રેલિયામાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સત્કારતી સ્વાગત-સભા યોજાઈ હતી. 'ક્રેનબર્ન રેસકોર્સ' સ્થળ પર ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડના સંતો-ભક્તોએ અપ્રતિમ પુરુષાર્થ કરીને અદ્ભુત 'સ્વામિ-નારાયણ નગર' રચ્યું હતું. સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને સત્સંગ સભાઓ પણ આ જ સ્થાન પર આયોજિત હતી.

સાયંકાળે યોજાયેલી સ્વાગત-સભામાં હરિભક્તોએ ઉમંગથી બી.એ.પી.એસ.ની ધજાઓ લહેરાવી ગુરુદેવને સત્કાર્યા હતા. ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડના અલગ અલગ વિસ્તારના ભક્તોએ પોતાના વિસ્તારોની વિશેષતાભરી વેશભૂષામાં નૃત્યાંજલિ દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું ભક્તિભર્યું અભિવાદન કર્યું હતું. કેટલાક ભક્તોએ જયઘોષ તો કેટલાકે દૂરથી હારતોરા અર્પણ કરીને વિશેષ ભક્તિ અદા કરી હતી. સફેદ લેંઘા-ઝભ્ભામાં સજ્જ બાળકોએ સત્સંગદીક્ષામાં વર્ણિત અક્ષરબ્રહ્મના મહિમાના શ્લોકોનું ગાન કરીને બ્રહ્મ-પરબ્રહ્મને વધાવ્યા.

બાળકો-કિશોરો-યુવકોએ કીર્તન પર ઉમંગભર્યું નૃત્ય કરતાં હરિ અને ગુરુને આવકાર્યા. સંતોએ પૂજન અને હારતોરા વડે ઇષ્ટ સ્વરૂપોને પૂજ્યા. ત્યારબાદ એશિયા- પેસિફિકના વિવિધ પ્રદેશોના અગ્રણી ભક્તોએ વિવિધ નૈવેદ્ય ધરાવી વિશિષ્ટ ભક્તિ અદા કરી હતી.

આજની સભામાં સ્વામીશ્રીને સત્કારવા માટે વિક્ટોરિયા રાજ્યના મુખ્યમંત્રીશ્રીના પ્રતિનિધિ શ્રી ઈવાન વોલ્ટર્સ (Iwan Walters) પધાર્યા હતા. તેમણે સમગ્ર રાજ્ય વતી ભાવનાઓ વ્યક્ત કરતાં કહ્યું, 'નમસ્તે, જય સ્વામિનારાયણ. સ્વામી, મેલબર્નમાં આપનું સ્વાગત છે. આ વિશેષ અવસર પર આપ બધાની સાથે અમારું હોવું તે અત્યંત સન્માનજનક અને વિનમ્ર અનુભવ છે, જ્યારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું મેલબર્નમાં આગમન થયું છે.

હું વિક્ટોરિયાના પ્રીમિયર (મુખ્યમંત્રી) તરફથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સ્વાગત કરતાં અત્યંત હર્ષિત છું. મુખ્યમંત્રી શ્રીમતી જેસિન્ટા એલને (Jacinta Allan) મને આપનું સ્વાગત કરવાનું અને આપના કૃપાળુ આધ્યાત્મિક માર્ગદર્શન તથા નેતૃત્વ બદલ ધન્યવાદ આપવાનું કહ્યું છે. અમે બધા અત્યંત વિનમ્ર અને આભારી છીએ કે ૯૨ વર્ષની ઉંમરમાં પરમ પૂજ્ય સ્વામીજી જ્ઞાન, કરુણા અને નિઃસ્વાર્થ સેવાના પ્રકાશસ્તંભ બની રહ્યા છે. અને સંપૂર્ણ વિશ્વમાં લાખો લોકોને પ્રેરિત કરી રહ્યા છે. સ્વામીજીની ઉપસ્થિતિ હજારો વિક્ટોરિયા વાસીઓને શાંતિ, એકતા અને ભક્તિની ભાવનામાં જોડી રહી છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક પ્રમુખના રૂપમાં, સ્વામીજીએ પોતાનું સંપૂર્ણ જીવન શ્રદ્ધા, કરુણા તથા સૌહાર્દનાં મૂલ્યોને અભિવૃદ્ધ કરવામાં સમર્પિત કર્યું છે. બી.એ.પી.એસ. જેવી સંસ્થાઓ અમારા વિવિધ સમુદાયોને એક સાથે જોડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. હું પ્રીમિયર તરફથી ધન્યવાદ પાઠવું છું.' સૌએ શ્રી વોલ્ટર્સને તાળીઓના બુલંદ

નાદથી અભિવાદિત કર્યા.

તેઓશ્રીના સ્વાગત-વક્તવ્ય બાદ અહીંના સંતો-ભક્તોએ સંપ, દિવ્યભાવ, નિષ્ઠા જેવાં સત્સંગનાં મૂલ્યોની વિશિષ્ટ પ્રસ્તુતિઓ દ્વારા સ્વામીશ્રીનું શાનદાર સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું, ''તમે બધાએ મહારાજ-સ્વામીનું સ્વાગત સંપ, દિવ્યભાવ અને નિષ્ઠાથી કર્યું, તેથી અમે ખૂબ રાજી થયા છીએ.

સંપ માટે યોગીબાપા કહેતા કે 'તમે બધા સંપ રાખશો તો અમે ૫૦ વર્ષ આવરદા વધારી દઈશું.' તો સંપનો કેટલો બધો મહિમા છે?! એટલે આપણે સંપ વધારે ને વધારે રાખવો.

દિવ્યભાવ માટે શ્રીજીમહારાજે કહ્યું છે કે 'ભગવાનને ભજતાં સર્વે હરિજનો દિવ્ય છે.' જેને જેને સત્સંગ મળ્યો એ બધા દિવ્ય છે, બધા અલૌકિક છે. એવી ભાવના સાથે આ સત્સંગમાં રહીએ તો કેટલો બધો લાભ મળે!... 'આ મર્મની વાત જે કોઈ સમજે, ધારે, વિચારે તે મગ્ન થઈ જાય છે.' એટલે ભગવાનમય! તેને છેટું રહેતું નથી. 'જગ જીતી જાય છે.' જગ માયાવી છે, અનંતકાળથી બધાને હેરાન કરે છે. 'અને આઠે પહોર એનો આનંદ ટળતો નથી.' એટલે ચોવીસ કલાક! ભગવાનમય!

અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા માટે તો શાસ્ત્રીજી મહારાજનો જન્મ હતો. શાસ્ત્રીજી મહારાજ કહેતાઃ 'આ મુંડાવ્યું છે તે અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવ્યું છે.' આ જેવીતેવી વાત નથી. આ વાક્ય સાંભળતાં અત્યારે આપણને કેફ ચઢી જાય છે તો શાસ્ત્રીજી મહારાજને કેટલો કેફ હશે?! આપણે બધા ખૂબ સુખી છીએ તે નિષ્ઠાના બળે.''

## ■ સત્સંગ સભા

તા. ૧૯-૨-૨૦૨૫ના રોજ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં 'ઉત્સાહ ભરપૂર છે' મધ્યવર્તી વિચાર સાથે વિશિષ્ટ સભા યોજાઈ હતી. સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે બાળ-યુવાવૃંદે 'સપનું છે કે શું?' કીર્તન પર ભક્તિનૃત્ય કરીને ગુરુદેવનું સ્વાગત કર્યું હતું. નૃત્યાંજલિ દરમ્યાન સંતોએ હાર અને ચાદર વડે સ્વામીશ્રીને વધાવ્યા હતા.

આજની સભાનો મધ્યવર્તી વિચાર સ્વામીશ્રીએ લખેલા પત્રના શબ્દો પર કેન્દ્રિત હતો.

આજની સભામાં મુખ્યત્વે તપ-ઉપવાસ અને ભક્તિની સરવાણી ગુંજી રહી હતી. છેલ્લા સાત મહિના દરમ્યાન એશિયા-પેસિફિક વિસ્તારના ભક્તોએ વિશેષ તપ-વ્રત-ભક્તિ કર્યાં હતાં તેમની નામાવલિ પ્રસ્તુત થઈ. સ્વામીશ્રીએ આ તપસ્વી ભક્તો પર રાજીપાભરી દૃષ્ટિ કરી. મહિલા ભક્તોની ભક્તિને પણ સૌએ તાળીનાદથી વધાવી.

સૌ તપસ્વીઓ પર સ્વામીશ્રીએ અંતરના રાજીપાથી આશિષ વરસાવ્યાઃ ''બધાને ખૂબ ખૂબ ધન્ય છે. કેમ કે આટલું બધું તપ તમે બધાએ કર્યું. અને મરતી મરતી નહીં, ઉત્સાહથી - દૃઢતાથી કર્યું છે. ઉત્સાહ ભરપૂર છે! તમે બધાએ ખરેખર ડંકો મારી દીધો છે. હવે કાંઈ કહેવાપણું રહ્યું જ નથી. બધાંને ધન્યવાદ છે!

તમે બધાંએ તપ અને ભક્તિ કરીને મહારાજ-સ્વામી અને સત્પુરુષને રાજી કર્યા છે. ખાલી તપ એટલું નહીં, પણ ભક્તિ સહિત તપ! એ અઘરું! એટલે પ્રેમથી, ઉત્સાહની અંદર ઉત્સાહ! એવું બધું કર્યું છે, એટલે તમને બિરદાવવા શબ્દો જ નથી.

શ્રીજીમહારાજને તપ બહુ ગમતું. તપઃપ્રિયાય નમઃ એવું એમનું નામ છે. જે તપ કરે તેના પર તેઓ ખૂબ રાજી થતા. કેમ કે, દેહને કષ્ટ પડે એવી ક્રિયા. અને મોટી ઉંમરે બધું તપ કરે એ ખૂબ રાજીપો પ્રાપ્ત કરે છે.

પ્રમુખસ્વામી મહારાજ પણ કહેતાઃ 'તમે બધાએ વિશેષ તપ-ભક્તિ કર્યાં છે, એટલે અમારું સ્વાસ્થ્ય સારું રહે છે.' બરાબર વાત છે. તમે બધાંએ તપ-ભક્તિ કર્યાં છે એટલે અમારું (સ્વામીશ્રીએ પોતાના તરફ નિર્દેશ કર્યો) સ્વાસ્થ્ય સારું રહે છે!''

સ્વામીશ્રીનાં આ વચનો પર તો તાળીઓની અનરાધાર વર્ષા થઈ.

ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડમાં વિવિધ કલા-કૌશલ્યમાં હરિભક્તો આગળ વધે તે માટે 'આર્ટ ક્લાસીસ' શરૂ થયા છે. આ પ્રશિક્ષણ વ્યવસ્થિત થાય તે માટે સંતો-હરિભક્તોએ તૈયાર કરેલી 'લેવલ વન બુક'નું સ્વામીશ્રીએ સવારે વિમોચન કર્યું હતું.

## ■ નવ યુવાનને દીક્ષા

તા. ૨૩-૨-૨૦૨૫ના રોજ સ્વામીશ્રીએ આ જ પ્રાંતમાંથી સમર્પિત થયેલા પ્રદ્યુમ્ન ભગતને ભાગવતી દીક્ષા આપી હતી. દીક્ષાવિધિ અંતર્ગત સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ અને ગુરુમંત્ર આપીને 'કેશવસંકલ્પદાસ સ્વામી' નામ આપ્યું હતું. આ પ્રસંગે, દીક્ષાર્થીના વાલીઓને પોતાના વહાલસોયા એકના એક પુત્રને ભગવાનની સેવામાં સમર્પિત કરવા બદલ સ્વામીશ્રીએ ધન્યવાદ આપ્યા હતા. સંતોએ દીક્ષાર્થીઓના વાલીઓનું સ્વાગત કર્યું હતું. આજે જનોઈ ધારણ કરનાર પાંચ બ્રાહ્મણ બટુકો પર પણ સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ કરી હતી.

## ઓસ્ટ્રેલિયાની ધરતી પર મેલબર્ન મહાનગરમાં

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામનું ભૂમિપૂજન





ઓસ્ટ્રેલિયાની ધરતી પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દિવ્ય સંકલ્પથી મેલબર્ન મહાનગરમાં ભારતીય સંસ્કૃતિના અપૂર્વ અને ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામનું પરિસર સાકાર થવાનું છે. ગાંધીનગર, નવી દિલ્હી, રોબિન્સવિલ-અમેરિકા, સુરત અને હવે ઓસ્ટ્રેલિયા ખાતે મેલબર્ન મહાનગરમાં પાંચમા અક્ષરધામ પરિસરનું મહંત સ્વામી મહારાજે માંગલિક બીજ વાવ્યું છે.

તાજેતરમાં મેલબર્ન ખાતે તા. ૧૭-૨-૨૦૨૫ના રોજ સ્વામીશ્રીએ જણાવ્યું હતું, ''અહીં ભવ્ય-દિવ્ય અક્ષરધામ થશે અને મહારાજ-સ્વામી અહીં અખંડ વિરાજશે અને સુખ આપશે. પેસિફિક વિસ્તારમાં અક્ષર-પુરુષોત્તમનો ભવ્ય ડંકો વાગશે.''

તા. ૧૮-૨-૨૦૨૫ના રોજ સ્વામીશ્રીએ, અહીં રચાનાર ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામની ભૂમિનું નિરીક્ષણ કર્યું હતું. સ્વામીશ્રીએ પોતાની આ સંકલ્પ-ભૂમિ પર પધારીને પૂર્ણ પ્રેરણાઓ અને માર્ગદર્શન આપ્યાં હતાં. તા. ૨૨-૨-૨૦૨૫ના રોજ સવારે, ઓસ્ટ્રેલિયાના મેલબર્ન ખાતે પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં કરકમળો વડે 'સ્વામિનારાયણ અક્ષરધામ'નું વેદોક્ત ભૂમિપૂજન થયું હતું. આ પ્રસંગે સદ્‌ગુરુ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં વૈદિક મહાપૂજા વિધિનો સૌએ લાભ લીધો હતો. બાળકો-યુવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિવિધ રજૂઆતો કરીને આજના પ્રસંગને વધાવ્યો હતો.

ઓસ્ટ્રેલિયામાં સેવા આપતા પૂજ્ય પરમચિંતનદાસ સ્વામી અને સંતોએ પરમ પૂજ્ય સ્વામીશ્રીનું તથા અનેક મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યના ડેપ્યુટી પ્રીમિયર અને સાંસદ શ્રી બેન કારોલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મુખ્યમંત્રી શ્રીમતી જેસિન્ટા એલનનો સંદેશ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કર્યો. પોતાની ભાવોર્મિઓ રજૂ કરતાં તેઓશ્રીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા થતાં સમાજ-ઉત્થાન અને જીવન-ઉત્કર્ષનાં વૈશ્વિક કાર્યોને બિરદાવ્યાં હતાં. તેમણે જણાવ્યું કે 'સમગ્ર માનવજાત માટે વૈશ્વિક શાંતિ અને સંવાદિતા માટેના આ અક્ષરધામના ભૂમિપૂજનના ઐતિહાસિક દિને ઉપસ્થિત રહીને હું ધન્યતા અનુભવું છું.' અન્ય મહાનુભાવોએ આ શુભ પ્રસંગે સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

સ્વામીશ્રીએ આશીર્વચનો વરસાવતાં કહ્યું: ''આ અક્ષરધામ બનશે તેનાથી ઓસ્ટ્રેલિયા દેશને ઘણો લાભ થશે. મહારાજ-સ્વામી આ ભૂમિ પર પધારી બધાનું કલ્યાણ કરશે અને અનેક પ્રકારે ખૂબ લાભ આપશે! અક્ષરધામ બનાવવાનો હેતુ બધાને સંસ્કાર પ્રાપ્ત થાય અને જીવન સુંદર બને એ છે.

આ અક્ષરધામમાં જે સેવા કરશે

એનું ફળ - અક્ષરધામ. એટલે બધાએ ધર્મ-નિયમ રાખીને સેવા કરવાની. શ્રીજીમહારાજે જે મર્યાદા સ્થાપી છે એ રહેશે એટલે આપણે આ બધું કાયમ લાંબા સમય સુધી ચાલશે. બધાના કર્તા શ્રીજીમહારાજ છે. એ બધું કરે છે. બધામાં બધી પ્રેરણાઓ, હરિભક્તોમાં બળ એ જ પૂરે છે, પૂરશે! ભગવાનની પ્રેરણાથી જ બધું થાય છે.

અક્ષરધામનો આરંભ થઈ રહ્યો છે, આવું મોટું કાર્ય છે તો અંદરોઅંદર દિવ્યભાવ રાખવો અને એકબીજાને પગે લાગવું. એની પાછળ જબરજસ્ત ભાવનાઓ છે, જે આપણને બધાને એક કરીને રાખે છે!''

સ્વામીશ્રીએ ભૂમિપૂજન નિમિત્તે ૧૬ ફેબ્રુઆરીએ પરમચિંતનદાસ સ્વામી પર એક અલૌકિક પત્ર લખ્યો હતો. જેમાં સ્વામીશ્રીના અંતરની ભાવનાઓ સૂર્યની જેમ ઝળહળી રહી:

''આપણે સર્વોપરી અક્ષરધામ કરવું છે. તે ભવ્ય, દિવ્ય અક્ષરધામ જોતજોતાંમાં થઈ જશે. આપણે કેવળ પથ્થર અને ઈંટો, રેતીનું અક્ષરધામ નથી કરવું. માત્ર કલા-કોતરણી નથી કરવી. આપણે દિવ્ય મૂલ્યોથી અક્ષરધામ બનાવવું છે. તેના પાયામાં સંપ, ભક્તિ, સેવા, દિવ્યતા, શાંતિ, પ્રાપ્તિ, ગુણગ્રહણ વગેરે મૂલ્યોથી ચણતર કરવું છે.

નિષ્ઠા અને સમર્પણથી અક્ષરધામ શણગારવું, બનાવવું છે. અક્ષર-પુરુષોત્તમની ભક્તિથી બનાવવું છે અને શણગારવું છે. Akshardham is not only a place of beautiful art, architecture, culture and traditions. It is a haven of spirituality, peace and devotion.

Akshardham બાંધ્યા પછી પણ Maharajની આ ભાવનાઓનું તેના પર રોપણ કરવું છે. બધાના રોમેરોમમાં આ ભાવનાઓ વહેતી કરવી છે.''



સ્વામીશ્રીના અંતરમાં અક્ષરધામ કરવાનો ઉમંગ-ઉત્સાહ તેમના આ શબ્દોમાં પડઘાતો હતો. અંતમાં સ્વામીશ્રીએ 'ધજા ફરકાવો અક્ષર-પુરુષોત્તમની દસે દિશામાં...' કીર્તનના તાલે બી.એ.પી.એસ.ની ધજા લહેરાવી સ્મૃતિ આપી હતી.

સ્વામિનારાયણ અક્ષરધામના ભૂમિપૂજનનો આ દિવસ ઓસ્ટ્રેલિયામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગના એક સુવર્ણપૃષ્ઠમાં અંકિત થનાર ઐતિહાસિક દિવસ બની રહ્યો હતો.

◆

## સ્વામીશ્રીના આગમન નિમિત્તે ઓસ્ટ્રેલિયાના હરિભક્તોએ વહાવી અનોખી ભક્તિગંગા

| નિયમ | સંખ્યા | | |
|---|---|---|---|
| નિર્જળા એકાદશી | ૧૧૫૬ | મહંતજી વ્રત | ૨૩૫૮ |
| ચેઇન ઉપવાસ | ૭૭૭૦ | માળાજપ | ૬,૧૪,૩૬૬ |
| ભગતજી વ્રત | ૨૮૮ | પ્રદક્ષિણા | ૧,૭૭,૧૬૮ |
| પ્રવાહી પર ઉપવાસ | ૪૦૫ | દંડવત્ પ્રણામ | ૧,૭૩,૨૨૨ |
| ખટરસ વ્રત | ૨૭ | પંચાંગ પ્રણામ | ૧,૩૩,૩૯૮ |
| ચાંદ્રાયણ વ્રત | ૧૫ | સહજાનંદ નામાવલી પાઠ | ૧,૧૯,૩૨૧ |
| ધારણાં-પારણાં વ્રત | ૪૭૦ (લગભગ) | પદયાત્રા | ૩૭૩૧ (૩૪,૩૨૫ કિ.મી.) |

# ઓસ્ટ્રેલિયાના ઉપ વડાપ્રધાન શ્રી રિચર્ડ માર્લ્સે
# પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વધાવ્યા...






તા. ૨૬-૨-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના અતિ પ્રિય 'સંપ' વિષયક સભા યોજાઈ હતી. સૌ હરિભક્તોએ 'સંપગીત' પર ઉમંગથી સંપહાર રચી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને આવકાર્યા હતા. સભામાં, ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડના કાર્યકરો તેમજ હરિભક્તોના સંપ, સુહૃદભાવ અને એકતાના સુંદર પ્રસંગો રજૂ થયા હતા. બાળ-યુવાવૃંદે 'एकता है शक्ति हमारी....' કીર્તન પર ભક્તિનૃત્ય કરીને અભિવંદના કરી હતી.

આજની સભામાં ઓસ્ટ્રેલિયાના ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર અને સંરક્ષણ મંત્રી શ્રી રિચર્ડ માર્લ્સ પધાર્યા હતા. ઓસ્ટ્રેલિયા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થઈ રહેલાં સમાજ-ઉત્થાન અને જીવન-ઉત્કર્ષનાં કાર્યોને તેઓએ બિરદાવ્યાં હતાં. પોતાની ભાવોર્મિઓ રજૂ કરતાં તેઓશ્રીએ જણાવ્યું, 'અહીં મેલબર્નમાં આપ સૌ વચ્ચે ઉપસ્થિત રહીને અત્યંત આનંદ અનુભવું છું. ભગવાન શ્રી સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક વારસદાર પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત સત્સંગદીક્ષા ગ્રંથને હું ઉદ્દેશપૂર્ણ માનવજીવન જીવવા માટે એક ક્રાંતિ સમાન ગ્રંથ માનું છું. ઓસ્ટ્રેલિયા દેશ વતી અહીં ઉપસ્થિત રહેવું અને પૂજ્ય સ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા એને હું મારું સદ્‌ભાગ્ય માનું છું. હિન્દુઇઝમ અને ભારતીય સમુદાય એ ઓસ્ટ્રેલિયામાં સૌથી ઝડપી વિકાસ પામનારા સમુદાયોમાંનો એક છે. અહીં ભવ્ય મંદિર રચવાના આપના સંકલ્પનું અમે સ્વાગત કરીએ છીએ, જે મંદિર માત્ર હિન્દુઓ માટેનું પ્રાર્થના સ્થળ જ નહીં, પણ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સેતુનું સ્થળ બનશે. પૂજ્ય સ્વામીજી, આપનું અહીં સ્વાગત કરવું એ મારું સદ્‌ભાગ્ય માનું છું. અહીં પધારવા બદલ અને આપના આશીર્વાદ બદલ આપનો ખૂબ ખૂબ આભાર.'

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે માનનીય નાયબ વડાપ્રધાનશ્રીને અમૃત કળશ અર્પણ કરીને, તેમના સુસ્વાસ્થ્ય માટે અને ઓસ્ટ્રેલિયા દેશની પ્રગતિ, શાંતિ, સલામતી અને સુખાકારી માટે આશીર્વાદ આપ્યા હતા.

સભાના અંતમાં સ્વામીશ્રીએ સંપ વિષયક આશીર્વાદ આપતાં કહ્યું: "ખરેખર, કટોકટીમાં શાસ્ત્રીજી મહારાજના સંતોએ સંપ રાખ્યો ને આગળ બધું કાર્ય કર્યું. ને અત્યારે આપણે જોઈએ છીએ – પાંચ પાંચ મહામંદિર કરી દીધાં; અને અત્યારે હજારો મંદિરો થઈ ગયાં. એનું કારણ સંપ!

મૂર્તિમાન દેખાયું કે અહીં અંદર સંપ ગૂંથાયેલો છે. એટલે આવી ને આવી રીતે ખૂબ સંપ બધા રાખજો." સૌએ સ્વામીશ્રીનાં વચનો શિરે ચઢાવતાં, સંપ રાખવાની પૂરેપૂરી બાંયધરી આપી.

આજે સવારે પરમ પૂજ્ય

સ્વામીશ્રીએ ઓસ્ટ્રેલિયાના મેલબર્ન (ઈસ્ટ) તથા અન્ય શહેરોમાં રચાનારાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં સ્થાપિત થનારી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ વૈશ્વિક શાંતિ માટે વૃક્ષારોપણ કરીને પ્રકૃતિ-સંવર્ધનનો સંદેશ આપ્યો હતો.

તા. ૨૭-૨-૨૦૨૫, પરમ પૂજ્ય સ્વામીશ્રીની રુચિ અનુસાર અહીં 'ગૃહશાંતિ સત્સંગદીક્ષા હોમાત્મક પાઠ'નું આયોજન થયું હતું. જે અંતર્ગત પેસિફિક પ્રદેશમાં નિત્ય એક પરિવારે આ યજ્ઞમાં જોડાઈને વિશેષ ભક્તિ સમર્પિત કરી હતી. આજે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ, અહીં ઘેર ઘેર સત્સંગદીક્ષા શાસ્ત્રનું અધ્યયન થાય તેની પહેલ કરતાં સત્સંગદીક્ષાના આધારે નિરૂપણ કરીને સૌને વિશેષ પ્રેરણા આપી હતી.

સન ૨૦૨૪માં સ્વામીશ્રીએ, અહીં સત્સંગદીક્ષા શાસ્ત્રનું અધ્યયન થાય તે માટે હોમાત્મક યજ્ઞમાં જોડાનાર હરિભક્તોને અપાનાર આશીર્વાદપત્ર સ્વામીશ્રીએ પ્રાસાદિક કર્યો. વળી, ન્યૂઝીલેન્ડની 'માઓરી' ભાષામાં ભાષાંતર થયેલા સત્સંગદીક્ષા શાસ્ત્રનું વિમોચન કર્યું હતું. ◆

## ઈષ્ટદેવ સાથે ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ભક્તોએ કરી ભક્તિતુલા

તા. ૨-૩-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ભક્તિ-તુલા યોજીને હરિભક્તોએ વિશિષ્ટ સમર્પણ-ભક્તિ અદા કરી હતી. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજે આ દિવસને અનુરૂપ વિશિષ્ટ શણગાર ધારણ કર્યા હતા. વહેલી સવારથી જ આ વિશિષ્ટ ઉત્સવનો લાભ લેવા માટે પેસિફિક દેશોમાંથી ભક્તોનું પૂર ઊમટ્યું હતું. આ નિમિત્તે યોજાયેલી સત્સંગ-સભામાં યુવકોએ કીર્તનભક્તિ રજૂ કરી હતી. પૂજ્ય સંતોનાં પ્રેરક પ્રવચનો બાદ પરમચિંતનદાસ સ્વામીએ સૌ સંતો-ભક્તોની ભક્તિથી તોલાવા માટે ત્રાજવામાં બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું પૂજન કર્યું અને સંતોએ પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને સંતો -ભક્તોએ સાકર દ્વારા શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને પરમ પૂજ્ય સ્વામીશ્રીને ભક્તિભાવપૂર્વક તોલવાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સભામાં ઉપસ્થિત સ્થાનિક મહાનુભાવોનું પૂજ્ય સંતોએ સ્વામીશ્રી વતી સ્વાગત કર્યું હતું.

આ વિશિષ્ટ પ્રસંગે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપતાં કહ્યું, ''આજે બધાએ ભક્તિભાવથી મહારાજ-સ્વામીની ભક્તિ-તુલા કરી. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે 'ભૂધર ભૂખ્યો છે ભાવનો...' ભગવાન સોનું-ચાંદી વગેરે પદાર્થોથી નહીં, પણ આપણા ભાવથી તોળાય છે. આવા ભક્તિભાવથી આજે આપ બધાએ ભગવાનની તુલા કરી છે, તો શ્રીજીમહારાજ આપને અનેકગણું આપશે.

આજના આ ઉત્સવમાં સેવા કરનાર સૌને મહારાજ-સ્વામી તને-મને-ધને કરીને સુખિયા રાખે, તથા સૌમાં ભક્તિભાવ ભરપૂર ભરે એ જ પ્રાર્થના.''

આમ, સૌનો ભક્તિભાવ સ્વીકારી, સૌને ખૂબ ખૂબ રાજી કરી સ્વામીશ્રીએ સંતોષ પમાડ્યો હતો. મેલબર્ન રોકાણની આ અંતિમ જાહેરસભામાં સૌને વંદન કરી સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા. ◆



## ઓસ્ટ્રેલિયાની ધરતી પર સનાતન સંસ્કૃતિનો ઉદ્‌ઘોષ કરતા

# બી.એ.પી.એસ.ના ૧૪૦૦ બાળવિદ્વાનોને બિરદાવાયા...




પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સંકલ્પ કર્યો હતો કે ઓસ્ટ્રેલિયામાં સત્સંગદીક્ષાનો સંસ્કૃત મુખપાઠ કરેલા ૧૦૦૦ બાળવિદ્વાનો તૈયાર થાય. પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદથી ૧૪૦૦થી વધુ એવા નક્કર વિદ્વાનો તૈયાર થઈ ચૂક્યા છે. તા. ૧-૩-૨૦૨૫ના રોજ ઓસ્ટ્રેલિયાના બી.એ.પી.એસ.ના આ બાળ-વિદ્વાનોનો સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં, સ્વામીશ્રીના પ્રસાદીભૂત પુષ્પો વડે બાળ-વિદ્વાનોનું સન્માન કરાયું હતું. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરેલી મીઠાઈ વડે એમના વતી સંતોએ બાળ-વિદ્વાનોનું મોઢું મીઠું કરાવીને સ્વાગત કર્યું હતું. સમારોહમાં મુખપાઠ કરનારા બાળકોની વિશેષતાઓ રજૂ થઈ. મુખપાઠની સાથે સાથે સત્સંગદીક્ષાનાં ઉપદેશો-મૂલ્યો જીવનમાં વણી લીધા હોય તેવા બાળકોના પ્રેરક પ્રસંગો રજૂ થયા. સ્વામીશ્રીએ દર્શાવેલા શ્લોક નંબરનો બાળકોએ કડકડાટ મુખપાઠ આપ્યો. ૧૦૮ નંબરના શ્લોકનું સૌ બાળકોએ સમૂહમાં ગાન કર્યું હતું.

મુખપાઠ કરનાર સૌ બાળ-વિદ્વાનો પર અત્યંત રાજીપો દર્શાવી સ્વામીશ્રીએ સૌને પ્રેરણા-આશિષથી કૃતાર્થ કરતાં કહ્યું: ''આજે એકસાથે આટલા બધા નક્કર વિદ્વાનોનાં દર્શન કરીને ખૂબ આનંદ આનંદ થઈ રહ્યો છે. આપણે નક્કર વિદ્વાન થઈ ગયા, પણ 'નક્કર વિદ્વાન' એટલે શું? તો શ્લોકોના અર્થ સમજે, નિયમ-ધર્મ પાળે, સત્સંગની સમજણ દૃઢ કરે, અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સમજે. અક્ષરપુરુષોત્તમની વાત બીજાને કરે. એ જ નક્કર વિદ્વાનનો ખરો અર્થ છે. નહીં તો પોતે સમજીને બેસી રહે તો કામ ના થાય. બીજાને વાત કરવી અને સારી રીતે એના જીવમાં (મનમાં) ઉતારી દેવી. તમે બધા એવા જ તૈયાર થયા છો તો આ બધું થઈ શકશે.''

બાળ-વિદ્વાનોને સદ્‌ગુરુ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તથા પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ પરમ પૂજ્ય સ્વામીશ્રીના આશીર્વાદપત્ર અને સન્માનપત્ર આપીને સન્માન્યા હતા. સત્સંગદીક્ષા કારિકા અને મહાપૂજાના કુલ ૧,૦૦૦ જેટલા હાથથી લખેલા શ્લોકો અંકિત પાંદડીઓનો હાર અને નક્કર વિદ્વાનોનાં નામ અંકિત મોતીના મણકાઓનો કલાત્મક હાર સંતોએ સ્વામીશ્રીને અર્પણ કરીને વધાવ્યા હતા. સ્વામીશ્રીએ વિદ્વાનોના પ્રસંગોનું 'Pearls of the Pacific' નામક પુસ્તક ઉદ્‌ઘાટિત કર્યું હતું. સ્વામીશ્રીએ બધા જ બાળ-વિદ્વાનો સાથે સમૂહછબી પડાવીને અલભ્ય સ્મૃતિ આપી હતી. ◆




## ઓસ્ટ્રેલિયાના મહાનગર સિડનીમાં સ્વામીશ્રીની નિશ્રામાં જામી ઉત્સવોની રંગત...

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદથી સન ૧૯૭૧માં ઑસ્ટ્રેલિયા ખંડમાં ડૉ. આઈ. પી. મહેતાએ સિડની, ન્યૂકાસલમાં બી.એ.પી.એસ. સત્સંગ સભાની શરૂઆત કરી હતી. ધીમે ધીમે ભક્તો જોડાતા ગયા તેમ તેમ સત્સંગનો રંગ જામતો ગયો. પ્રમુખસ્વામી મહારાજ અને તેમનાં સંતમંડળોની પધરામણીથી અહીં સત્સંગ ફૂલ્યો ફાલ્યો. અને શહેરના ગ્લેઝવીલ વિસ્તારમાં ૧૯૯૬માં મંદિર થયું, જેમાં પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી મૂર્તિઓની સ્થાપના મહંત સ્વામીએ કરી હતી. મંદિર થતાં અહીં સત્સંગ-પ્રવૃત્તિ વિસ્તરી અને ઉત્સવ-સમૈયા ઊજવાવા લાગ્યા. કથા-પ્રવચનો અને વ્યક્તિગત સંપર્કના કારણે ઘણા સદ્‌ભાવીઓ સત્સંગમાં અભિમુખ થયા. તેથી એકાદ વર્ષમાં મંદિર નાનું લાગવા માંડ્યું. આથી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી માત્ર ત્રણ જ વર્ષમાં મોટા મંદિરનું આયોજન શરૂ થયું. સિડની મહાનગરના ઉપનગર પેરામેટા ખાતે રોઝહીલ વિસ્તારમાં તા. ૨૮-૨-૨૦૦૦માં પૂજ્ય ડૉક્ટર સ્વામીના શુભ હસ્તે નૂતન મંદિરના ભવનનો શુભારંભ થયો. તા. ૩-૨-૨૦૦૨ના દિવસે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નૂતન મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની ધામધૂમપૂર્વક મૂર્તિપ્રતિષ્ઠા કરીને ભક્તિ-સત્સંગની ક્ષિતિજ વિસ્તારી.

ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની છત્રછાયામાં એશિયા-પેસિફિક દેશોમાં બી.એ.પી.એસ. સત્સંગની ખૂબ અભિવૃદ્ધિ થતી રહી. સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલ બી.એ.પી.એસ. મંદિરનો અનેકવિધ સુવિધાઓ સાથે પુનઃ કાયાકલ્પ થયો, જેમાં પ્રમુખસ્વામી મહારાજે સારંગપુર ખાતે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૯-૨-૨૦૧૪ના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે ભક્તિભાવપૂર્વક કરવામાં આવ્યો હતો. આમ છતાં માત્ર એક જ વર્ષમાં આ નવીનીકરણ પામેલું મંદિર પણ નાનું પડવા લાગ્યું. આથી, પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સિડનીમાં એલ્ડીંગ્ટન રોડ કેમ્પસ ક્રીક વિસ્તારમાં ૨૫ એકર જમીન ખરીદ કરીને અહીં ભવ્ય શિખરબદ્ધ મંદિરનાં ચક્રો ગતિમાન કર્યાં અને સન ૨૦૧૮માં અહીંની સત્સંગયાત્રા દરમ્યાન એ વિશાળ મંદિર-પ્રકલ્પને વેગ આપ્યો. છ વર્ષના અંતરાલ બાદ પુનઃ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મંદિરનાં કાર્યોને ગતિ આપવા માટે સિડની પધાર્યા હતા.

*મેલબર્ન ખાતે ત્રણ સપ્તાહ સુધી સત્સંગ-લાભ આપીને તા. ૪-૩-૨૦૨૫ના રોજ સિડની પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું મંદિર પરિસરમાં ભારતીય પરંપરાના પરિવેશમાં યુવકોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવીને ભાવભર્યું સ્વાગત કર્યું હતું. સંતો-હરિભક્તોએ ભક્તિભાવથી સ્વામીશ્રીને આવકાર્યા હતા.*

*બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ચરણરજથી પાવન થયેલા સિડની મહાનગરના આંગણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી ભવ્ય નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામી રહ્યું છે. તેના પ્રથમ સોપાન રૂપે 'બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસર' આકાર પામ્યું છે. સ્વામીશ્રીએ આગમન વેળાએ આ સાંસ્કૃતિક પરિસરનું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્‌ઘાટન બાદ સ્વામીશ્રીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે તેમાં પ્રવેશ કર્યો ત્યારે સૌએ ગગનભેદી જયજયકારોથી ઈષ્ટદેવ-ગુરુદેવને વધાવ્યા હતા. સિડની તથા અન્ય સત્સંગ-કેન્દ્રોમાંથી પધારેલા સેંકડો હરિભક્તોએ સત્સંગનાં મૂલ્યો અને વિવિધ ભાષામાં સ્વાગત-કાર્ડ દર્શાવીને સ્વામીશ્રીનું હરખભેર સ્વાગત કર્યું હતું. અહીંના સંતો-હરિભક્તો વતી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને અન્ય સંતોએ વિવિધ હાર સ્વામીશ્રીને અર્પણ કરીને વધાવ્યા હતા. સ્વામીશ્રીએ આશીર્વચનોમાં અહીં પધાર્યાની ખુશી વ્યક્ત કરી હતી. સ્વામીશ્રીની પાવન નિશ્રામાં સિડની ખાતે આધ્યાત્મિકતાનો અનોખો માહોલ રચાયો હતો. સેંકડો ભક્તો-ભાવિકોએ સ્વામીશ્રીની સંનિધિમાં દિવ્ય ચેતનાનો અનુભવ કર્યો હતો. વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ પણ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરીને કૃતાર્થતા અનુભવી હતી. કેટલાય મહાનુભાવોએ ભાવોર્મિઓ દ્વારા સ્વામીશ્રીને અભિવંદના કરીને બી.એ.પી.એસ.નાં કાર્યોને બિરદાવ્યાં હતાં.*

*સિડની ખાતે સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. સાંસ્કૃતિક પરિસરમાં તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની પ્રતિષ્ઠા તેમજ સાંસ્કૃતિક પરિસરમાં પ્રથમ સોપાન રૂપે રચાયેલી હવેલીમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના મંગલ પ્રસંગોએ આપેલા કૃપાલાભની અહીં અલ્પ ઝાંખી પ્રસ્તુત છે...*

# ઓસ્ટ્રેલિયાની ધરતી પર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ


## તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ

સિડની ખાતે કેમ્પસ ક્રીક વિસ્તારમાં નૂતન બી.એ.પી.એસ. સાંસ્કૃતિક પરિસરમાં, નવનિર્મિત હવેલીમાં થનારી મૂર્તિપ્રતિષ્ઠા તેમજ પરિસરના પ્રાંગણમાં સ્થાપિત થનાર તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાના ઉપક્રમે તા. ૫-૩-૨૦૨૫ના રોજ 'સત્સંગદીક્ષા હોમાત્મક પાઠ સહિત સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયાગ' યોજાયો હતો. હજારો ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ મહાયાગમાં સદ્‌ગુરુ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તેમજ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય વિશ્વવિહારીદાસ સ્વામી વગેરે સંતોએ મૂર્તિઓનું વેદોક્ત પૂજન કર્યું હતું. પરમ પૂજ્ય સ્વામીશ્રી સાથે સંતો અને યજમાનોએ વિશ્વશાંતિની મંગલ કામનાઓ સાથે યજ્ઞનારાયણને અર્ઘ્ય અર્પ્યું હતું. સ્વામીશ્રીએ તમામ મૂર્તિઓની અને યજ્ઞનારાયણની આરતી ઉતારીને મંત્રપુષ્પાંજલિ અર્પી. સ્વામીશ્રીએ 'બધાના દેશકાળ સારા થાય, સારામાં સારી ઠાકોરજીની સેવા-ભક્તિ થાય અને બધા ખૂબ જ્ઞાનથી ભરપૂર થાય' તેવા શુભાશિષ પાઠવ્યા હતા.

આ પ્રસંગે મહાનુભાવો અને સિડની સ્થિત વિવિધ હિન્દુ સમાજો અને સંસ્થાઓના અગ્રણીઓ, પ્રતિનિધિઓનું સંતોએ સ્વાગત કર્યું હતું. સૌ વતી પૂજ્ય સંતોએ સ્વામીશ્રીનું પુષ્પહારોથી સ્વાગત કર્યું. આ પ્રસંગે ઓસ્ટ્રેલિયન કાઉન્સિલ ઓફ હિન્દુ ક્લર્જી (Australian Council of Hindu Clergy)ના પદાધિકારીઓએ ઉપસ્થિત રહી, ઓસ્ટ્રેલિયા ખાતે હિન્દુ સમુદાયને મંદિરની ભેટ આપવા બદલ તેમજ આ વૈદિક વિશ્વશાંતિ મહાયાગ બદલ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાને બહુમાન પત્ર એનાયત કર્યું હતું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સિડની મહાનગર ખાતે બી.એ.પી.એસ. સાંસ્કૃતિક પરિસરમાં તા. ૬-૩-૨૦૨૫ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો.

આ પૃથ્વી પરનાં ૪૯ વર્ષના જીવન દરમ્યાન ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક જીવોના શાશ્વત કલ્યાણનો






માર્ગ ચીંધીને વૈદિક પરંપરાનો પ્રવાહ આગળ ધપાવ્યો છે. કિશોરવયે એમણે હિમાલયમાં મુક્તિનાથ તીર્થમાં કરેલા અજોડ તપની સ્મૃતિ સાથે એમના તપસ્વી સ્વરૂપ એવા તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની ૪૯ ફૂટ ઊંચી ધાતુમૂર્તિની વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે કરવામાં આવી છે. ભગવાન સ્વામિનારાયણની ૪૯ ફૂટ ઊંચી આ ધાતુમૂર્તિ સમગ્ર ઓસ્ટ્રેલિયામાં સૌથી ઊંચામાં ઊંચી સ્થાપિત થયેલી ધાતુમૂર્તિ છે. ભગવાન અને ગુરુહરિની પ્રસન્નતા માટે ઓસ્ટ્રેલિયાના અનેક ભક્તો વિશિષ્ટ તપ કરી, યજમાન તરીકે આ મૂર્તિની પ્રતિષ્ઠા વેળાએ મહાપૂજાવિધિમાં જોડાયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની આ તપોમૂર્તિનાં ભાલ, વક્ષ:સ્થળ, આંખો અને ચરણોનાં વેદોક્ત પૂજનવિધિ સાથે સ્વામીશ્રીએ મૂર્તિમાં દિવ્યતા સિંચિત કરી હતી. આ પ્રસંગે ભક્તો દ્વારા હાથથી ફોલેલા અક્ષત વડે તેમજ પુષ્પવૃષ્ટિ વડે શ્રી નીલકંઠવર્ણીને વધાવીને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ ૩૫૦ પવિત્ર તીર્થોનાં જળ વડે શ્રી નીલકંઠવર્ણી મહારાજનો અભિષેક કરીને આરતી ઉતારી ભક્તિ-અર્ઘ્ય અર્પ્યું હતું. આ અવસરે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને અન્ય સંતોએ શ્રી નીલકંઠવર્ણી મહારાજનું પૂજન કરીને તેમને વધાવ્યા હતા.

આ શુભ પ્રસંગે આશીર્વાદ આપતાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ જણાવ્યું, ''આજે તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ. મૂર્તિ ખરેખર અદ્‌ભુત છે. નીલકંઠ ચરિત્ર અમને ખૂબ ગમે છે. કારણ કે નીલકંઠવર્ણી ભગવાન હોવા છતાં જીવોના કલ્યાણ માટે આખું ભારત ફર્યા. એમની કેટલી કરુણા! એનો વિચાર કરીએ તો પણ પાર આવે એમ નથી.

આ તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી અહીં પધરાવ્યા છે તેનાં જે જે દર્શન કરવા આવશે તે સૌનો મોક્ષ થશે. તે સૌને તપ કરવાની પ્રેરણા પણ અહીંથી મળતી રહેશે. અહીં જે જે પ્રદક્ષિણા કરશે તે સર્વેના શુભ સંકલ્પો નીલકંઠવર્ણી અવશ્ય પૂરા કરશે. શ્રી નીલકંઠવર્ણીને રાજી કરવા દર અઠવાડિયે અહીં સત્સંગદીક્ષા હોમાત્મક યજ્ઞ થશે. શ્રી નીલકંઠવર્ણીનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે સૌના દેશકાળ સારા થાય અને સૌ તને, મને, ધને સુખી

થાય અને સૌને જીવનો સત્સંગ થાય.''

આમ, ઓસ્ટ્રેલિયાના ઇતિહાસમાં સનાતન હિન્દુ ધર્મની જયગાથા ગાતા આ વિશાળ પરિસરમાં એક ઐતિહાસિક સોપાન સંપન્ન થયું હતું.

## ■ શોભાયાત્રા

સિડની ખાતે બી.એ.પી.એસ. સાંસ્કૃતિક પરિસરની હવેલીમાં મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા નિમિત્તે તા. ૭-૩-૨૦૨૫ના રોજ ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. ભક્તોએ અહીં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓને કલાત્મક રથમાં પધરાવી હતી. મંદિરના પરિસરમાં તથા સિડનીના માર્ગો પર ભગવાનનાં વિવિધ સ્વરૂપોની મૂર્તિનાં દર્શન ઓસ્ટ્રેલિયાના ભક્તો-ભાવિકોએ કર્યાં હતાં. પાલખીમાં વિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું સદ્‌ગુરુ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તથા પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ પૂજન કર્યું હતું. ત્યારબાદ જયનાદો સાથે શોભાયાત્રાનો શુભારંભ થયો હતો. સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કરનાર બાળવિદ્વાનો, બેન્ડની સૂરાવલીઓ સાથે યુવકો અને વિવિધ ભારતીય પરિધાનમાં મહિલાઓએ પોથીયાત્રા, પાલખીયાત્રા, કળશયાત્રા, ધ્વજયાત્રા એમ વિવિધ રીતે આબાલ-વૃદ્ધ ભક્તોએ આ શોભાયાત્રામાં જોડાઈને ભક્તિ અદા કરી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ આ શોભાયાત્રામાં પધાર્યા હતા.

આ શુભ પ્રસંગે વિવિધ સમુદાયના લોકો પણ પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા હતા. સંતોએ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. મહાનુભાવોએ પોતાની ભાવોર્મિઓ રજૂ કરી હતી. શોભાયાત્રાએ મંદિરમાં વિરામ લીધો ત્યારે ઉપસ્થિત સૌ ભક્તો, સ્થાનિક ઑસ્ટ્રેલિયન ભાવિકો, મહાનુભાવો, પૂજ્ય સંતો અને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ મૂર્તિઓની આરતી ઉતારી ભક્તિ-અર્ઘ્ય અર્પ્યું હતું.

## ■ સ્વાગત-સભા

તા. ૮-૩-૨૦૨૫ના રોજ સિડની ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું અભિવાદન કરતી સ્વાગત-સભા યોજાઈ હતી. વિવિધ સત્સંગ-કેન્દ્રોમાંથી હજારો ભક્તો-ભાવિકો ગુરુહરિનું સ્વાગત કરવા માટે ઊમટ્યા હતા. બાળકો-યુવકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરીને સ્વામીશ્રીને વધાવ્યા હતા. પૂજ્ય સંતોએ પ્રેરક પ્રવચનોનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય સંતોએ પુષ્પહાર અને શાલ અર્પણ કરીને સિડનીની ધરા પર સ્વામીશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. પધારેલા મહાનુભાવોને સંતોએ હારતોરા વડે સત્કાર્યા હતા. મહાનુભાવોએ પોતાની ભાવોર્મિઓ રજૂ કરી હતી. અહીં મંદિર-નિર્માણમાં સમર્પિત થનારા સ્વયંસેવકોને સ્વામીશ્રીએ વિશેષ આશીર્વાદ આપ્યા હતા. હરિભક્તો, સંતો અને સ્વામીશ્રીએ માનવ સાંકળ રચી સંપ-એકતાનો સંદેશ દૃઢાવ્યો હતો. આ પ્રસંગે સ્વામીશ્રીએ સૌને આશીર્વાદથી લાભાન્વિત કર્યા હતા.

## ■ કાર્યકર સ્મૃતિ-સભા

તા. ૯-૩-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં કાર્યકર સુવર્ણ મહોત્સવની સ્મૃતિ-સભા યોજાઈ હતી. ઓસ્ટ્રેલિયા ખંડમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની વિવિધ સત્સંગ પ્રવૃત્તિઓમાં નિઃસ્વાર્થભાવે સેવા કરી રહેલા કાર્યકરોને બિરદાવાયા હતા. આ કાર્યકરોને ખેસ પહેરાવીને, પૂજન કરીને, મોઢું મીઠું કરાવીને, પૂજ્ય સંતોએ સૌનું સ્વાગત કર્યું હતું. આજે કાર્યકરો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રેરક રજૂઆત થઈ હતી. સૌ કાર્યકરો વતી સંતોએ સ્વામીશ્રીને વંદના કરી હતી. આ પ્રસંગે પધારેલા અનેક મહાનુભાવોએ પરમ પૂજ્ય સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને સભામાં પોતાની ભાવોર્મિઓ રજૂ કરી હતી. સંતોએ પરમ પૂજ્ય સ્વામીશ્રી સમક્ષ ઓસ્ટ્રેલિયાના સત્સંગના પાયામાં સમર્પિત થનારા કાર્યકરોના પ્રેરક પ્રસંગોની રજૂઆત કરી હતી.

સભાના અંતે કાર્યકરોને બિરદાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''કાર્યકરોનું સમર્પણ-ભોગ જોઈને ઉમંગ રહે છે. કાર્યકરો માટે જેટલું કરીએ એટલું ખૂટે છે. કાર્યકર તરીકે સારી સેવા કરવા માટે શ્રીજીમહારાજે આપેલા નિયમ-ધર્મ બરાબર પાળવા. કેમ કે નિયમ વિના તો બધું મીંડું. આ ધર્મ-નિયમ પાળવા માટે બધાને ખૂબ બળ મળે, બધાના દેશકાળ સારા થાય, સત્સંગ કરવામાં સરળતા પડે અને સત્સંગ ખૂબ વધે. બધાએ શ્રીજીમહારાજ ભગવાન છે એવી નિષ્ઠા દૃઢપણે રાખીને, અક્ષરરૂપ થઈને શ્રીજીમહારાજની ભક્તિ કરવી. શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ છીએ કે બધાને એકાંતિક બનાવી દો. શ્રીજીમહારાજને અખંડ ધાર્યા છે અને તેઓ સર્વવ્યાપક છે એટલે તમારી સેવા પહોંચે છે. બધા કાર્યકરોની સેવા જોઈને અહો અહો થયા કરે છે!''

સૌ કાર્યકરોના હૃદયમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરીને, સ્વામીશ્રીએ પ્રાપ્તિની દૃઢતા કરાવી હતી.



## ■ પ્રાગજી ભક્ત જયંતી

તા. ૧૩-૩-૨૦૨૫, ફાગણ સુદ પૂર્ણિમા એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના દ્વિતીય આધ્યાત્મિક અનુગામી અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના ગુરુ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો ૧૯૬મો પ્રાગટ્ય દિન.

સન ૧૮૨૯માં ભાવનગર જિલ્લાના મહુવા ખાતે દરજી પરિવારમાં જન્મેલા શ્રી પ્રાગજી ભક્તે સમગ્ર વિશ્વને એક આદર્શ સાધકનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય તરીકે એમણે એમની સેવા-ભક્તિ દ્વારા એમનો અનહદ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલો બ્રહ્મ-પરબ્રહ્મનો વૈદિક 'અક્ષરપુરુષોત્તમ' સિદ્ધાંત સર્વત્ર પ્રવર્તે તે માટે તેમણે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામી શ્રી યજ્ઞપુરુષદાસજીને આ કાર્ય માટે પ્રેરણા આપી હતી.

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્ય દિવસે મહુવા ખાતે તેઓના પ્રાગટ્ય સ્થાન પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી નિર્માણ પામેલા સ્મૃતિમંદિરે યજ્ઞ, મહાપૂજા અને અન્નકૂટ દ્વારા સંતો-ભક્તોએ ભક્તિ-અર્ઘ્ય અર્પ્યું હતું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી દેશ-વિદેશનાં હજારો બી.એ.પી.એસ. સત્સંગ-કેન્દ્રો, મંદિરો અને પરિવારોએ મંદિરમાં અને ઘરમંદિરમાં ભગતજી મહારાજનાં ચરણે ભાવાંજલિ અર્પણ કરી હતી. આજે સૌ સંતો-ભક્તોએ એમના જન્મોત્સવે એમની સેવા-ભક્તિનું સ્મરણ કર્યું હતું.

સિડની ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્યદિને એમનાં ચરણોમાં યુવાનો દ્વારા પ્રાસંગિક કીર્તનો રૂપે વંદના કરવામાં આવી હતી. બાળકોએ શ્રી ભગતજી મહારાજના જીવનના પ્રેરક પ્રસંગોની રજૂઆત કરીને સૌને વિશિષ્ટ પ્રેરણા આપી હતી. સ્વામીશ્રીએ આશીર્વચનમાં શ્રી ભગતજી મહારાજનો મહિમા કહ્યો હતો.

શ્રી ભગતજી મહારાજના આધ્યાત્મિક વારસાના વાહક પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌએ ભગતજી મહારાજના દિવ્ય સાંનિધ્યનો અનુભવ માણ્યો હતો.

## ■ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સિડની મહાનગર ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે વિશાળ પરિસરમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર આકાર લઈ રહ્યું છે. તા. ૧૬-૩-૨૦૨૫ના રોજ



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે અહીં નિર્માણ પામેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસરના પ્રથમ સોપાનરૂપે ઉદ્‌ઘાટિત થયેલી હવેલીમાં મૂર્તિપ્રતિષ્ઠાનો મંગલ અવસર યોજાયો હતો.

આ અવસરનો લાભ લેવા માટે ઓસ્ટ્રેલિયા ખંડના દૂર-દૂરના પ્રાંતોમાંથી પધારેલા સેંકડો હરિભક્તો તેમજ સંતોના અંતરમાં અનેરો આનંદ-ઉત્સાહ ઊભરાતો હતો. ભક્તિભર્યા માહોલની વચ્ચે પ્રતિષ્ઠાનો પૂર્વવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. હવેલીમાં કલાત્મક સિંહાસનમાં વિરાજમાન અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી ગુરુપરંપરા, શ્રી રાધા-કૃષ્ણજી, શ્રી રામ-સીતા-હનુમાનજી, શ્રી શિવ-પાર્વતી-ગણેશજીની મૂર્તિઓમાં વૈદિક પ્રાણપ્રતિષ્ઠા કરીને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આરતી ઉતારી હતી.

આ પ્રસંગે મહાનુભાવોએ પોતાની ભાવોર્મિઓ રજૂ કરી હતી. પૂજ્ય સંતોએ પ્રેરક પ્રવચનોનો લાભ આપ્યો હતો. મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી વૈદિક મહાપૂજાવિધિનો મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકોએ લાભ પ્રાપ્ત કર્યો હતો. યુવકો અને સંતોના મુખેથી આ ઉત્સવ નિમિત્તે ભક્તોએ કરેલાં વિશેષ તપ-સેવા-સમર્પણનો અહેવાલ સાંભળીને સ્વામીશ્રીએ ખૂબ પ્રસન્નતા દર્શાવી હતી.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ૭૫ વર્ષ પૂર્વે અક્ષરપુરુષોત્તમ મહારાજની ધાતુની મૂર્તિઓ પધરાવી હતી, ત્યારબાદ આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અહીં અક્ષરપુરુષોત્તમ મહારાજની પંચધાતુની મૂર્તિઓ પધરાવીને પેસિફિક પ્રદેશના ભક્તો પર અનહદ કૃપા વરસાવી હતી.

આ શુભ પ્રસંગે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌને આશીર્વાદથી કૃતાર્થ કરતાં કહ્યું: ''My Mandir My Home, આ મંદિર મારું ઘર છે એવું મનાય તો બધું થાય. આપણું પોતાનું ઘર હોય તો બધું આપણે વસાવીએ છીએ તેમ આ મંદિર તમારું ઘર મનાશે તો બધું જ થશે, કહેવું જ નહીં પડે. આપણને મંદિરનું મમત્વ રહેશે અને ધણીની જેમ સેવા થશે.

આ મંદિરથી બાળકોને સારા સંસ્કાર મળશે. અને આપણું જીવન પણ પવિત્ર બનશે એ મોટી વાત છે.

આ મંદિરમાં આવીને શુદ્ધભાવથી સેવા-ભક્તિ-સમાગમ કરીશું તો એકાંતિક થઈ જવાશે. મહારાજ-સ્વામી

(અનુસંધાન પૃષ્ઠ ૩૨ ઉપર)

# ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્થોની અલ્બેનીઝ

## પુષ્પદોલોત્સવે પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં દર્શને...




તા. ૧૪-૩-૨૦૨૫ એટલે ધુળેટીના ઉત્સવનો, રંગોત્સવનો આનંદકારી દિવસ. સનાતન ધર્મની વહેતી પરંપરા મુજબ આસુરી તત્ત્વો પર દૈવી શક્તિના વિજયના આનંદનો દિવસ. આ પરંપરાને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ ભક્તિમય સ્વરૂપ આપીને ભક્તોને દિવ્ય આનંદમાં રમમાણ કર્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણના આ રંગોત્સવની સ્મૃતિ સાથે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયથી સારંગપુર ખાતે પ્રતિ વર્ષે રંગોત્સવની વિશિષ્ટ ઉજવણી થાય છે. વરસો વરસ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સારંગપુર ખાતે રંગોત્સવની વિશિષ્ટ ઉજવણીઓ કરીને લાખો ભક્તોને ભક્તિના રંગે રંગ્યા છે.

આ વર્ષે, પ્રમુખસ્વામી મહારાજની એ પરંપરાને અનુસરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ઓસ્ટ્રેલિયાના સિડની ખાતે સંતો-ભક્તોને રંગોત્સવ દ્વારા ભક્તિના રંગે રંગ્યા હતા.

આજના ઉત્સવનો લાભ પ્રાપ્ત કરવા માટે દેશ-વિદેશથી મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટ્યા હતા. આજના રંગોત્સવનો કાર્યક્રમ શ્રી નીલકંઠવર્ણી મહારાજની નિશ્રામાં, સુરમ્ય વાતાવરણની વચ્ચે વિશાળ પ્રાંગણમાં યોજાયો હતો. યુવકો દ્વારા ઉત્સવિયાં ભક્તિપદોનું ગાન અને ઉત્સવ-નૃત્યની પ્રસ્તુતિ થઈ હતી. સ્વામીશ્રીએ ઓસ્ટ્રેલિયાના યુવકોને કેવા સંપ, સેવા, સમર્પણ અને સુહૃદભાવના રંગોથી રંગ્યા છે તેની હૃદયસ્પર્શી રજૂઆત વિવિધ માધ્યમથી થઈ હતી. પૂજ્ય સંતોએ પ્રેરક પ્રવચનોનો લાભ આપ્યો હતો.

આજના રંગોત્સવની ગૌરવપ્રદ વાત એ હતી કે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન માનનીય શ્રી એન્થોની અલ્બેનીઝ ખાસ પધાર્યા હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રી વતી સંતોએ તેમનું પુષ્પહાર અને ભારતીય પરંપરાનો અમૃત કળશ આપી સન્માન કર્યું હતું. બી.એ.પી.એસ. સંસ્થા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કાર્યોથી પ્રભાવિત થઈ તેમણે પોતાની ભાવોર્મિઓ રજૂ કરતાં જણાવ્યું, 'અહીં આપ સૌ વચ્ચે ઉપસ્થિત રહેવું એ ખરેખર! સદ્‌ભાગ્યની વાત છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. આવા પવિત્ર સ્થાન પર, આજના ખાસ ઉત્સવદિને મને આજે અહીં મારા સાથી સભ્યો સાથે આપ સૌ વચ્ચે ઉપસ્થિત રહેવાનો મોકો મળ્યો. પરમ

પૂજ્ય મહંત સ્વામી મહારાજનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરું છું. તેઓ જે સંદેશ આપે છે તે બધા જ ઓસ્ટ્રેલિયનવાસીઓ માટે છે કે - બીજાના ભલામાં આપણું ભલું છે. સ્વામીજી, અમે આપના ખૂબ આભારી છીએ કે આપે ભારતથી અહીં પધારી આ ઉત્સવ માટે સિડની શહેરની પસંદગી કરી. દસ વર્ષ પહેલાં આપે જે જગ્યાને પ્રસાદીભૂત કરી હતી, આજે એ જ જગ્યાએ ઉપસ્થિત રહી અમે ધન્યતા અનુભવીએ છીએ. ઓસ્ટ્રેલિયન લોકો વતી હું આપને કહેવા માંગું છું કે આપનું અહીં સદાય સ્વાગત છે. રંગોનો આ મહાન ઉત્સવ, સૌને આસુરી પર દૈવીના વિજયનો ઉત્તમ સંદેશ આપે છે. રંગોનો આ ઉત્સવ ભારતીયોએ ઓસ્ટ્રેલિયન કેલેન્ડરને આપેલી એક ઉત્તમ ભેટ છે. આજે આપણે એક એવા સ્થાનની ઉજવણી કરી રહ્યા છીએ જે આ દેશને મળેલી અમૂલ્ય ભેટ છે અને એ છે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસર.

સ્વામીજીના સંકલ્પ મુજબ આ ભવ્ય મંદિર અહીં આકાર લઈ રહ્યું છે. આ મંદિર એ માત્ર ભક્તિનું સ્થાન નહીં, શાંતિ અને પવિત્રતાનું સ્થાન છે. કોઈપણ ભેદભાવ વગર દરેકને ગૌરવનો અનુભવ થાય તેવું સ્થાન છે. આ મંદિરનું નિર્માણકાર્ય સંપૂર્ણપણે પૂર્ણ થશે ત્યારે તે ઓસ્ટ્રેલિયાનું સૌથી મોટું હિન્દુ મંદિર હશે. શાંતિની શોધ કરનારા સૌ કોઈ માટે આ એક અતુલ્ય સ્થાન હશે. હિન્દુ સમુદાય આ દેશનું એક અભિન્ન અંગ છે. અને તેના માટે જેટલું કરીએ એટલું ઓછું છે. ઓસ્ટ્રેલિયા આજે જે કાંઈ પણ છે તેનાં કારણોમાં પેઢીઓથી આપ સૌએ ઓસ્ટ્રેલિયા માટે જે કર્યું છે તે પણ છે. અને આપ સૌ આ આધુનિક ઓસ્ટ્રેલિયાનો એક ખૂબ જ અગત્યનો ભાગ છો. સ્વામીજી શીખવે છે કે સંપ એ શક્તિ છે. જ્યારે સંપથી કાર્ય કરીએ છીએ ત્યારે કશું જ અશક્ય નથી. ૧૯૯૧માં જ્યારે એક પ્રવાસી યુવાન તરીકે મેં ભારતની પ્રથમ મુલાકાત લીધી ત્યારથી મને ભારત અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અનહદ લગાવ રહ્યો છે. તેમાંય બીજીવાર આવ્યો ત્યારે નવી દિલ્હી ખાતે અક્ષરધામની મુલાકાત મને આજે પણ યાદ છે. ઓસ્ટ્રેલિયામાં આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસર ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવશે. હું માનું છું કે આ મંદિર ઓસ્ટ્રેલિયાના અક્ષરધામ તુલ્ય હશે. આપના સમુદાયમાં એક મહાન શક્તિ છે. બી.એ.પી.એસ.ના તમામ સ્વયંસેવકો અને આપના સમુદાયના સૌ સભ્યોએ આ માટે ગૌરવ અનુભવવું જોઈએ. સ્વામીજી, આપને પ્રણામ સાથે ઓસ્ટ્રેલિયામાં, આપના ઘરમાં, આપનું સ્વાગત છે.'

આ પ્રસંગે વડાપ્રધાનની સાથે પધારેલા અન્ય મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. પેસિફિક પ્રદેશના બાળકો-કિશોરો-યુવકોએ સૌના અંતરમાં ઉછળતી ભાવોર્મિઓને *'કેસરિયો રંગ ઊડે રે...'* લોકનૃત્યના માધ્યમથી વ્યક્ત કરી હતી. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ શ્રી અક્ષરપુરુષોત્તમ



મહારાજનું માંગલિક ઉપચારો વડે પૂજન કરીને આરતી ઉતારી.

છેલ્લા ઘણા સમયથી ખુલ્લા આકાશ નીચે તડકામાં બેઠેલા હરિભક્તો-ભાવિકોની ચિંતા કરીને સ્વામીશ્રીએ માફી માંગી અને વિશેષમાં કહ્યું:

''આજે આપણે આ ઉત્સવ ઊજવવા અમેરિકા, યુરોપ, આફ્રિકા, ભારત વગેરે દૂર-દૂરથી આવ્યા છીએ. તેમાં ઉમંગથી રંગાઈશું તો ખરા, પણ ખરો રંગ તો નિષ્ઠા અને નિયમ-ધર્મનો છે. આ રંગ ક્યારેય ઊતરવો ના જોઈએ. ચડતો ને ચડતો રંગ રહેવો જોઈએ.''

હવે, આરંભાયો રંગારંગ કાર્યક્રમ. પ્રથમ સ્વામીશ્રી અને અક્ષર-પુરુષોત્તમ મહારાજે પરસ્પર રંગ છાંટીને સૌને વિશેષ સ્મૃતિ આપી. વડીલ સંતો પર રંગવર્ષા કરીને સ્વામીશ્રી પ્રાંગણમાં બેઠેલા ભક્તો-ભાવિકોની તપશ્ચર્યાને ફળીભૂત કરતા ભક્તિરંગથી રંગવા લાગ્યા. મંચની ધારે ગોઠવાયેલી ત્રણ પિચકારીઓમાંથી કેસરિયા રંગની ધારાઓ વહેવા લાગી. આબાલવૃદ્ધ સૌ કોઈ આનંદે ઝૂમતા મંચની સમીપે આવીને બ્રહ્મ-પરબ્રહ્મની ધારાઓથી ભીંજાઈને કૃતાર્થતા પામ્યા.

આમ, ઓસ્ટ્રેલિયાની ધરતી પર શાનદાર રંગોત્સવની સ્મરણીય સ્મૃતિઓ સાથે સ્વામીશ્રીએ સૌને ભગવાનના દિવ્ય રંગોથી તરબતર કરી દીધા હતા. ◆

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપરથી)

સિવાય બીજું કાંઈ ના હોય એવા શુદ્ધભાવથી સેવા કરશો તો એકાંતિક ભક્ત થઈ જવાશે. આ મંદિરનો અને જ્યાં પણ આપણા મંદિર થાય છે, એનો મુખ્ય હેતુ પણ એ જ છે કે – આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરીને છેલ્લો જન્મ કરીએ.'' સૌએ બુલંદ તાળીનાદથી સ્વામીશ્રીના આશિષ અને વરદાન વધાવ્યા હતા.

## ■ ભવ્ય મંદિરનો શિલાન્યાસ

તા. ૨૨-૩-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે સિડની ખાતે નૂતન બી.એ.પી.એસ. પરિસરમાં નૂતન શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ ઉત્સવ ઊજવાયો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ મુજબ સિડની ખાતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં વિશાળ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સાંસ્કૃતિક પરિસર આકાર લઈ રહ્યું છે. આ પરિસરમાં શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નવનિર્મિત થશે. આ મંદિરનો શિલાન્યાસવિધિ યોજાયો હતો. મંગલ મુહૂર્તમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ નિર્માણ પામનાર મંદિરના ગર્તમાં વિવિધ પવિત્ર દ્રવ્યો, મુદ્રાઓ અને કળશને પધરાવ્યાં હતાં. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને વડીલ સંતોએ અન્ય ગર્તો પર વિધિ કર્યો હતો. શુભ પ્રસંગે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું, ''અહીં ભવ્ય-દિવ્ય-યુનિક અને આઇકોનિક મંદિર થશે. અને આ મંદિર સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આપણે કાંઈ કરતા નથી, બધું ભગવાનની દયાથી, કૃપાથી થાય છે. આપણે એક ટકો પુરુષાર્થ કરવાનો બાકી નવ્વાણું ટકા એ જ બધું કરશે. આ સેવામાં જોડાશો અને જેમ જેમ કાર્ય કરશો તેમ પળેપળે અનુભવ થશે કે ભગવાન જ બધું કરે છે. મહારાજ-સ્વામીને પ્રાર્થના કરીએ કે આ મંદિરનું કાર્ય સમયસર પૂરું થાય. બધાનો ખૂબ સાથ-સહકાર મળે અને બધા તને-મને-ધને ખૂબ સેવા કરી શકે એવા બધાના દેશકાળ થાય.''

સિડની ખાતે શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ કરીને સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની જ્યોત વધુ પ્રજ્વલિત કરી હતી.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆



# ઓસ્ટ્રેલિયાના સનશાઈન કોસ્ટ શહેરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ






પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ઓસ્ટ્રેલિયાના ક્વિન્સલેન્ડ રાજ્યના દરિયાકિનારે વસેલા નયનરમ્ય શહેર સનશાઈન કોસ્ટમાં રચાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

ઓસ્ટ્રેલિયામાં વસતા ભારતીયોમાં હિન્દુ સનાતન સંસ્કૃતિનાં મૂલ્યોની અભિવૃદ્ધિ થાય તે હેતુસર વિવિધ પ્રાંતોમાં સંતો અવિરત વિચરણ કરી રહ્યા છે. આ શૃંખલામાં સનશાઈન કોસ્ટમાં સત્સંગની અભિવૃદ્ધિ થતાં સૌના સંયુક્ત પુરુષાર્થથી નૂતન મંદિર રચાયું છે.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૬-૧-૨૦૨૫ના રોજ શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી. શ્રી જો નાટોલી(કાઉન્સિલર), શ્રી જેસન ઓવરલેન્ડ(ચીફ ઈન્સ્પેક્ટર, ક્વીન્સલેન્ડ પોલીસ સર્વિસ) અને શ્રી વર્નોન કોર્પોરલ(પીએલઓ) સહિત અન્ય અધિકારીઓ અને સંતો-ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં શોભાયાત્રાનો પ્રસ્થાનવિધિ યોજાયો. વિવિધ આકર્ષણોથી યુક્ત આ શોભાયાત્રામાં બહોળી સંખ્યામાં ભારતીયો પારંપરિક પરિવેશમાં સજ્જ બનીને સામેલ થયા. કલાત્મક મયૂરરથમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને અન્ય કલાત્મક રથોમાં વિરાજમાન દેવસ્વરૂપોના રથોનું હરિભક્તોએ વહન કરીને ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. જયજયકારોથી ગુંજતી અને ભક્તિસભર નૃત્યોની રંગત જમાવતી આ યાત્રા દ્વારા સૌએ ભારતીય સંસ્કૃતિની વિવિધતાને માણી હતી. સંધ્યાસભામાં સંગીતજ્ઞ સંતો અને યુવકોએ કીર્તન આરાધના રજૂ કરી હતી.

તા. ૨૭ જાન્યુઆરીની સવારે હરિભક્તોની ઉપસ્થિતિમાં વૈદિક મહાપૂજાવિધિ યોજાયો. પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી રાધા-કૃષ્ણજી, શ્રી સીતા-રામ-હનુમાનજી, શ્રી શિવ-પાર્વતી-ગણેશજીની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ પરમચિંતનદાસ સ્વામી અને અન્ય સંતોએ કર્યો હતો. પ્રાસંગિક સભામાં સુશ્રી ફીયોના સિમ્પસન(મંત્રી, બહુસાંસ્કૃતિક ક્વિન્સલેન્ડ), શ્રી એન્ડ્રુ વોલેસ(ફેડરલ સાંસદ, ફિશર), સુશ્રી કેન્ડલ મોર્ટન(રાજ્ય સાંસદ, કાલાઉન્ડ્રા) અને સુશ્રી રોસાના નાતોલી(મેયર, સનશાઈન કોસ્ટ)એ ઉપસ્થિત રહીને ભારતની સાંસ્કૃતિક પરંપરાઓને માણી હતી.

આમ, ઓસ્ટ્રેલિયાની ધરતી પર એક વધુ બી.એ.પી.એસ. મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા સંપન્ન થતાં ભક્તોમાં આનંદનું મોજું ફરી વળ્યું હતું. ◆

# સમર્પણ, સેવા, તપ અને સંપના પાયા પર પ્રતિષ્ઠિત થયાં વધુ ૧૪ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો




બી.એ.પી.એસ. મંદિર, કડીના મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે શોભાયાત્રા. દ્વાર-ઉદ્‌ઘાટન કરી રહેલા પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી...

*હજારો વર્ષોથી ભારતીય સનાતન સંસ્કૃતિને ટકાવી રાખવામાં મંદિરોની ભૂમિકા આધારસ્તંભ સમાન રહી છે. અભિનવ યુગમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સનાતન હિન્દુ મંદિર પરંપરાને વિસ્તારવા વિશ્વભરમાં મંદિરો રચીને ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારની સરિતા વહેતી રાખી છે. આ શૃંખલામાં ગુજરાતમાં વધુ ૧૪ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો ગુણાતીત ગુરુવર્યોની પ્રેરણા અને આશીર્વાદથી હરિભક્તોનાં સમર્પણ, સેવા, તપ અને સંપના પાયા પર નિર્માણ પામ્યાં છે. આ મંદિરોમાં મૂર્તિસ્થાપન ઉત્સવો વિવિધ લોકસેવા અને સમાજસેવાની સાથે ઊજવાઈ ગયા. તેની એક અલ્પ ઝાંખી અહીં પ્રસ્તુત છે.*

## કડી ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

મહેસાણા જિલ્લાના કડી શહેર ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો રજત જયંતી ઉત્સવ તથા નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૨૪-૨-૨૦૨૫ના રોજ ધામધૂમપૂર્વક ઊજવાયા હતા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહેતા કે કડી એટલે સોનાની કડી! વર્ષો પૂર્વે કડીની નજીકના કુંડાળ ગામના શ્રી કલા ભગતને જ્યારે ગામના લોકોએ રંજાડ્યા ત્યારે હાથમાં લોખંડનો ધગધગતો ગોળો લઈને પોતે સત્યનિષ્ઠ છે તેવું પુરવાર કરેલું અને ભગવાન શ્રી સ્વામિનારાયણે તેઓની રક્ષા કરી હતી. કડી શહેરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજે અનેકવાર પધારીને મમતાના મેઘ વરસાવીને સત્સંગમંડળને આધ્યાત્મિક પોષણ આપ્યું છે. અહીંની શ્રી સર્વ વિદ્યાલય સંકુલમાં સદ્‌ગુરુવર્ય પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ પણ અભ્યાસ કરેલો છે. આ પ્રસાદીભૂત અને ભાગ્યવંતી ધરામાં બી.એ.પી.એસ. સત્સંગની શરૂઆત બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર અને સદ્‌ગુરુવર્ય પૂજ્ય સંત સ્વામીનું પૂર્વાશ્રમનું ગામ કડી તાલુકાનું ચાલાસણ હતું, તેઓનાં બહેન શાંતાબાને કરણનગરમાં પરણાવેલાં. તેઓ દ્વારા કરણનગરમાં સત્સંગની શરૂઆત થઈ. પછી ડૉ. રામભાઈ, ડૉ. જયંતીભાઈ એમ. પટેલ, હર્ષદભાઈ ભટ્ટ વગેરે હરિભક્તોએ કડીમાં સત્સંગને સાચવ્યો હતો. બ્રહ્મસ્વરૂપ

પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી ડૉ. હરીશભાઈ ત્રિવેદી કડીમાં તબીબ તરીકે સ્થાયી થતાં સત્સંગને વિશેષ પુષ્ટિ મળી અને સત્સંગમંડળની શરૂઆત થઈ. અહીં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સાથે તા. ૫-૧૨-૯૨ના રોજ પધારીને 'પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ'નું લોકાર્પણ થયું હતું.

શરૂઆતનાં વર્ષોમાં અહીં ભગવતપ્રસાદદાસ સ્વામી અને ધ્યાનપ્રિયદાસ સ્વામીએ ત્યારપછી ભક્તવત્સલદાસ સ્વામી, કરુણામૂર્તિદાસ સ્વામી અને દીનબંધુદાસ સ્વામીએ સત્સંગ વિકાસમાં અદમ્ય પુરુષાર્થ કર્યો. સત્સંગ વધતાં મંદિરની જરૂરિયાત ઊભી થતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૨૬-૨-૨૦૦૧ના રોજ કડી શહેરને બી.એ.પી.એસ. મંદિરની ભેટ આપી હતી.

આ વર્ષે મંદિરના રજતજયંતી વર્ષના ઉપક્રમે આ મંદિરનું નવીનીકરણ થયું. અને રજતજયંતી ઉત્સવના ઉદ્‌ઘોષ નિમિત્તે સમગ્ર વર્ષ દરમ્યાન સંસ્થાના વિદ્વાન સંતોની ઉપસ્થિતિમાં પ્રેરક સભાઓ થઈ હતી. મહિલાવૃંદો દ્વારા ૧૬,૦૦૦ ઘરોમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજની પધરામણી થઈ હતી. રક્તદાન કેમ્પ તથા સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ આયોજનો દ્વારા કડી પંથકમાં રજત જયંતી મહોત્સવનો ભવ્ય ઉદ્‌ઘોષ થયો હતો.

વળી, તા. ૧૬-૨-૨૦૨૫ થી તા. ૨૪-૨-૨૦૨૫ સુધી ઉત્સવ નિમિત્તે રચવામાં આવેલા ભવ્ય અને દિવ્ય 'શ્રી સ્વામિનારાયણ નગર'માં ૨,૫૦,૦૦૦થી વધારે ભક્તો-ભાવિકો અને ૫૨,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભવ્ય પ્રવેશદ્વાર, પ્રમુખસ્વામી મહારાજની વિરાટ કદની મૂર્તિ, વિવિધ પ્રેરક પ્રદર્શન ખંડો અને બેનમૂન મંદિરની પ્રતિકૃતિનાં દર્શન કરીને ઉચ્ચ જીવન જીવવાની પ્રેરણા પ્રાપ્ત કરી હતી. નગરના પ્રાંગણમાં રોજ સંધ્યા સભામાં સંત પ્રવચન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સંત-કીર્તન આરાધના દ્વારા અનેક ભાવિક ભક્તજનોને સત્સંગનો પ્રેરક સંદેશ આપવામાં આવ્યો હતો.

તા. ૧૫-૨-૨૫ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે યોજાયેલી શોભાયાત્રામાં ૧૦થી વધારે કલાત્મક રથોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધા-કૃષ્ણજી, શ્રી સીતા-રામ-હનુમાનજી, શ્રી શિવ-પાર્વતી-ગણેશજી વગેરે દેવો-અવતારોએ બિરાજીને સમગ્ર કડી શહેરની જનતાને દર્શનદાન આપ્યું હતું.




કડીમાં પ્રતિષ્ઠાવિધિમાં રત અને આશીર્વચન આપતા પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી...

તા. ૨૨ અને ૨૩ ફેબ્રુઆરીના રોજ વિશ્વશાંતિ શ્રી સ્વામિનારાયણ મહાયાગમાં ૭૦૦થી વધારે યજમાન યુગલોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

તા. ૨૯-૧૧-૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ કડી મંદિરમાં, તા. ૨૪-૨-૨૦૨૫ના રોજ સવારે વિધિવત્ રીતે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ અને ધર્મચરણદાસ સ્વામીએ કર્યો હતો. આજે સેંકડો ભક્તો-ભાવિકોએ ઉપસ્થિત રહીને કૃતાર્થતા અનુભવી હતી. આ ઉત્સવમાં પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ ૫ દિવસ સુધી સત્સંગલાભ આપીને વિશેષ યશકલગી ઉમેરી હતી.

કડી તથા કરણનગર સત્સંગમંડળના પટેલબંધુ શ્રી ડૉ. જયંતીભાઈ, નીતિનભાઈ, ડૉ. નરસિંહભાઈ, અશ્વિનભાઈ, રાજેશભાઈ, કમલેશભાઈ, કલ્પેશભાઈ, અમૃતભાઈ, લાલભાઈ, અશોકભાઈ, સુરેશભાઈ એન., સુરેશભાઈ કે.,

રાજુભાઈ (સાના ડાયમંડ), વિષ્ણુભાઈ, ભાવેશભાઈ (જનરેટર), નરેન્દ્રભાઈ, ઘનશ્યામભાઈ, ડૉ. હાર્દિકભાઈ અને મહેન્દ્રભાઈ વાળંદ વગેરે હરિભક્તો તેમજ સત્સંગમંડળનાં તમામ પુરુષ-મહિલા, યુવક-યુવતી, બાળ-બાલિકાઓનાં સેવા, સમર્પણ અને પુરુષાર્થથી સમગ્ર મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવાયો હતો.

આ વિસ્તારમાં વિચરણ કરતા ઋષિચિંતનદાસ સ્વામી, ધર્મવીરદાસ સ્વામી તથા કાર્યકરો-સ્વયંસેવકોના અથાક પુરુષાર્થથી આ ઉત્સવ સૌના માટે ચિરંતન સ્મૃતિ સમાન બની રહ્યો હતો.

## ■ વણોતી ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં આવેલા વણોતી ગામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી સન ૨૦૦૯માં સત્સંગમંડળનો પ્રારંભ થયો હતો. ગુરુહરિ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી ડાકોર ક્ષેત્રમાં વિચરણ કરતા સર્વમંગલદાસ સ્વામી અને દિગંતકીર્તિદાસ સ્વામીની કથાવાર્તા અને પધરામણીઓથી વણોતીમાં સત્સંગની અભિવૃદ્ધિ થઈ. શ્રી ગોપાલભાઈ, જિગરભાઈ, ધવલભાઈ, ગૌરાંગભાઈ, તેજશભાઈ વગેરે યુવકોના પ્રયાસથી સત્સંગ વિશેષ પલ્લવિત થતો રહ્યો. પરિણામે અહીં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. આ યુવાનોએ મંદિર રચવાનો દૃઢ સંકલ્પ કર્યો અને વડીલ હરિભક્તોનું પીઠબળ પ્રાપ્ત થતાં મંદિરનું સર્જન થયું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૧-૧-૨૦૨૫ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો અને ત્યારબાદ અપરાહ્ને મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની સૌ ગ્રામજનોની ઉપસ્થિતિમાં શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી. બોચાસણ ખાતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૬-૮-૨૦૨૪ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ, આ મંદિરમાં તા. ૨૨-૧-૨૦૨૫ના રોજ અક્ષરચરણદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં થયો હતો. પ્રાસંગિક સભામાં ટીમ્બા ગામથી પ્રણામી સંપ્રદાયના મહંત પૂજ્ય ગોપાલદાસજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ સંતોના પ્રાસંગિક આશીર્વચન બાદ મંદિર-નિર્માણમાં સેવારત હરિભક્તોને સંતોએ બિરદાવ્યા હતા. આમ, સ્થાનિક ભક્તો અને ડાકોર ક્ષેત્રના કાર્યકરોની ઉત્સાહસભર સેવાથી આ ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.




કડીમાં રજત જયંતી પર્વે સ્વામિનારાયણ નગરના પ્રદર્શન ખંડનું દૃશ્ય, કથોલામાં મૂર્તિ સ્થાપનવિધિમાં રત સંતો...

## ■ કથોલા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના કથોલા ગામમાં સન ૨૦૧૬માં સંયુક્તમંડળની શરૂઆત થઈ હતી. બોડેલી મંદિરથી સંતોએ અને સ્થાનિક કાર્યકરોએ ગામજનોને પ્રેરણા અર્પતા ધીમે ધીમે સત્સંગ વેગવંતો બન્યો અને સૌના ઉત્સાહમાં ભરતી આવી. પલ્લવિત થયેલા સત્સંગને વિશેષ પુષ્ટિ આપવા માટે મંદિરની આવશ્યકતા ઊભી થઈ. શ્રી રાકેશભાઈ, વિઠ્ઠલભાઈ અને રમેશભાઈ રાઠવાએ ગામ વચ્ચેની જમીન સત્સંગ-કાર્ય માટે અર્પણ કરી. તે ભૂમિ પર સંતોના માર્ગદર્શન અનુસાર સમર્પિત સત્સંગમંડળની સેવાથી મંદિર નિર્માણ પામ્યું. આ મંદિરમાં, મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૧-૧-૨૦૨૫ના રોજ મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં ગામજનો અને ઉચાપાન ક્ષેત્રના ભક્તો-ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે તા.

૧૬-૪-૨૧ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ આ મંદિરમાં તા. ૨૨-૧-૨૦૨૫ના રોજ દેવસ્વરૂપદાસ સ્વામી અને અન્ય સંતોએ કર્યો હતો. આ પ્રસંગે સૌ ગામજનોએ પ્રતિષ્ઠાવિધિનો લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ થયા બાદ સંતોએ આશીર્વચન પાઠવીને સેવાનિષ્ઠ હરિભક્તોની સેવાને બિરદાવી હતી.





ઝાણુંમાં નવનિર્મિત મંદિર, બામરોલીમાં મંદિરમાં પ્રતિષ્ઠાની આરતી ઉતારતા સંતો...

## ■ ઝાણું ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં આવેલા ઝાણું ગામમાં તા. ૩૧-૧-૨૦૨૫ના રોજ નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ ઊજવાયો હતો.

અમદાવાદ મંદિરથી સેવાજીવનદાસ સ્વામી અને સંતોષમૂર્તિદાસ સ્વામીના સતત વિચરણને કારણે ઝાણું ગામમાં સત્સંગને વધુ વેગ સાંપડ્યો. મંદિરની આવશ્યકતા જણાતાં વિષ્ણુભાઈ પટેલ, બળદેવભાઈ પટેલ અને ઘનશ્યામભાઈ પટેલે અર્પણ કરેલી ભૂમિ પર સત્સંગમંડળના બાઈ-ભાઈ હરિભક્તોના સેવાસભર પુરુષાર્થથી માત્ર સવા વર્ષના ટૂંકાગાળામાં મંદિર નિર્માણ પામ્યું. આ મંદિરમાં મૂર્તિસ્થાપન ઉત્સવના નિમિત્તે પ્રથમ દિને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં શોભાયાત્રા યોજાઈ ત્યારે ઝાણુંના સૌ ગામજનોએ ઠાકોરજીને ઉત્સાહથી વધાવ્યા હતા. દ્વિતીય દિને, સવારે મહાપૂજાવિધિ બાદ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ અમદાવાદ મંદિરના કોઠારી ધર્મતિલકદાસ સ્વામી અને સંતોએ વિધિવત્ રીતે કર્યો હતો.

આ પ્રસંગે યોજાયેલી પ્રાસંગિક સભામાં ઉપસ્થિત સૌ ભક્તો-ભાવિકોએ પૂજ્ય સંતોના પ્રવચનનો લાભ લઈને આ પ્રસંગની વિશિષ્ટ સ્મૃતિઓ હૃદયસ્થ કરી હતી.

## ■ બામરોલી ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં આવેલા બામરોલી ગામમાં સન ૨૦૦૧થી સંયુક્ત સત્સંગમંડળની શરૂઆત થઈ હતી. બોડેલી મંદિરથી પધારતા સંતોની કથાવાર્તાથી ગામલોકોમાં જાગૃતિ આવી અને સત્સંગની વિશેષતઃ અભિવૃદ્ધિ થવા લાગી. ધીમે ધીમે બાળમંડળ, મહિલામંડળની શરૂઆત થતાં મંદિરની આવશ્યકતા જણાઈ. શ્રી બાબુભાઈ દુલાભાઈ રાઠવાએ સત્સંગ અર્થે અર્પણ કરેલી ભૂમિ પર સંતોની દેખરેખ હેઠળ હરિભક્તોના અનેરા સેવા-સમર્પણથી મંદિર નિર્માણ પામ્યું. આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૩૦-૧-૨૦૨૫ના રોજ ઉચાપાન ક્ષેત્ર અને બામરોલી મહિલામંડળ દ્વારા મહિલાદિન યોજાયો હતો. ત્યારપછી યોજાયેલી શોભાયાત્રામાં કલાત્મક રથમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજે સમગ્ર ગામમાં દૃષ્ટિ આશિષ વરસાવીને દિવ્યતા પ્રસરાવી દીધી હતી.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજ દ્વારા અગાઉ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ આ મંદિરમાં તા. ૩૧-૧-૨૦૨૫ના રોજ યજ્ઞપ્રિયદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો. આ નિમિત્તે યોજાયેલી સત્સંગસભામાં, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સંતોનાં આશીર્વચનનો ગામજનોએ લાભ પ્રાપ્ત કર્યો હતો.

આમ, કથોલા અને બામરોલી મંદિરમાં વર્ણીનાથદાસ સ્વામી, ધર્મસાગરદાસ સ્વામી તથા સેવાનિધિદાસ સ્વામીના માર્ગદર્શન અનુસાર કાર્યકરો અને ગામજનોની

સેવાથી સંપન્ન થયેલો આ ઉત્સવ સૌ માટે પ્રેરણા અને આનંદનું યાદગાર સંભારણું બની રહ્યો હતો.

## ■ ઢોલાર ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

ગુણાતીત ગુરુવર્યોની પદરજથી પાવન થયેલા ડભોઈ તાલુકાના ઢોલાર ગામમાં છેલ્લાં ૨૨ વર્ષથી સત્સંગ સભા નિયમિત ચાલી રહી છે. ધીમે ધીમે સત્સંગની જમાવટ થઈ. અલૌકિક પ્રાપ્તિના કેફથી છલકાતા સૌ હરિભક્તોની ભક્તિને વિશેષ પુષ્ટિ આપવા માટે મંદિરની જરૂરિયાત ઊભી થઈ. સત્સંગલક્ષી વિવિધ પ્રવૃત્તિઓને વેગ આપવા પૂર્વ ધારાસભ્ય શ્રી બાલકૃષ્ણભાઈ તથા સુરેશભાઈએ ભૂમિ અર્પણ કરી હતી. ત્યાં સૌના સામૂહિક પુરુષાર્થથી તથા શ્રી સંદીપભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, દીપેશભાઈ પટેલ અને નૂતનભાઈ પટેલની વિશેષ સેવાથી મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨-૨-૨૦૨૫ના રોજ શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં સર્વે ગ્રામજનોએ જોડાઈને ભક્તિભાવ દર્શાવ્યો હતો. દ્વિતીય દિને સવારે મહાપૂજાવિધિ બાદ અક્ષરચરણદાસ સ્વામી અને અન્ય સંતોએ મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. આ પ્રસંગે યોજાયેલી સભામાં સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

## ■ સાધી ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

વડોદરા શહેરના પાદરા તાલુકાનું આદર્શ ગામ સાધી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુણાતીત ગુરુઓની ચરણરજથી અનેકવાર પાવન થયેલું છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની સાથે રહીને ઉપાસનાના પ્રવર્તનમાં ખૂબ સેવા આપનાર પૂજ્ય મોટા સ્વામી (પુરુષોત્તમપુરાના આશાભાઈ)નું પૂર્વાશ્રમનું આ ગામ. અહીં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તા. ૯-૨-૨૦૨૫ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાઈ ગયો.

આ ઉત્સવ નિમિત્તે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં આખું ગામ ભક્તિભાવપૂર્વક જોડાયું હતું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પથી નિર્માણ પામેલા આ મંદિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૪-૧૧-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ધર્મચરણદાસ સ્વામી, દેવસ્વરૂપદાસ સ્વામી અને સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સત્સંગ સભામાં સંતોએ સાધીના નિષ્ઠાવાન સંતો-હરિભક્તોની સેવા-સમર્પણનું સ્મરણ કરીને, ગામજનોની સુખાકારી માટે આશીર્વચન પાઠવ્યાં હતાં.





ઢોલારમાં નવનિર્મિત મંદિર, સાધીમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે શોભાયાત્રામાં ભગવાન સ્વામિનારાયણના રથનું વહન કરતા ભક્તો...

## ■ ભરૂચ જિલ્લામાં વિવિધ ગામોમાં પ્રતિષ્ઠા ઉત્સવ

ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે વસેલા મંગલેશ્વર ગામમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રચાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૨-૨-૨૦૨૫ના રોજ ભક્તિભાવપૂર્વક મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો.

સંનિષ્ઠ હરિભક્ત શ્રી અર્જુનસિંહરાજે સત્સંગ-કાર્ય માટે અર્પણ કરેલી ભૂમિ પર સંતો-ભક્તોના ભક્તિભર્યા પુરુષાર્થથી સુંદર મંદિરનું નિર્માણ થયું છે. પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા વિશ્વશાંતિ મહાયાગમાં ૨૦૦ યજમાન યુગલોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. યજ્ઞ પછી આરંભાયેલી શોભાયાત્રામાં સમગ્ર ગ્રામજનો ખૂબ ઉત્સાહભેર જોડાયા હતા. દ્વિતીય દિને, ગુરુહરિ મહંત

સ્વામી મહારાજના વરદ્ હસ્તે તા. ૮-૭-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોની મૂર્તિઓનો વિધિવત્ સ્થાપનવિધિ અક્ષરચરણદાસ સ્વામી અને ધર્મચરણદાસ સ્વામીએ કર્યો હતો. ત્યારબાદ પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી ઉત્સવ-સભામાં પણ ગામલોકોએ સત્સંગલાભ પ્રાપ્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ભરૂચ જિલ્લાના વઢવાણા ગામમાં (તા.૧૪-૧૧-૨૦૨૪), અંદાડા ગામના સી. કે. પટેલ કૉમ્પ્લેક્સમાં અને મારુતિધામમાં (તા. ૧૬-૧૧-૨૪) અને ગડખોલ ગામમાં (તા. ૧૭-૧૧-૨૦૨૪)ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો યોજાઈ ગયા. વર્ષોથી સત્સંગકાર્યોથી મઘમઘતાં આ ગામોમાં હરિભક્તોએ અર્પણ કરેલી ભૂમિ પર, સૌના સેવા-પુરુષાર્થથી મંદિર નિર્માણ પામ્યાં છે. સ્વામીશ્રી દ્વારા પૂજિત મૂર્તિઓનો સ્થાપનવિધિ ધર્મચરણદાસ સ્વામી અને અનિર્દેશદાસ સ્વામીએ કર્યો હતો. ઉત્સવ નિમિત્તે નગરયાત્રા, મહાયજ્ઞ, સત્સંગસભા વગેરે કાર્યક્રમો ભક્તિભાવપૂર્વક યોજાયા હતા.

## ■ નાના ચીલોડા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

અમદાવાદ શહેરના નાના ચીલોડા(ન્યૂ શાહીબાગ) વિસ્તાર ખાતે સન ૨૦૧૮માં ડૉ. રાજુભાઈ પટેલના ઘરેથી સત્સંગસભાની શરૂઆત થઈ હતી. 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'ની ઉજવણી બાદ સત્સંગ વૃદ્ધિ પામતાં શાયોના પરિવારના સહકારથી શાયોના ફાર્મમાં અઠવાડિક સભા થવા લાગી. પટેલબંધુશ્રી ડૉ. રાજુભાઈ, અરવિંદભાઈ, ભક્તિભાઈ, હિમાંશુભાઈ, શૈલેશભાઈ, અશોકભાઈ, વિષ્ણુભાઈ અને હિતેશભાઈ ભીમાણીના ઉત્સાહથી સત્સંગ વિશેષ અભિવૃદ્ધિ પામતો રહ્યો. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ પ્રાપ્ત થયેલી ભૂમિ પર નિર્માણ પામેલા આ મંદિરમાં તા. ૧૮-૨-૨૫ના રોજ મૂર્તિસ્થાપન ઉત્સવ ઊજવાયો હતો.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે યોજાયેલા આ પ્રસંગે, મોટી સંખ્યામાં હરિભક્તોએ મહાપૂજાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. અમદાવાદ મંદિરના કોઠારી ધર્મતિલકદાસ સ્વામી અને વિમલપ્રકાશદાસ સ્વામી વગેરે સંતોએ મૂર્તિપ્રતિષ્ઠા કરીને મંદિરનાં દ્વાર સૌ માટે ખુલ્લાં મૂક્યાં હતાં.





ભરૂચના મંગલેશ્વર વિસ્તારમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરતા સંતો, રાવળાપુરામાં યજ્ઞ પ્રસંગે વિધિરત યજમાન યુગલો...

## ■ રાવળાપુરા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

આણંદ જિલ્લાના બોરિયાવી ક્ષેત્રના રાવળાપુરા ગામમાં સન ૨૦૧૬માં 'પરમહંસોના પગલે પગલે' કાર્યક્રમ અંતર્ગત સંતો અને કાર્યકરોનું વિચરણ યોજાયું હતું. તેમાંથી ગામજનો પ્રેરણા-બળ પ્રાપ્ત થતાં સત્સંગની સરવાણી વહેતી થઈ. સત્સંગમંડળના પ્રારંભે હરિભક્તોના ત્યાં સત્સંગસભા યોજાતી હતી. ગુરુહરિ મહંત સ્વામી મહારાજની અનન્ય કૃપાથી સત્સંગનાં અજવાળાં વિશેષ પ્રસરતાં સૌનો ઉત્સાહ વધ્યો અને મંદિરની જરૂરિયાત ઊભી થઈ. શ્રી મફતભાઈ મણિભાઈ પારેખ અને કાંતિભાઈ મણિભાઈ પારેખે સત્સંગકાર્ય અર્થે ભૂમિ અર્પણ કરી. ત્યાં સૌની સેવા-સમર્પણથી મંદિર નિર્માણ પામ્યું છે.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાવિધિ ઉત્સવના ઉપક્રમે પ્રથમ દિને સુશોભિત યજ્ઞશાળામાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં ૫૦૦ યજમાન ભક્તો-ભાવિકોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી. અપરાહ્ને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ, ભક્તિભાવથી પ્રેરિત અને અનેકવિધ ભક્તિમય

આકર્ષણોથી યુક્ત આ શોભાયાત્રામાં કલાત્મક રથમાં વિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજે દિવ્ય દૃષ્ટિ રેલાવી ગામમાં પાવનતા બક્ષી હતી.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૩૦-૧૧-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૯-૨-૨૦૨૫ના મંગલ પ્રભાતે યજ્ઞપ્રિયદાસ સ્વામી, ભગવત્ચરણદાસ સ્વામી અને સંતોના હસ્તે થયો હતો. પ્રાસંગિક સભામાં સૌએ પૂજ્ય સંતોનાં પ્રેરક પ્રવચનોનો લાભ લીધો હતો.





તોરણિયા ગામમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ભક્ત સમુદાય, સહજાનંદ નગરમાં શોભાયાત્રામાં ઠાકોરજીના રથનું વહન કરતા ભક્તો...

## ■ તોરણિયા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી તાલુકામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી દિવ્યસ્વરૂપદાસ સ્વામી અને સંતોના અવિરત સત્સંગ વિચરણ થકી અહીં સત્સંગ દિનપ્રતિદિન અભ્યુદય પામતો રહ્યો છે. તોરણિયા ગામમાં સમયના વહેણ સાથે સત્સંગનો ખપ જાગતાં સંયુક્ત સત્સંગમંડળ, મહિલામંડળ બાળમંડળ, બાલિકામંડળનો આરંભ થતા અનેકવિધ સત્સંગલક્ષી પ્રવૃત્તિ થવા લાગી. પરિણામે અનેક પરિવારોમાં સત્સંગ પ્રત્યે સદ્‌ભાવના જાગ્રત થતાં ગામમાં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. શ્રી દેવજીભાઈ ગેમાભાઈ બારિયાએ સત્સંગ-કાર્ય માટે ભૂમિ અર્પણ કરી. અહીં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અને હરિભક્તોના સહિયારા શ્રમયજ્ઞથી મંદિર નિર્માણકાર્ય શરૂ થયું. વિશેષ સેવા-સહયોગ શ્રી ચંદ્રકાન્તભાઈ (લંડન), યોગેશભાઈ પટેલ (અમેરિકા), અલ્પાબહેન જ્યોતીન્દ્રભાઈ (અમેરિકા), પ્રફુલ્લભાઈ પટેલ (લંડન), બળદેવભાઈ (સિડની) તરફથી પ્રાપ્ત થયો. તેમજ સ્થાનિક હરિભક્ત શ્રી જેસીંગભાઈ, પ્રવીણભાઈ, રાજેન્દ્રભાઈ, વિપુલભાઈની અથાગ મહેનતથી મંદિર નિર્માણ પામ્યું. તેમાં મૂર્તિસ્થાપન ઉત્સવના ઉપક્રમે તા. ૨૦-૨-૨૦૨૫ના રોજ શોભાયાત્રા કલાત્મક રથોમાં ભક્તિભાવપૂર્વક યોજાઈ હતી. દ્વિતીય દિને સવારે, તા. ૨૧-૨-૨૦૨૫ના રોજ પૂજ્ય ધર્મચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મહાપૂજાવિધિ, મૂર્તિસ્થાપન વિધિ અને પ્રાસંગિક સભા થઈ હતી.

## ■ સહજાનંદ નગર (ગોંડલ) માં મૂર્તિસ્થાપન ઉત્સવ

ગોંડલ શહેરના સહજાનંદ નગર વિસ્તારમાં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૧-૩-૨૦૨૫ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમથી ઊજવાયો હતો. આ ઉત્સવ પ્રસંગે તા. ૨૩-૨-૨૦૨૫ના રોજ રક્તદાન-યજ્ઞ યોજાયો હતો. સંતો અને ભક્તો-ભાવિકોએ ૪૫,૩૦૦ સી.સી. રક્તદાન કરીને આરોગ્ય સેવા કરી હતી.

આ ઉત્સવના નિમિત્તે વિશ્વશાંતિ મહાયાગ, શોભાયાત્રા, ભક્તિતુલા અને મહાપૂજાવિધિ જેવા કાર્યક્રમોમાં ભક્તો-ભાવિકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તા. ૩૦-૧૦-૨૦૨૪ના રોજ પ્રાણપ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ધર્મચરણદાસ સ્વામી, દિવ્યપુરુષદાસ સ્વામી અને સંતોના હસ્તે વેદોક્ત રીતે થયો હતો. આ અવસરે યોજાયેલી સત્સંગ-સભામાં સંતોએ મંદિર, સત્સંગ અને સત્પુરુષના મહિમાનું ગાન કરીને, મંદિર-નિર્માણમાં સમર્પિત થનાર ભક્તોની સેવાને બિરદાવી હતી. આ ઉત્સવ પ્રસંગે આ વિસ્તારમાં આવેલાં અન્ય પાંચ દેવાલયોમાં સ્વચ્છતા અભિયાન દ્વારા વિશેષ સેવા કરીને હરિભક્તોએ સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ◆

# બ્રિટનની વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં યોજાયો સત્સંગદીક્ષા ગ્રંથ અંગે પરિસંવાદ






ઇંગ્લેન્ડની વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતે તા. ૧૭-૧-૨૦૨૫ના રોજ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત સત્સંગદીક્ષા ગ્રંથ પર આધારિત વિશિષ્ટ પરિસંવાદ યોજાયો હતો.

કેમ્બ્રિજની ફેકલ્ટી ઑફ ડિવિનિટી, સેન્ટ એન્ડ્રુઝ એન્સાઇક્લોપીડિયા ઑફ થિયોલોજી, હાઇડલબર્ગ યુનિવર્સિટીનો સંસ્કૃત વિભાગ, લંડન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અને કેમ્બ્રિજ ઇન્ટરફેઇથ પ્રોગ્રામના સહયોગથી આ પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ પરંપરાના મહત્ત્વપૂર્ણ ગ્રંથ 'સત્સંગદીક્ષા'નાં વિવિધ પાસાંઓ પર વિમર્શ કરવા માટે યુ.કે., ફિનલેન્ડ, જર્મની, ભારત, નેધરલેન્ડ અને યુ.એસ.એ.માંથી આમંત્રિત વિદ્વાનો જોડાયા હતા.



ભારતીય વેદાંતના એક ભાગરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલાં અક્ષરપુરુષોત્તમ દર્શનનો એક સારભૂત ગ્રંથ એટલે સત્સંગદીક્ષા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા લિખિત આ ગ્રંથ સૌને આધ્યાત્મિક જીવનશૈલી શીખવે છે. આ પવિત્ર ગ્રંથ સાથે સંકળાયેલા વિવિધ વિષયો પર સંશોધન અને સંવાદના હેતુથી કેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતે ઉપરોક્ત પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદે, ઉપસ્થિત વિદ્વાનોને સનાતન ધર્મના મૂળગ્રંથો અને સત્સંગદીક્ષા ગ્રંથની આધુનિક સમયમાં સુસંગતતા વિશે ચર્ચા કરવા માટે એક મંચ પૂરો પાડ્યો હતો.

દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને ભક્તિશાસ્ત્રના ત્રિવેણી સંગમ સમાન આ વિશિષ્ટ ગ્રંથના અધ્યયન દ્વારા અનેક વિદ્વાનોએ તેની વિશિષ્ટતાઓને વર્ણવી હતી. વિદ્વાનોએ આ ગ્રંથના સંસ્કૃતના શ્લોકોને કંઠસ્થ કરેલા બાળકોને બિરદાવ્યા હતા. મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પણ ઓનલાઈન વ્યાખ્યાન દ્વારા આ ગ્રંથની વિશેષતાઓને પ્રસ્તુત કરી હતી. આમ, આ એક અપૂર્વ સેમિનાર યોજાઈ ગયો. ◆



# અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં પધાર્યા પૂજ્ય જગ્ગી વાસુદેવ, અભિનેતા શ્રી ચિરંજીવી અને શ્રી અલ્લુ અર્જુન





તા. ૪-૨-૨૦૨૫ના રોજ અબુધાબીના વિશ્વવિખ્યાત બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનાં દર્શને, તામિલનાડુના કોઈમ્બતુર સ્થિત ઈશા ફાઉન્ડેશનના સ્થાપક અને સદ્‌ગુરુ તરીકે પ્રખ્યાત ધર્મગુરુ અને આધ્યાત્મિક પ્રવચનકાર પૂજ્ય શ્રી જગ્ગી વાસુદેવ પધાર્યા હતા. મંદિર પરિસરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ તેમનું સ્વાગત કર્યું હતું. મંદિરના આધ્યાત્મિક પ્રભાવ અને મંદિરની સુંદર સ્થાપત્યકલાથી પ્રભાવિત થયેલા પૂજ્ય શ્રી સદ્‌ગુરુએ આ મંદિરને 'પુષ્પ અને રત્ન'ની ઉપમા આપી જણાવ્યું હતું કે, 'દરેક વ્યક્તિએ અહીં આવવું જ જોઈએ. આ જ્ઞાન અને શ્રદ્ધા-ભક્તિનું એક એવું મિલન સ્થળ છે, જે વિશ્વભરનાં હૃદયોને પ્રેરણા આપે છે.'

તા. ૨૮-૨-૨૦૨૫ના રોજ આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનાં દર્શને દક્ષિણ ભારતના પ્રખ્યાત અભિનેતા અને લોકનેતા શ્રી કોનિડેલા શિવશંકરવર પ્રસાદ પધાર્યા હતા. ચિરંજીવી નામથી લોકપ્રિય આ અભિનેતાએ મંદિરથી પ્રભાવિત થઈને કહ્યું, 'અજાયબી સમાન આ મંદિરની મુલાકાતને વર્ણવવા મારી પાસે શબ્દો નથી, હું નહીં, મારું હૃદય બોલી રહ્યું છે. આ મંદિરનો પ્રત્યેક ભાગ આધ્યાત્મિકતાને દર્શાવે છે, જે ભાવિ પેઢીઓ માટે એક મહાન અધ્યાય છે. વિશ્વના તમામ ધર્મોનો આદર કરવો જોઈએ, જેનું અહીં સુંદર દર્શન કરાવવામાં આવ્યું છે.'

'પ્રમુખસ્વામીજીનો સંકલ્પ આજે આ મંદિર દ્વારા અહીં સાકાર થયેલો દેખાય છે. આ રણમાં ભાવિ પેઢીઓ માટે પ્રેરણા આપતું આવું મંદિર બનાવવાનો સંકલ્પ એમણે કેવી રીતે કર્યો? એમની સંકલ્પ-શક્તિ, એમનો દૃઢ વિશ્વાસ અપ્રતિમ છે. ૯૯ ટકા લોકોએ કહ્યું કે અહીં મંદિર કરવું અશક્ય છે. એકમાત્ર પ્રમુખસ્વામીજીને વિશ્વાસ હતો કે આ શક્ય છે. અને એ એમનો વિશ્વાસ આજે આપણે અહીં જોઈ શકીએ છીએ. આ અજાયબીનું નિર્માણ કેવળ બે વર્ષમાં થયું છે! પ્રમુખસ્વામીજીનો સંકલ્પ અને વિશ્વાસ દૃઢ હતો તેના કારણે આ બધું જ શક્ય બન્યું. આ મંદિર, આપણા આત્મા અને મન માટેનું એક વેલનેસ સેન્ટર છે. હું અહીંથી ઘણું બધું શીખીને જાઉં છું.'

તા. ૨૨-૩-૨૦૨૫ના રોજ અહીં દક્ષિણ ભારતના વિખ્યાત અભિનેતા શ્રી અલ્લુ અર્જુન પધાર્યા હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રી વતી પૂજ્ય સંતોએ તેઓનું ભારતીય પરંપરા પ્રમાણે સ્વાગત કર્યું હતું. આ અભૂતપૂર્વ મંદિરને તન્મયતાથી માણીને ખૂબ પ્રભાવિત થયા. ભગવાનનાં દર્શન કરીને તેઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણ પર જળાભિષેક કરીને ધન્યતાનો અનુભવ કર્યો હતો. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વૈશ્વિક કાર્યો બદલ મુંબઈ રાજભવનમાં પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીનું વિશિષ્ટ બહુમાન





મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં રાજભવન ખાતે તા. ૧૯-૩-૨૦૨૫ના રોજ ભારતના પ્રતિષ્ઠિત મીડિયા જૂથ લોકમત દ્વારા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીને 'મહારાષ્ટ્રીયન ઓફ ધ યર' ઍવોર્ડ પ્રાપ્ત થયો હતો. મહારાષ્ટ્રના રાજ્યપાલ મહામહિમ શ્રી સી.પી. રાધાકૃષ્ણનજી, મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસજી, નાયબ મુખ્યમંત્રીશ્રી એકનાથ શિંદેજી, રાજ્યસભાના સાંસદ અને લોકમત ગ્રૂપના મુખ્ય સંપાદક શ્રી વિજય દાર્ડા સહિત વિવિધ ક્ષેત્રોના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ સમારોહ યોજાયો હતો. વિવિધ રીતે સમાજમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનારી વ્યક્તિઓના સન્માન માટે યોજાયેલા આ કાર્યક્રમમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલાં અનેકવિધ સેવા અને સંવાદિતાનાં કાર્યોને સૌ ખૂબ મહાનુભાવોએ બિરદાવ્યાં હતાં.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં હજારો મંદિરો, સંતો અને લાખો સ્વયંસેવકો દ્વારા મૂલ્યનિષ્ઠ સમાજના નિર્માણની સૌએ નોંધ લીધી છે. યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધ દરમ્યાન પોલેન્ડ સરહદ પર નીડરતાથી નિઃસ્વાર્થ સેવા કરીને સ્વયંસેવકોએ એક વિશિષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત મધ્ય-પૂર્વના દેશોની અજાયબી સમાન અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરથી પ્રભાવિત થઈ વિશ્વભરના લાખો લોકોએ શાંતિ અને સંવાદિતાની વિશિષ્ટ પ્રેરણાઓ પ્રાપ્ત કરી છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં નિર્મિત આવાં સાંસ્કૃતિક ધામો દ્વારા આંતરધર્મ સંવાદિતા, વૈશ્વિક એકતા અને ઉચ્ચ માનવજીવનના નિર્માણનું કાર્ય કરી રાષ્ટ્રની, વિશ્વની અને માનવતાની વિશેષ સેવા થઈ રહી છે. આવાં અજોડ કાર્યો બદલ યુગવિભૂતિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાના સૌ સંતો-સ્વયંસેવકોના પ્રતિનિધિ રૂપે પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીને રાજ્યપાલશ્રીએ આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કર્યો હતો ત્યારે ઉપસ્થિત સૌએ આ ક્ષણને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી.

પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં બી.એ.પી.એસ. સંસ્થાનાં સેવાકાર્યો વર્ણવીને આ સન્માન ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુ પ્રમુખસ્વામી મહારાજ તથા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં ચરણે અર્પણ કર્યું હતું. આ પ્રસંગે, બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિસ્તરી રહેલા સનાતન ધર્મના આંતરરાષ્ટ્રીય પ્રભાવની ઘેરી છાપ સૌનાં મન પર પડી હતી. ◆




# ભારત સરકારની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત પુસ્તક 'સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ'નું થયું શાનદાર લોકાર્પણ

અમદાવાદ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૩-૩-૨૦૨૫ના રોજ એક વિશિષ્ટ પુસ્તક વિમોચન સમારોહ યોજાયો હતો. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અંતર્ગત રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા 'સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ'નાં જીવન-કાર્ય-સંદેશ પર પ્રકાશિત આ પુસ્તકનું અભૂતપૂર્વ અને ગૌરવપૂર્ણ વિમોચન ભારત સરકારના સંસ્કૃતિ મંત્રી આદરણીય શ્રી ગજેન્દ્રસિંહજી શેખાવતના હસ્તે થયું હતું. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. શ્રી ભાગ્યેશભાઈ ઝા, રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના સચિવ ડૉ. કે. શ્રીનિવાસ રાવ, અન્ય અધિકારીશ્રીઓ, વિવિધ ચાર રાષ્ટ્રીય વિશ્વવિદ્યાલયોના કુલપતિશ્રીઓ અને અનેક લબ્ધપ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજનું જીવન, તેમની વૈશ્વિક સેવાઓ અને ભારતીય સંસ્કૃતિના વૈશ્વિક ઉત્થાન માટે એમણે કરેલાં કાર્યોની ઝાંખી કરાવતા આ પુસ્તકના વિમોચન પ્રસંગે હકડેઠઠ ભરાયેલા પ્રમુખસ્વામી મહારાજ સભાગૃહમાં મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. ત્યારબાદ આ પુસ્તકના કેન્દ્રીય વિષય સમા પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે સૌએ વાક્પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અંતે સૌએ જયનાદો વચ્ચે પુસ્તકનું શાનદાર વિમોચન કર્યું હતું. પ્રસ્તુત છે એ અવસરે મહાનુભાવોએ ઉચ્ચારેલા ઉદ્‌ગારોઃ








**શ્રી ગજેન્દ્રસિંહજી શેખાવત**

સાંસ્કૃતિક મંત્રી, ભારત સરકાર

'પ્રમુખસ્વામી મહારાજના વિશાળ જીવન ચરિત્રને કોઈ એક પુસ્તકમાં બાંધવું કે લખવું સંભવ નથી. પરંતુ આ પુસ્તકમાં પ્રયાસ થયો છે તે નિશ્ચિતરૂપે અભિનંદનીય છે. એક વખત મને પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયાં તે મારા જીવનની સૌથી સૌભાગ્યશાળી ધન્ય પળ હતી.

પ્રમુખસ્વામી મહારાજ દુર્લભ આત્મા હતા. ભગવત્ કૃપા તેમના પર અપરંપાર વર્ષી હતી. તેઓ એક એવા સંત હતા જેમણે જીવનપર્યંત, પ્રત્યેક ક્ષણ લોકકલ્યાણ માટે સમર્પિત કરીને વિતાવી. તેઓ એક એવા સંત હતા જેમણે સંપૂર્ણ જગતને ઈશ્વર સ્વરૂપ માનીને પ્રત્યેક ક્ષણ અસીમ આનંદમાં, ઈશ્વરમાં લીન થઈને વિતાવી. તેઓ અસીમ શાંતિના માલિક તો હતા પણ સાથે સાથે સહજ, સરળ અને વિનમ્ર પણ હતા. જીવનની પ્રત્યેક પળ લોકકલ્યાણમાં નિયોજિત કરીને સનાતન સંસ્કૃતિને સનાતન બનાવી રાખવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું. અનેક આક્રમણો વચ્ચે ભારતીય સંસ્કૃતિ અનવરત, અક્ષુણ્ણ અને સનાતની બની રહી તેનું કારણ ભગવો વેશ ધારણ કરીને, ત્યાગ કરીને નીકળેલા આ સંતો છે. તેઓએ ભારતીય સંસ્કૃતિને નિત્ય નૂતન બનાવીને રાખી છે. વર્તમાન સમયે ભારતીય સંસ્કૃતિને સંભાળવાની અને સાધુ પરંપરાને સુદૃઢ કરવાની જરૂર હતી તેવા સમયે સંતો, મંદિરો અને શાસ્ત્રોની એક શૃંખલા ઊભી કરવાનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે તે સંસ્કૃતિની સૌથી મોટી સેવા છે. તેઓએ વિશ્વભરમાં મંદિરોનું નિર્માણ કર્યું. એવા દેશોમાં પણ મંદિરનું નિર્માણ કર્યું કે જ્યાં નિષેધ હતો, ત્યાં પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વની શક્તિ અને વિશાળતાથી ત્યાં તે દેશમાં શાનની સાથે મંદિર ખડું થયું છે. તેઓ મિતભાષી હતા. માત્ર થોડા શબ્દોમાં શાશ્વત જ્ઞાન-સંદેશ આપી દેનાર સ્નેહ-વાત્સલ્યથી ભરપૂર હતા. લોકોના હૃદયમાં લાગતું કે જે પણ સંદેશ આપી રહ્યા છે તે મારા કલ્યાણ માટે છે માટે તે વાણી હૃદયમાં સમાહિત થતી હતી. આજ વિશ્વ સમક્ષ ભારતની ભૂમિકા બદલાઈ રહી છે તેના પ્રદાનમાં પ્રમુખસ્વામી મહારાજનું વિશેષ યોગદાન છે.

આજે પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્ર પર લખાયેલું પુસ્તક મારા મંત્રાલયની સાહિત્ય અકાદમી દ્વારા છપાઈ રહ્યું છે. મને લાગે છે કે મારું મંત્રાલય અને હું ધન્ય બની ગયા છીએ. અમે ગૌરવ અનુભવી રહ્યા છીએ.' ●



**ડૉ. શ્રી ભાગ્યેશભાઈ ઝા**

અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

'પ્રમુખસ્વામી મહારાજના જીવન ઉપર આજે એક અમૂલ્ય ગ્રંથ આપણને મળી રહ્યો છે. મારા જેવા અનેક ભક્તોને, અનેક મુમુક્ષુઓને બાપાએ આશીર્વાદ આપ્યા છે. હું ૨૯ વખત તેમને મળ્યો છું. સન ૨૦૦૦માં હું સારંગપુરમાં ચોવીસ કલાક તેમની સાથે રહ્યો છું. તે વખતે મને ખબર પડી કે વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજ એક ક્ષણ પણ પોતાના માટે નથી વાપરતા, પરંતુ



સમાજ માટે, ધર્મ માટે, સંસ્કૃતિના રક્ષણ માટે ક્ષણેક્ષણ વાપરે છે. આવા પુરુષની સંનિધિમાં રહેવાનું મળ્યું એ મારા જીવનની ધન્ય ક્ષણ હતી. એમના આશીર્વાદ એ મારા માટે પદ્મભૂષણ કરતાં પણ વધારે મોટું સન્માનરૂપ હતા.

પૂજ્ય સ્વામીબાપાના સ્મરણમાં લખાયેલું આ પુસ્તક તે પુસ્તક નથી, એ ગુરુગાથા છે, એ કવિતા છે, આપણાં શાસ્ત્રોનો સાર છે અને મનુષ્ય જીવનનો અર્ક છે. એક સામ્રાજ્ય કહી શકાય એવા મોટા સંપ્રદાયનું મેનેજમેન્ટ કરવા છતાં સ્વામીબાપા કાયમ બાળકની માફક હસતા. તેમના પર અભ્યાસ થવો જોઈએ. આજે પરમ વંદનીય પ્રમુખસ્વામી મહારાજની સૂક્ષ્મ હાજરી અહીં છે. એ હાજરી ન હોય તો આ શબ્દો ન નીકળે. આવા વિશ્વવંદ્ય મહાપુરુષની ચેતનાને પ્રણામ.' ●



**ડૉ. કે. શ્રીનિવાસ રાવ**

સચિવ, રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી

'વીસમી સદીની સૌથી મહાન આધ્યાત્મિક વિભૂતિઓમાંથી એક હતા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ. તેમના નેતૃત્વમાં છ દશકો સુધી બી.એ.પી.એસ. સંસ્થાએ તીવ્ર ગતિથી વિકાસ કર્યો. તેઓ બધા માટે આધ્યાત્મિક માર્ગદર્શક અને પરમ મિત્ર હતા. તેમણે સર્વ પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ વરસાવ્યો હતો. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અથાગ પરિશ્રમના કારણે બી.એ.પી.એસ. સંસ્થાએ અનેકવિધ આધ્યાત્મિક અને સામાજિક ગતિવિધિઓમાં સેવા કરી છે અને તે પ્રભાવશાળી રહી છે.

પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી દ્વારા લિખિત પ્રમુખસ્વામી મહારાજના આ જીવન આધારિત પુસ્તકને પ્રકાશિત કરતા સાહિત્ય અકાદમી અત્યંત પ્રસન્નતા અનુભવે છે. આ પુસ્તક એક દિવ્ય પરામર્શ જીવન અને દર્શનનો ઉજ્જ્વલ દસ્તાવેજ છે.' ●



**શ્રી તરુણ વિજયજી**

પૂર્વ સાંસદ, વિદ્વાન લેખક

'હું જ્યારે સાંસદ બન્યો ત્યારે દિલ્હી અક્ષરધામમાં પ્રમુખસ્વામી મહારાજે મને આશીર્વાદ આપ્યા હતા કે સમાજના દીનહીન લોકોની સેવાની સાથે ભારતની સેવામાં તમારું જીવન વિતાવો. સેવાના આશીર્વાદ માત્ર ભારતના ઋષિ, તપસ્વી, સંત જ આપી શકે છે. પ્રમુખસ્વામી મહારાજે પોતાનું સમસ્ત જીવન માનવમાત્રની સેવામાં સમર્પિત કર્યું હતું. જેમના દ્વારા વેદાંતનું જ્ઞાન જન જન સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે, જેમના વીર સંતો દ્વારા સમસ્ત ભૂમંડલમાં ભારતના સનાતન ધર્મની પ્રભાનાં પ્રચાર-પ્રસાર અને વિસ્તાર કરી રહ્યા છે, એવા પ્રમુખસ્વામી મહારાજની આ વિશ્વને સૌથી મોટી ભેટ છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એક શતાબ્દી પુરુષ હતા. ●



**પ્રો. શ્રીનિવાસ વરખેડી**

કુલપતિ, કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, દિલ્હી

'આજે શતાબ્દીના વિભૂતિ પુરુષ આપણા સૌના દિશાદર્શક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન આપણને આ પુસ્તક દ્વારા થઈ રહ્યાં છે. પ્રમુખસ્વામી મહારાજનું સાંનિધ્ય આ પુસ્તકમાં છે. આ પુસ્તક સાહિત્યકૃતિ કે જીવનચરિત્ર નથી, પરંતુ સંતસ્વરૂપ આ પુસ્તક છે. આ ગ્રંથના શબ્દે શબ્દમાં અક્ષરપુરુષોત્તમ દર્શનની સાથે સ્વયં પ્રમુખસ્વામી મહારાજની સંનિધિ અનુભવાય છે. આજે ધર્મ માટે માર્ગદર્શન આપનાર, અર્થ માટે માર્ગદર્શન આપનાર, કામ અને મોક્ષ માટે માર્ગદર્શન આપનાર અલગ અલગ વ્યક્તિઓ મળી રહેશે. પરંતુ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારેય પુરુષાર્થ માટે દિશાદર્શન કરાવનાર વિરલ સંત આ શતાબ્દીએ, પ્રમુખસ્વામી મહારાજ સ્વરૂપે જોયા છે. અમારા ગુરુ સ્વામી શ્રી વિશ્વેશતીર્થજી મહારાજ કહેતા કે રાજા ભગીરથ પૂર્વજોનો મોક્ષ કરવા માટે દેવગંગાને આ ભૂમિ પર લાવ્યા તેવી જ રીતે પ્રમુખસ્વામી મહારાજે આવનારી પેઢીઓની મુક્તિ માટે ભારતીય સંસ્કૃતિ ગંગાને વિશ્વભરમાં પ્રવાહિત કરી છે. તેઓ આધુનિક ભગીરથરૂપ સંત હતા. ●



**પ્રો. મુરલી મનોહર પાઠક**

કુલપતિ, શ્રી લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય

'મેં પ્રમુખસ્વામી મહારાજનાં વીડિયોમાં અનેક વખત દર્શન કર્યાં છે. તેમના મુખદર્શનમાં ભારતીય આભામંડળની પ્રતીતિ થાય છે. આ ગ્રંથ વાંચીને

અનુભવ્યું કે આ આચરણ, સભ્યતા, આચાર, વ્યવહાર, સદાચાર, સંસ્કૃતિની ભાષા છે. આ ગ્રંથ એક પ્રબંધ શ્રેણીમાં આવે તેવી રચના છે. પ્રમુખસ્વામી મહારાજ લોકહિત માટે જીવ્યા છે, લોકકલ્યાણ માટે તેઓએ સમગ્ર જીવન ન્યોછાવર કરીને એક આદર્શ સ્થાપિત કર્યો છે. એક માનવદેહ દ્વારા તેમણે સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ માટે કેટલું બધું કાર્ય કર્યું છે તે આપણે વિચારી પણ નથી શકતા. પ્રમુખસ્વામી મહારાજનું બીજું સ્વરૂપ મહંત સ્વામી મહારાજ છે. તેઓનાં દર્શનમાત્રથી ભવતાપ દૂર થઈ જાય છે, બધી મુશ્કેલીઓ દૂર થઈ જાય છે. ●



**પ્રો. જી. એસ. આર. કૃષ્ણમૂર્તિ**
કુલપતિ, રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, તિરુપતિ

‘પ્રમુખસ્વામી મહારાજના સ્મરણ માત્રથી આપણી હૃદય કામનાઓ પૂર્ણ થઈ જાય છે. ૪૦૦ વર્ષ પછી પ્રસ્થાનત્રયી ભાષ્ય રચવાનો સંકલ્પ પ્રમુખસ્વામી મહારાજે કર્યો. ભદ્રેશદાસ સ્વામીને વિવિધ વિદ્યાલયોમાં વિદ્વાનો પાસે અધ્યાપન કરાવ્યું. અને પ્રસ્થાનત્રયી ભાષ્ય તેઓની પ્રેરણાથી પૂર્ણ થયું. પ્રમુખસ્વામી મહારાજ સેવાની સાક્ષાત્ મૂર્તિ હતા. તેમણે અનેકવિધ સેવાકાર્યો જીવનભર કર્યાં છે. તેઓની વિશેષતા એ છે કે તેમણે નિષ્કામ કર્મનો માર્ગ પ્રશસ્ત કર્યો છે. ●



**પ્રો. હરેકૃષ્ણ સત્પથી**
પૂર્વ કુલપતિ, સંસ્કૃત વિશ્વવિદ્યાલય, તિરુપતિ

‘પ્રમુખસ્વામી મહારાજના જીવન વિશે અનેક પુસ્તકો લખાયાં છે. આજે જે પુસ્તકનું વિમોચન થઈ રહ્યું છે તે પ્રામાણિક ગ્રંથ છે.


પવિત્ર સંગમની જેમ જ પ્રમુખસ્વામી મહારાજ પણ સંગમરૂપ હતા. તેઓ જ્ઞાનના સાગર હતા, કર્મના સાગર હતા, ભક્તિના સાગર હતા. સ્વામીજીમાં કર્મરૂપી ગંગા, ભક્તિરૂપી જમુના અને જ્ઞાનરૂપી સરસ્વતી વહેતી હતી. આ ત્રણેય નદીઓનો સંગમ એક મહાસાગરમાં થતો હતો.

તીર્થમાં સ્નાન કરવાથી જે પુણ્ય મળે છે, તેવું જ પુણ્ય સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજનું નામ-સ્મરણ કરવાથી અને તેમનાં ચરિત્રોનાં સ્મરણથી મળશે.’ ●




**મહામહોપાધ્યાય પદ્મશ્રી ગૌતમભાઈ પટેલ**
પ્રકાંડ વિદ્વાન

‘ભારતમાં વિશ્વને દોરવણી આપનાર સ્વામી વિવેકાનંદજી અને પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષ મળ્યા છે. પ્રમુખસ્વામીજી સમતાનો સાક્ષાત્ અવતાર હતા. માત્ર ચાર વર્ષનો છોકરો તેઓને પધારવાનું આમંત્રણ આપે તો પણ એની ઝૂંપડીમાં જાય અને બીજી બાજુ યુનોના મંચ ઉપર જઈને સમગ્ર વિશ્વને પ્રેરણા આપે એવું પ્રવચન કરે. આ ગ્રંથની રચના એવી અદ્‌ભુત છે. એનો પ્રકરણ વિભાગ છે ને એ જોઈને જ હું આશ્ચર્ય પામ્યો છું. મારો અનુરોધ છે કે આ પુસ્તક સૌ અવશ્ય અધ્યયન કરે. ●




**પ્રો. વીરેન્દ્રકુમાર તિવારી**
પૂર્વ ડાઇરેક્ટર, IIT ખડગપુર

‘વિશ્વભરમાં બી.એ.પી.એસ. મંદિરોમાં સ્વયંસેવકો સેવા પ્રદાન કરી રહ્યા છે તેની લોકોને અનુભૂતિ થઈ રહી છે તે માત્ર પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી થઈ રહી છે. તેનાથી લોકો પ્રભાવિત થઈ રહ્યા છે. માત્ર પ્રતિષ્ઠિત વ્યક્તિઓ નહીં, પરંતુ દરેક વર્ગના લોકો તેમાં શામેલ છે. રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રીથી માંડીને સફાઈ કર્મચારી તેમાં શામેલ છે. આજે વિશ્વમાં સંવાદિતા અને શાંતિની જરૂર છે તે કેવળ પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતની વાણી અને આવા ગ્રંથોના વાંચનથી આવે છે. ●



**શ્રી માધવ રામાનુજ**
વિખ્યાત કવિ, સાહિત્યકાર

‘મને પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનનો લાભ પ્રાપ્ત થયો ભગવાન સ્વામિનારાયણ દ્વિદશાબ્દી મહોત્સવમાં. ત્યારબાદ મુંબઈમાં અમૃત મહોત્સવમાં સંતોના આગ્રહથી મને સેવાની તક સાંપડી એક સંવાદ લેખનની. બહુ જ અઘરું કામ હતું. ગ્રંથો ઓછા પડે એવા મહાન વ્યક્તિત્વને સંવાદમાં મૂકવાનું કાર્ય અઘરું હતું. પણ સૌના આશીર્વાદથી એ શક્ય બન્યું.




સંવાદનું નામ આપ્યું - અક્ષરનું અમૃત. ચાલુ મહોત્સવે મને સ્વામીશ્રીએ બોલાવ્યો અને અનેક વ્યસ્ત કાર્યક્રમોમાં ૧૫-૨૦ મિનિટ સમય આપ્યો આવાં તો અનેક સ્મરણો છે.

આદિવાસી વિસ્તારમાં વિચરણ દરમ્યાન સ્વામીશ્રીને એક ઘરમાંથી પસાર થવાનું થયું ત્યારે ચૂલા પર રોટલો શેકાઈ રહ્યો હતો. સ્વામીશ્રીએ આ જોયું ને તરત જ ત્યાં પડેલા તાવીથાથી ફેરવી દીધો - કેટલી સરળતા. એમણે અનેક લોકોના જીવનના રોટલાને બળતાં બચાવ્યા છે. અનેક મહાનકાર્યો એમના દ્વારા થયાં છે. હજુ તો કેટલું લખાશે તેમના વિશે. આ બધું જોવા, જાણવા અને વાંચવાથી આપણને સતત પ્રેરણા મળતી રહેવાની છે. ●



**પ્રો. સુકાંતાકુમાર સેનાપતિ**
કુલપતિ, સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય

'પ્રમુખસ્વામી મહારાજ એક મહા માનવ હતા. ભારતીય વિદ્યાનો ઉદ્દેશ્ય છે મનુર્ભવ. પ્રમુખસ્વામી મહારાજ તેનું એક સર્વશ્રેષ્ઠ ઉદાહરણ હતા. એમનું વ્રત હતું લોકહિત. તેઓ આજીવન લોકહિત માટે સમર્પિત રહ્યા. એમણે લોકહિતને જ પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું હતું. ●



**સાધુ ભદ્રેશદાસ**
મહામહોપાધ્યાય, બી.એ.પી.એસ. સંસ્થા

'પ્રમુખસ્વામી મહારાજનું જીવન એ કોઈ એક કાળખંડમાં વીતેલું જીવન નથી, તે એક અવિનાશીની ઐતિહાસિક ઘટના હતી. પ્રમુખસ્વામી મહારાજના પરિચયમાં લખ્યું - તેઓ એક ભલા સાધુ હતા. ભગવાનના પરમ ઉપાસક, પવિત્ર હૃદય, પવિત્ર વિચાર, પવિત્ર ક્રિયાઓ તેમની ઓળખ હતી. આવા સાધુને તત્ત્વજ્ઞાનમાં બ્રહ્મસ્વરૂપ કહે છે. પ્રમુખસ્વામીજીનું અલૌકિક જીવન, તેમનું અસ્તિત્વ આપણામાં એક ઊર્જા ભરી દેતું હતું. આ પુસ્તકને પૂર્ણ કરવા માટે શ્રીમદ્ ભગવદ્ગીતાના બીજા અધ્યાયના ૭૨મા શ્લોકનો સહારો લીધો. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું: एषा ब्राह्मी स्थितिः। બ્રાહ્મી સ્થિતિનું બીજું નામ પ્રમુખસ્વામી મહારાજ હતું. તેમનું અસ્તિત્વ શાશ્વત છે. વર્તમાન સમયમાં પ્રમુખસ્વામી મહારાજની પ્રતિકૃતિ મહંત સ્વામી મહારાજ છે. આ પુસ્તક, ભારત સરકાર વતી પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે એમનાં દિવ્ય જીવન અને નિઃસ્વાર્થ સેવાનાં કાર્યો માટે અપાયેલી એક વિશિષ્ટ અંજલિ બની રહ્યું છે. ◆



# દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામનાં દર્શને પધાર્યા ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન શ્રી ક્રિસ્ટોફર લક્સન





નવી દિલ્હીના વિશ્વવિખ્યાત સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિરનાં દર્શને તા. ૧૮-૩-૨૦૨૫ના રોજ ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન માનનીય શ્રી ક્રિસ્ટોફર લક્સન અને તેમનું પ્રતિનિધિ મંડળ પધાર્યું હતું.

ભારત દેશની મુલાકાતે પધારેલા વડાપ્રધાનશ્રીએ ભારતની ઓળખ સમાન અને સનાતન હિન્દુ ધર્મના ગૌરવ સમાન સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન અને અભિષેક કરી ભાવાંજલિ અર્પણ કરી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી પૂજ્ય સંતોએ તેમનું ભારતીય પરંપરા પ્રમાણે સ્વાગત કર્યું હતું. ન્યૂઝીલેન્ડમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા થઈ રહેલા જીવન-ઉત્કર્ષ અને સમાજ-સેવાનાં કાર્યોને બિરદાવીને માનનીય વડાપ્રધાન શ્રી લક્સને જણાવ્યું: 'ન્યૂઝીલેન્ડ દેશના વિકાસમાં આપના સમુદાયનું ખૂબ મોટું યોગદાન છે. ન્યૂઝીલેન્ડના હજારો હિન્દુઓ અને ભારતીયો માટે જે પવિત્ર આસ્થાનું સ્થાન છે, એવા આ અક્ષરધામનાં દર્શન કરી હું ધન્યતા અનુભવું છું.' ઉલ્લેખનીય છે કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ન્યૂઝીલેન્ડમાં સાત મંદિરો રચીને સનાતન સંસ્કારોની જ્યોત આ ભૂમિ પર પ્રગટાવી છે, તેણે ત્યાંના અનેક લોકનેતાઓનાં હૃદય પર ઊંડી છાપ પાડી છે. ◆


## સ્વામિનારાયણ પ્રકાશ નિવેદન ફૉર્મ : ૨૦૨૫

### સ્વામિનારાયણ પ્રકાશ

માલિકી અને બીજી માહિતી નિવેદન (ફૉર્મ નં. ૪, રૂલ-૮)

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિ સ્થળ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ |
| ૨. | પ્રસિદ્ધિ ક્રમ | : માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| ૪. | પ્રકાશકનું નામ | : સાધુ કેશવજીવનદાસજી |
| ૫. | તંત્રીનું નામ | : સાધુ સ્વયંપ્રકાશદાસ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| ૬. | માલિકનું નામ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| | ઠેકાણું | : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪. |

હું, સાધુ કેશવજીવનદાસ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૪-૨૦૨૫ (સહી) સાધુ કેશવજીવનદાસ

## શ્રી તિલકકુમાર વિઠ્ઠલભાઈ ચાવડા, અંકલેશ્વરઃ પીએચ.ડી. થયા...



અંકલેશ્વર ક્ષેત્રના બી.એ.પી.એસ. સંયુક્ત મંડળના કાર્યકર અને નવસારી કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કૉલેજમાં મદદનીશ પ્રાધ્યાપક શ્રી તિલકકુમાર ચાવડાએ તાજેતરમાં પુનઃ પ્રાપ્ય ઊર્જા ઈજનેરી વિભાગ હેઠળ અદ્યતન સૌર સુકવણી યંત્ર પર સંશોધન કર્યું હતું. આ સંશોધન બદલ નવસારી કૃષિ યુનિવર્સિટીએ તેઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. શ્રી તિલકભાઈ ચાવડાને હાર્દિક અભિનંદન...




## ભક્તરાજ શ્રી પ્રતાપસિંહ મોતીસિંહ પરમાર, ઘોઘંબા, ઉં.વ. ૮૮, અક્ષરવાસઃ તા. ૨૫-૨-૨૦૨૫



પંચમહાલ જિલ્લાના ઘોઘંબાના નિષ્ઠાવાન હરિભક્ત પ્રતાપસિંહ પરમાર સન ૧૯૭૩માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા હતા. પંચમહાલ જિલ્લામાં બી.એ.પી.એસ. સત્સંગનાં પગરણ ઘોઘંબાથી થયાં હતાં. અને તે સમયે પ્રતાપસિંહના પિતાશ્રી મોતીસિંહ બાપુએ શિરસાટે સત્સંગ અને સત્પુરુષનો પક્ષ રાખી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું અહીં ભવ્ય સ્વાગત અને વિચરણ કરાવ્યું હતું. પંચમહાલ જિલ્લામાં સૌપ્રથમ સત્સંગની શરૂઆત અહીંથી થઈ હતી. ત્યારબાદ અહીં સંતો અને કાર્યકરોનું વિચરણ શરૂ થયું હતું. સન ૧૯૯૦માં ઘોઘંબા મંદિરમાં સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા હરિમંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. ત્યારથી પ્રતાપસિંહ બાપુએ ઘોઘંબાના પ્રથમ મંડળ સંચાલક તરીકે સેવા સંભાળી હતી. દૃઢ નિષ્ઠા સાથેનો સત્સંગ અને સત્પુરુષ સાથેનો હૃદયનો નાતો હોવાથી સ્વામીશ્રીએ આ પરિવારના સામાજિક પ્રસંગોમાં પણ પધારીને સ્નેહ વરસાવ્યો હતો. આમ, સત્સંગનો પક્ષ, નિયમ-ધર્મની દૃઢતા અને વ્યક્તિગત સત્સંગના ઊંડાણથી તેઓએ ગુણાતીત ગુરુવર્યોનો અઢળક રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## શ્રી એમ. એમ. ત્રિવેદી, ભાવનગર, ઉં.વ. ૯૬, તા. ૨૮-૨-૨૫



ભાવનગરના શ્રી એમ. એમ. ત્રિવેદી સાહેબ સન ૧૯૮૮માં પોલીસદળમાંથી નિવૃત્ત થયા બાદ સ્વામીશ્રીની આજ્ઞાથી અક્ષરવાડી મંદિર, સત્સંગપ્રવૃત્તિ અને છાત્રાલયની વિવિધ સેવાઓમાં સેવારત રહ્યા હતા. સત્સંગ અને સત્પુરુષમાં નિષ્ઠા, તેમજ આજ્ઞાપાલનમાં દૃઢ રહીને ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## શ્રી નટવરભાઈ પી. પટેલ, અમદાવાદ, ઉં.વ. ૮૭ , તા. ૨૭-૨-૨૫



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ખૂબ કૃપાપાત્ર નટવરભાઈને ત્યાં ૧૯૮૧ અને ૧૯૮૫માં બે દ્વિશતાબ્દી મહોત્સવોમાં કુલ એક મહિનો રોકાઈને સ્વામીશ્રીએ આ ભક્તરાજ અને પરિવાર પર ખૂબ કૃપા વર્ષાવી હતી. દૃઢ નિષ્ઠા, દૃઢ નિયમ-ધર્મ તેમજ સેવા-કથા-સત્સંગની દૃઢતાથી તેમણે ગુરુહરિનો ખૂબ રાજીપો મેળવ્યો હતો. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## શ્રી રમેશભાઈ એસ. પટેલ, અમદાવાદ, ઉં.વ. ૫૯, તા. ૩-૩-૨૫



મામાના હુલામણા નામે જાણીતા અમદાવાદના શાયોનાસિટી વિસ્તારના સંનિષ્ઠ હરિભક્ત રમેશભાઈ પટેલ વર્ષોથી સત્સંગમંડળમાં વિવિધ સેવામાં પ્રવૃત્ત રહ્યા હતા. પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવમાં ઉતારાવિભાગમાં વિશેષ તત્પરતાથી સેવાઓ કરી હતી. તન-મન-ધનથી સમર્પિત અને નિષ્ઠાવાન હરિભક્તે સૌને સત્પુરુષના મહિમાની વાતો કરીને ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. હાર્દિક શ્રદ્ધાંજલિ.

## શ્રી દશરથભાઈ પટેલ, નેનપુર, ઉં.વ. ૭૧, તા. ૨૧-૧૨-૨૪



નેનપુરના સંનિષ્ઠ ભક્તરાજ શ્રી દશરથભાઈએ વર્ષો સુધી સત્સંગ મંડળના સંચાલક અને ત્યારબાદ નિરીક્ષક તરીકેની જવાબદારી સાથે નેનપુર મંદિરમાં પૂજારી તરીકે પણ સેવાઓ આપી હતી. કેટલાંક વર્ષોથી તો ઘરની જવાબદારીઓમાંથી નિવૃત્ત થઈને સત્સંગ પરાયણ જીવન કરી તેઓ વિવિધ સેવામાં હોમાઈ ગયા હતા. ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કરનાર શ્રી દશરથભાઈને હાર્દિક શ્રદ્ધાંજલિ.







ઑસ્ટ્રેલિયાના સિડની મહાનગર ખાતે નૂતન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના પરિસરમાં યોજાયેલ મહાયજ્ઞ અને મૂર્તિપ્રતિષ્ઠાના અવસરે વિધિમાં રત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તેમજ હજારો હરિભક્તોનો વિશાળ સમુદાય.
(યજ્ઞ: તા. ૫-૩-૨૦૨૫, પ્રતિષ્ઠા: તા. ૧૬-૩-૨૦૨૫)

Swaminarayan Prakash Gujarati, April 2025, Published on 1-4-2025. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.










**ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્વામીશ્રીનાં દર્શને, ન્યૂઝીલેન્ડના વડાપ્રધાનશ્રી દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામનાં દર્શને...**

(૧) તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ઓસ્ટ્રેલિયામાં તા. ૧૫-૩-૨૦૨૫ના રોજ પુષ્પદોલોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ. આ પ્રસંગે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્થોની અલ્બેનીઝ તેમના મંત્રીઓ સાથે પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત રહી તેઓએ સંસ્થા દ્વારા ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવતાં સેવાકાર્યો તેમજ ભારતીય સંસ્કૃતિ અને નૂતન મંદિરને વધાવ્યાં હતાં. (૨, ૩) ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન શ્રી ક્રિસ્ટોફર લક્સન તા. ૧૮-૩-૨૦૨૫ના રોજ દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામનાં દર્શને પધાર્યા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી સંતોએ તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે ભાવવંદના કરીને તેમણે સૌ સમક્ષ અક્ષરધામની દિવ્ય અનુભૂતિ વર્ણવી હતી.



**Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas**